

સીરિયામાં એક લાખ લોકોનો નરસંહાર થયાની શંકા અસદના શાસનના અંત બાદ કબરો મળી

PAGE NO. 19

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 20 DECEMBER, 2024 Vol. 22, No. 50 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## અમીત શાહ દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર વિશે કરાયેલા વિધાનથી સંસદમાં ૩ દિવસથી હોબાળો

# સંસદ પરિસરમાં અફરાતફરી, બે સાંસદોને ઈજા

### કૂચ દરમિયાન શાસક અને વિરોધ પક્ષ વચ્ચે ઝઘડા અને સંઘર્ષના બનાવ, મામલો પોલીસ સુધી

**નવી દિલ્હી**

ગૃહ મંત્રી અમીત શાહ દ્વારા સંસદમાં બાબા સાહેબ આંબેડકર અંગે કરાયેલા નિવેદન બાદ ૩ દિવસથી વિપક્ષે જોરાદાર વિરોધ કરતા રાજકીય માહોલ ગરમાઈ ગયો છે. દરમિયાન ગુરુવારે સવારે ભાજપ અને વિરોધ પક્ષના સાંસદોએ સંસદ પરિસરમાં જ બૂમબરાડા પાડ્યા બાદ એકબીજાને ધક્કા મારતા બે સાંસદોને ઈજા થઈ હતી. જે બાદ બંને પક્ષે સામસામી ફરિયાદ પણ નોંધાવી હતી.

ગુરુવારે સવારે બંને પક્ષના સાંસદોએ સામસામી કૂચ યોજતા જ પરિસરમાં વાતવરણ ગરમાયું હતુ. કૂચ એકબીજાની નજીક આવતા અવાજ ઉગ્ર બન્યો હતો. ભાજપના સાંસદોએ સંસદના પ્રવેશ અને બહાર નિકળવાના રસ્તે જ દેખાવો શરૃ કરી દીધા હતા. બરાબર આ સમયે જ રાહુલ ગાંધી સંસદમાં જવા માટે ત્યાં પહોંચ્યા હતા. જે બાદ બંને પક્ષના સાંસદોએ ધક્કા મુક્કી કરતા અફરતફરી સર્જાઈ હતી.

સંસદની બહાર આજે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ધક્કામુક્કીને લઈને વિવાદ વધ્યો છે. હવે ભાજપે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર મહિલા સાંસદને ધક્કો મારવાનો આરોપ લગાવ્યો છે. જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે, 'કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અમારા સાંસદો સાથે ધક્કામુક્કી કરી હતી. અમારા બે સાંસદો ઈજાગ્રસ્ત થયા છે. નાગાલેન્ડ ભાજપના મહિલા સાંસદ ફાંગનોન કોન્યાકને રાહુલ ગાંધીએ ધક્કો માર્યો હતો.' આ ઉપરાતં સાંસદ પ્રતાપ ચંદ્ર સારંગીને ધક્કો મારી પાડી દેવામાં આવતા તેમને ઈજા થઈ હતી. સારંગીનું માથું ફુટી જતાં તેમને તથા મુકેશ રાજપૂતને હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટના બાદ કોગ્રેસે પ્રેસ કોન્ફરન્સ યોજી ભાજપ પર આક્ષેપ કર્યો કે સંસદમાં ખોટા નિવેદનો કરી ભાજપ મુળ મુદ્દાથી ધ્યાન બીજે લઈ જવા માંગે છે.



### કેજરીવાલે નીતિશ-ચંદ્રબાબુને પત્ર લખ્યો

કેજરીવાલે નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુને લખેલા પત્રને સાર્વજનિક પણ કર્યો છે. જેમાં તેમણે લખ્યું હતું કે, 'લોકોને એ વાતનો અહેસાસ થવા લાગ્યો છે કે, જે લોકો બાબા સાહેબનું સન્માન કરે છે તેઓ કયારેય ભાજપનું સમર્થન કરી શકે નહીં. બાબા સાહેબ માત્ર એક નેતા નથી, પરંતુ તેઓ રાષ્ટ્રની આત્મા છે. ભાજપના આ નિવેદન પછી લોકો તમારી પાસેથી અપેક્ષા રાખી રહ્યા છે કે, તમે આ મુદ્દે ઊંડાણપૂર્વક વિચારો.' અરવિંદ કેજરીવાલે એક દિવસ પહેલા ભાજપના હેડક્વાર્ટર પાસે પ્રદર્શન પણ કર્યું હતું.

### કોંગ્રેસના સાંસદોએ ફરિયાદ નોંધાવી

પહેલા ભાજપના અનુરાગ ઠાકુરે પોલીસ સ્ટેશનમાં જઈ ફરિયાદ કરી હતી. જે બાદ મહિલા સાંસદો સહિત કોંગ્રેસના સાંસદોનું એક પ્રતિનિધિમંડળ ભાજપ વિરુદ્ધ ફરિયાદ કરવા સંસદ માર્ગ પોલીસ સ્ટેશન પહોંચ્યું હતું. જ્યાં તેમણે લેખિત ફરિયાદ આપી હતી. આ કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું, ગઈકાલે એક દલિત નેતા સાથે જે રીતે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને આજે તેને ધક્કો મારવામાં આવ્યો હતો - તે બધું એક કાવતરું છે. ઝપાઝપીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ ઘાયલ થયા છે
























# જસ્ટિન ટ્રુડોની મુશ્કેલી વધી, હવે પોલીસે મૂક્યા ગંભીર આરોપ

## ખોટી નીતિઓને કારણે કેનેડામાં ગુનાહિત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળ્યું અને ડ્રગ્સનું દૂષણ વધ્યું હોવાની રાવ

ટોરન્ટો : કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સામે લોકોનો આક્રોશ વધી રહ્યો છે. પાર્ટીના સાંસદો તેમના રાજીનામાંની માગ કરી રહ્યા છે ત્યારે કેનેડાના પોલીસ એસોસિએશને પણ તેમના પર અવિશ્વાસ વ્યક્ત કર્યો છે. ટોરોન્ટો પોલીસ એસોસિએશન અને ડરહામ પ્રાદેશિક પોલીસ એસોસિએશને જાહેરમાં જસ્ટિન ટ્રુડોની નીતિઓ પર સવાલ ઉઠાવ્યા છે.

પોલીસ એસોસિએશનનો આરોપ છે કે ટ્રુડો સરકારની ખોટી નીતિઓને કારણે કેનેડામાં ગુનાહિત પ્રવૃત્તિને પ્રોત્સાહન મળ્યું છે. ગેરકાયદેસર હથિયારો અને ડ્રગ્સનો ફેલાવો વધ્યો છે. ગુનેગારોની ધરપકડ કર્યા પછી પણ તેઓને કોર્ટમાંથી તરત જ જામીન મળી જાય છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થા પર ઊંડી અસર પડી રહી છે. ટોરોન્ટો પોલીસ એસોસિએશને તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર જસ્ટિન ટ્રુડોની ટીકા કરતા કહ્યું કે ખોટા વચનો અને વાતોનો કોઈ અર્થ નથી, આ નીતિઓ સામાન્ય નાગરિકો અને અમારા સભ્યો સાથે કપટ છે. તેમજ તે હિંસક અપરાધ અને બંધૂકના ગુનાને પણ પ્રોત્સાહન આપે છે. જામીન મામલે સુધારણાનો અભાવ આપણા સમગ્ર સમાજને જોખમમાં મૂકે છે.

જયારે ડરહામ પ્રાદેશિક પોલીસ એસોસિએશને પણ ટોરોન્ટો પોલીસ એસોસિએશનને ટેકો આપ્યો હતો. જસ્ટિન ટ્રુડો પર અવિશ્વાસ વ્યક્ત કરીને તેમના રાજીનામાની માંગ કરી હતી અને કહ્યું હતું કે દેશમાં નવી ચૂંટણીઓ થવી જોઈએ.

ટીકાકારોનું કહેવું છે કે જસ્ટિન ટ્રુડો ખાલિસ્તાની આતંકવાદીઓના પ્રભાવમાં આવીને કાયદો અને વ્યવસ્થાને નબળી બનાવી રહ્યા છે. ખાલિસ્તાની સમર્થકો ગન કલ્ચર અને ડ્રગ્સના વેપારને પ્રોત્સાહન આપી રહ્યા છે.

તેમજ પોલીસ દ્વારા વડાપ્રધાન પર અવિશ્વાસ વ્યક્ત કરવો એ દર્શાવે છે કે કેનેડામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગંભીર બની છે. પોલીસ અને વડાપ્રધાન વચ્ચે અવિશ્વાસની આ સ્થિતિ ગુનેગારો સામેની કાર્યવાહીને વધુ જટિલ બનાવી રહી છે.

# મકાનના ભાડામાં વૃદ્ધિની ગતિ ધીમી પડી, એપાર્ટમેન્ટનું સરેરાશ ભાડું 5.4% સુધી ઘટ્યું




**ઓન્ટેરિયો**

કેનેડા મોર્ટગેજ એન્ડ હાઉસિંગ કોર્પો.નું કહેવું છે કે આ વર્ષે ભાડાની વૃદ્ધિની ગતિ નોંધપાત્ર રીતે ઠંડી છે. કારણ કે કેનેડાએ ત્રણ દાયકામાં હેતુ-નિર્મિત ભાડા પુરવઠામાં તેનો સૌથી મોટો હિસ્સો ઉમેર્યો છે. ભાડાની વૃદ્ધિમાં મંદી હોવા છતાં હાઉસિંગ એજન્સીએ જણાવ્યું હતું કે પોષણક્ષમતા તાણમાં છે. ભાડાના સ્ટોકમાં વધારો થવા પાછળ ઊંચા ભાવવાળા એકમો પૂર્ણ થવાને હોવાનું કારણ મુખ્ય છે. ફેડરલ હાઉસિંગ એજન્સીએ મંગળવારે એક અહેવાલમાં જણાવ્યું હતું કે હેતુ-નિર્મિત ભાડા એપાર્ટમેન્ટ્સ માટે ખાલી જગ્યા દર ઓક્ટોબરમાં 2.2 ટકા હતો, જ્યારે તેણે વાર્ષિક સર્વેક્ષણ હાથ ધર્યું હતું. જે ગયા વર્ષે 1.5 ટકાના વિક્રમી નીચા સ્તરે હતો. બે બેડરૂમના હેતુથી બનેલા એપાર્ટમેન્ટનું સરેરાશ ભાડું, જેનો CMHC તેના પ્રતિનિધિ નમૂના તરીકે ઉપયોગ કરે છે, તે 2023માં આઠ ટકાના વધારાની સરખામણીમાં 5.4 ટકા વધીને $1,447 થયો છે. જે રકમ ભાડૂતો તેમના એકમો માટે ચૂકવે છે તે વાસ્તવિક રકમનું પ્રતિનિધિત્વ કરે છે, એટલે કે સરેરાશ કિંમતો ઘણીવાર અન્ય અહેવાલોમાં સૂચિબદ્ધ કરતાં ઓછી દેખાય છે, જે મકાનમાલિકો દ્વારા નક્કી કરાયેલ સરેરાશ પૂછવા ભાડાને માપે છે. સીએમએચસીએ જણાવ્યું હતું કે જ્યારે એકમો ચાલુ થયા, ત્યારે ભાડામાં 23.5 ટકાનો વધારો થયો હતો, જે 2023ના દરની નજીક હતો. ટર્નઓવર એકમો પરના ભાડામાં વધારો 2024માં કુલ ભાડા વધારાના 40 ટકાથી વધુનો હિસ્સો ધરાવે છે. તે કહે છે કે કેનેડાના હેતુ-નિર્મિત ભાડાના એપાર્ટમેન્ટના પુરવઠામાં વર્ષ-દર-વર્ષ 4.1 ટકાનો વધારો થયો છે, જે 30 કરતાં વધુ વર્ષોમાં સૌથી વધુ વધારો છે. CMHCના ડેપ્યુટી ચીફ ઈકોનોમિસ્ટ તાનિયા બૌરાસા-ઓચોઆએ જણાવ્યું હતું કે, કેનેડિયન ભાડૂઆતો માટે પોષણક્ષમતા એ એક પડકાર છે, ખાસ કરીને નવા ભાડૂઆતો માટે કે જેમણે નોંધપાત્ર ભાડા વધારાનો સામનો કરવો પડ્યો હતો.

ટોરોન્ટોના મકાનમાલિકોએ ભાડામાં વધારો કરવા માટે “વધુ સાવધ અભિગમ” અપનાવ્યો હતો. તેણે એ પણ નોંધ્યું છે કે મોન્ટ્રીયલમાં ભાડાના એપાર્ટમેન્ટની પૂર્ણતા રેકોર્ડ પર સૌથી વધુ રહી છે. જે ખાલી જગ્યાના દરને વધુ દબાણ કરે છે, જ્યારે વાનકુવરમાં, ભાડાનો પુરવઠો પાછલા બે વર્ષ કરતાં ધીમી ગતિએ વધ્યો હતો.

# કેનેડાના નાયબ વડાપ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડના રાજીનામાથી ખળભળાટ

## વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો સાથે મતભેદ હોવાનો પણ મંત્રી ક્રિસ્ટિયા ફ્રીલેન્ડનો એકરાર

**ટોરોન્ટો**

કેનેડાના નાયબ વડાપ્રધાન અને નાણાં મંત્રી ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે સોમવારે અચાનક રાજીનામું આપી દીધું હતુ. તેમણે રાજીનામું આપતા કહ્યું કે, તેઓ હવે કેનેડા માટે શ્રેષ્ઠ માર્ગને લઈને વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોની સાથે સહમત નથી.

ફ્રીલેન્ડે ટ્રૂડોને એક પત્ર લખ્યો હતો, જેને તેમણે એક્સ પર પોસ્ટ કર્યો હતો. આ પત્રમાં તેણે લખ્યું હતુ કે, ‘છેલ્લા કેટલાક અઠવાડિયાથી તમે અને હું કેનેડાને આગળ વધારવાને લઈને અસમંજસમાં છીએ. જેથી હું હવે કામ કરી શકુ તેમ નથી. જેથી હું મારુ મંત્રી પદ છોડી રહ્યું છે. શુક્રવારે તમે મને કહ્યું હતું કે તમે મને નાણાં મંત્રી તરીકે રહેવા દેવા ઈચ્છતા નથી અને તમે મને કેબિનેટમાં અન્ય પદની ઓફર કરી હતી. કેનેડિયમ મીડિયા રિપોર્ટ્સના અનુસાર, ફ્રીલેન્ડ અને ટ્રૂડો વચ્ચે અસ્થાયી ટેક્સ બ્રેક્સ અને અન્ય ખર્ચના પગલાં માટે સરકારી પ્રસ્તાવ પર વિખવાદ થયો હતો. ઉલ્લેખનીય છે કે, કેબિનેટમાં ટ્રૂડોના સૌથી નજીકના સહયોગીઓમાં ફ્રીલેન્ડે નાણાં મંત્રીની સાથોસાથ નાયબ વડાપ્રધાન તરીકે પણ કામ કર્યું છે. ટ્રુડોની ઓફિસ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી.

ફ્રીલેન્ડની જગ્યાએ બેંક ઓફ કેનેડાના ભૂતપૂર્વ ગવર્નર માર્ક કાર્નેને આગામી નાણાં મંત્રી બનાવવામાં આવી શકે છે. જેઓ પહેલાથી જ ટ્રુડોના આર્થિક સલાહકાર તરીકે સેવા આપે છે.









# ગુજરાતી સિનીયર ગ્રુપ બ્રામ્પ્ટન દ્વારા ક્રિસમસ અને વિક્રમસંવત ૨૦૮૧ નવા વર્ષની ઉજવણી

## સભ્યોની બર્થ ડે અને લગ્નતિથિની ઉજવણી, ગરબા અને કલાકારો દ્વારા ગીતો ગવાયા, વિવિધ થીમ ઉપર નૃત્ય રજૂ કરાયું





બ્રામ્પ્ટન : ગુજરાતી સિનીયર ગ્રુપ બ્રામ્પ્ટન દ્વારા ક્રીસમસ અને વિક્રમસંવત ૨૦૮૧ નવા વર્ષની ઉજવણી કરાઈ હતી. ૧૫ ડીસેમ્બરના રોજ રોયલ્ટન પેલેસ ખાતે બપોરે યોજાયેલા કાર્યક્રમમાં સૌ પ્રથમ સૌને સ્વાદિષ્ટ ખીચુ-તેલ-સંભાર, સમોસા-ચટણી પીરસવામાં આવ્યા હતા. લંચ પછી કાર્યક્રમની શરૂઆત 'ૐ તત્ શ્રી નારાયણ' પ્રાર્થનાથી કરવામાં આવી હતી. દક્ષાબેન રાજાએ કમિટી મેમ્બર્સ, કીચનકમીટી, મેમ્બર્સ ભાઈ-બહેનોનું તથા મહેમાન કલાકાર રમેશભાઈ સોની અને પલક સોનીનું સ્વાગત કર્યું હતુ. આ સાથે તેમણે ક્રીસમસ અને વિક્રમસંવત ૨૦૮૧, નવા વર્ષની શુભેચ્છા આપી હતી. ત્યારબાદ થીમ મુજબ ભૂપેન્દ્રભાઈ ભટ્ટે શાંતા ક્લોઝના વસ્ત્રો પરિધાન સાથે આતા હે આતા હે સાંતા ક્લોઝ આતા હે ગીજ ઉપર પરેડ થતાં સૌ આનંદીત થઈ ગયા હતા. કનકબેન પંડ્યાએ "Jingte Bells..!! ગીત પર સુંદર કસરત કરાવી હતી. જ્યારે મનુભાઈ પટેલે સંસ્થાકીય માહિતી આપી ડોનેશનની જાહેરાત કરી હતી. હર્ષદભાઈએ આગામી જાન્યુઆરીની મીટીંગ ગોરમેડો લાયબ્રેરી ખાતે રાખી હોવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ આ માસમાં આવતી જે તે સભ્યોની બર્થ ડે અને લગ્નતિથિની ઉજવણી કરાઈ હતી. આ સાથે ચારુબેન દવે એન્ડ ગ્રુપે gracefully Christmas mashup songs પર ડાન્સ રજૂ કર્યો હતો. અરુણભાઈ દવેએ તેમના સુરીલા કંઠે બે ગીત રજૂ કર્યા હતા.

કુસુમબેન જગજીવને, Wish you Merry...!!" પર સુંદર ડાન્સ રજૂ કર્યો હતો. સવિતાબેન પટેલે તેમની રમૂજી શૈલીમાં જોક્સ કહી સૌને ખૂબ હસાવ્યા હતા. મેરા નામ ચીત ચીન ગીત પર સુંદર ડાન્સ કર્યો હતો. સુશીલાબેન જોષીએ 'મધુરાષ્ટકમ' સ્તોત્ર ઉપર આકર્ષક મુદ્રા સાથે નયનરમ્ય નૃત્ય રજૂ કર્યું હતુ. ભૂપેન્દ્રભાઈ - વિભાબેન એન્ડ ગ્રુપે "નવા વરસના જય શ્રી કૃષ્ણ" ગીત પર સમૂહ નૃત્ય રજૂ કર્યું હતુ. ત્યારબાદ ગીત-સંગીતના પ્રોગ્રામની શરૂઆત મહેમાન કલાકાર રમેશભાઈ સોની અને પલક સોનીએ ઈશ્વર વંદના સાથે કરી હતી. શ્રીકૃષ્ણ-સુદામા મિલન, શાંત ઝરૂખે જેવા ગુજરાતી ગીતો, ફિલ્મી ગીતો, વાયોલિન પર ફિલ્મી ગીતો પ્રસ્તુત કર્યા હતા. ગરબાની શરૂઆત સાથે જ બધી બહેનો ગરબે આનંદથી ઝૂમી ઉઠી હતી. ત્યારબાદ દક્ષાબેન રાજાએ તથા કમિટી મેમ્બર્સે રમેશભાઈ અને પલકને પુરસ્કૃત કરી તેમનું અભિવાદન કર્યું હતુ. અંતમાં દક્ષાબેન રાજાએ કમિટી મેમ્બર્સ, કીચન કમિટી, જીતુભાઈ પટેલ (રોયલ્ટન પેલેસ), રમેશભાઈ સોની, પલક સોની, અનીલભાઈ જેઠવા, અનીલભાઈ પટેલ (ફોટોગ્રાફી), શિલાબેન ને ગાંધી, જ્યોતિબેન શાહ, સૌ કલાકાર ભાઈ બહેનોનો તેમજ આવનાર સૌ સભ્યોનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. અંતે જમણમાં પૂરી, લાડવા, મેથીના ગોટા, દાળ-ભાત-શાક- વાલ - મીકસ શાક, અને પાપડ- પાપડી હતા. જ્યારે આગામી મીટીંગ 26 જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિન અને મકરસંક્રાતીની થીમ સાથે ગેરમેડોઝ લાયબ્રેરી ખાતે યોજવાની જાહેરાત સાથે કાર્યક્રમનું સમાપન થયું હતુ.

# કેનેડિયન શખ્સને ગાંજા સાથે મુસાફરી કરવા બદલ દુબઈમાં આજીવન કારાવાસની સજા

### 64 વર્ષીય વૃદ્ધને બીમારી હોવા છતાં જેલમાં નિયમિત દવા ન અપાતા પરિવાર ચિંતાતૂર

મિસીસાગા : મિસીસાગાનો એક માણસ 100 ગ્રામથી વધુ ગાંજાના ઉત્પાદનો સાથે મુસાફરી કરતા પકડાઈ ગયા બાદ તેને દુબઈમાં આજીવન કેદની સજા થઈ હતી. તેની પત્નીના જણાવ્યા મુજબ તે એડિસન રોગને લગતી ક્રોનિક પીડાનો સામનો કરવામાં મદદ કરવા માટે દવાનો ઉપયોગ કરી રહ્યો હતો. દુબઈના એરપોર્ટ અધિકારીઓને તેના સામાનમાંથી 50 ગ્રામ કેનાબીસ અને 60 ગ્રામ CBD તેલ મળી આવ્યા પછી મૌરિસ કેવિન ઓ'રર્કેની જુલાઈમાં કેનેડાથી દક્ષિણ આફ્રિકા જતા સમયે સંયુક્ત આરબ અમીરાતમાં ધરપકડ કરવામાં આવી હતી. પામેલા ઓ'રોર્કે કહે છે કે, તેના પતિનો કાયદો તોડવાનો કોઈ ઈરાદો નહોતો. ઓ'રર્કેને એડિસન રોગ છે, જે એક ઓટોઈમ્યુન ડિસઓર્ડર છે અને જે ચેપ માટે સંવેદનશીલ હોય છે, તેમ તેની પત્નીએ જણાવ્યું હતુ. તેની અટકાયત કરવામાં આવી ત્યારથી, તેણે ચેપ માટે બે સર્જરી કરાવી છે, તેને ખુલ્લા ઘા સાથે છોડી દેવાયો છે. તેની નિયમિત દવા મળી નથી, જેના કારણે તેના પરિવારને તેના સ્વાસ્થ્યની ચિંતા છે.

# બે મહિના સુધી GST નહીં લાગે : ફેડરલ સરકારની જાહેરાતથી લોકોને મોટી રાહત

**ટોરોન્ટો**

ફેડરલ GSTમાંથી બે મહિનાનો વિરામ શનિવારથી અમલમાં આવ્યો હોવાથી દુકાનદારો અને વ્યવસાયોએ આ પગલાં માટે હળવો ટેકો વ્યક્ત કર્યો હતો. મોન્ટ્રીયલમાં રેફીન બુકસ્ટોરના જનરલ મેનેજર પેટ્રિક નીઓલ્ટે જણાવ્યું હતું કે, સ્ટોર સુસંગત છે, તેની ખાતરી કરવા માટે તહેવારોની મોસમ દરમિયાન ચેઈનને કેટલાક સ્ટાફને ખસેડવો પડ્યો હતો. અમે છેલ્લા ત્રણ અઠવાડિયામાં સખત મહેનત કરી હતી. જેથી તે આજે સરળતાથી ચાલે છે અને તે અત્યાર સુધી સારું કામ કરી રહ્યું છે.

ઓટ્ટાવાની જાહેરાત જ્યારે પ્રથમ જાહેરાત કરવામાં આવી, ત્યારે તે સમાચાર માટે આવકારદાયક ન હતી. પરંતુ નૉલ્ટ ચોક્કસ નથી કે રિટેલર્સ અને દુકાનદારો માટેના લાભો આખરે વધારાના કામના સ્ટાફને મૂકવાના હતા તે કરતાં વધી જશે. ફેડરલ સરકારે તહેવારો દરમિયાન ચિંતાઓને હળવી કરવામાં મદદ કરવા પાંચ ટકા માલ અને સેવાકરને અસ્થાયી ધોરણે માફ કરવાની યોજનાની જાહેરાત કરી હતી. જેમાં સુમેળભર્યા પ્રાંતીય અને ફેડરલ સેલ્સ ટેક્સવાળા પ્રાંતોમાં સંપૂર્ણ HST માફ કરવામાં આવનાર છે. શનિવારે એક અખબારી યાદીમાં, ઈનોવેશન, સાયન્સ એન્ડ ઈકોનોમિક ડેવલપમેન્ટ કેનેડાએ જણાવ્યું હતું કે ઓટાવા તેમના બજેટ સાથે સંઘર્ષ કરી રહેલા કેનેડિયનોને મદદ કરવા માટે જે કરી શકે તે કરી રહ્યું છે. કમલ ખેરા (વિવિધતા, સમાવેશ અને વિકલાંગ વ્યક્તિ ખાતુના મંત્રી)એ રિલીઝમાં જણાવ્યું હતું કે આ કાપથી તહેવારોની મોસમમાં વારંવાર આવતા વધારાના ખર્ચમાં મદદ મળશે.

travel SERVICES
ONE-WAY SPECIAL OFFERS
الاتحاد
ETIHAD
13TH JANUARY 2025
TORONTO → ABU DHABI → AHMEDABAD
Best Rate
Available for Delhi & Mumbai
LIMITED SEATS AVAILABLE
WITH 2 BAGGAGE 23KG EACH
ALL TICKETS ARE NON-REFUNDABLE AND NON-CHANGEABLE
tico.ca
CALL FOR MORE DETAILS
IATA
DIPTESH PATEL +1 (647) 409-2976
905-790-8989 travelservices@bellnet.ca
2565 Steels Ave. E., Unit #20, Brampton, ON, L6T 4L6

તંત્રી સ્થાનેથી

# USમાં માસ ડિપોર્ટેશન પ્રોગ્રામ : 14 લાખ લોકોને મોકલવા તખ્તો તૈયાર



તંત્રી - સ્વદેશ

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીમાં કમલા હેરિસને પછડાટ આપી વિજય મેળવ્યા બાદ હવે તેઓ જાન્યુઆરી 2025માં વિધિવત રીતે સત્તાગ્રહણ કરનાર છે. અમેરિકામાં થયેલા આ સત્તા પરિવર્તન સાથે જ અનેક સમીકરણો પણ બદલાયા છે. ટ્રમ્પે અગાઉથી અમેરિકામાં ગેરકાયદે રહેતા લોકોને લોહીતરસ્યા અને ઝેરીલા અપરાધી ગણાવ્યા હતા. એટલું જ નહીં જો તેઓ સત્તા પર આવશે તો આ ગુનેગારોને આપણે લાત મારીને આપણા દેશમાંથી તગેડી મૂકીશું તેવું વચન પણ આપ્યું હતુ. ટ્રમ્પ હવે તેના વચનનો અમલ કરે તો લાખો લોકોએ તેના દેશમાં પરત ફરવું પડશે.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની પ્રમુખપદે તજપોશીને એકાદ મહિનો જ બચ્યો છે ત્યાં અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોનો મુદ્દો ફરી ગાજ્યો છે. યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટએ બહાર પાડેલા પ્રમાણે અહેવાલો મુજબ અમેરિકામાં ૧૪.૪૫ લાખ વિદેશીઓ કોઈપણ પ્રકારના દસ્તાવેજો વિના વસવાટ કરી રહ્યા છે. જેમાં ૧૭,૯૪૦ ભારતીયો છે. અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેનારા વિદેશીઓમાં ભારતીયો ૧૩મા નંબરે છે. હોન્ડુરાસ ૨.૬૧ લાખ સાથે પહેલા નંબરે અને ગ્વાટેમાલા ૨.૫૩ લાખના આંકડા સાથે બીજા નંબરે છે. ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓના લિસ્ટમાં ટોપ ૧૫ દેશોમાં ૧૩ દેશ એવા છે કે જેમની સરહદ અમેરિકા સાથે જોડાયેલી છે. બાકીના બે દેશ ભારત અને ચીન છે. જેમાં ચીનના ૩૭,૯૦૮ લોકો અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરી રહ્યાનો દાવો થઈ રહ્યો છે. એટલે કે અમેરિકા પાસે ગેરકાયદે વસવાટ કરનારાઓની યાદી છે તેમાં ભારતીયોની સંખ્યા તો ખૂબ ઓછી છે.

અમેરિકાના જસ્ટિસ ડીપાર્ટમેન્ટે બીજી યાદી પણ બહાર પાડી છે. આ યાદીમાં એવા દેશોનો સમાવેશ કરાયો છે કે, જે પોતાના નાગરિકોને પાછા લઈ જવામાં અમેરિકાને સહકાર આપતા નથી. આ યાદીમાં ભૂટાન, ક્યુબા, ઈરાન, પાકિસ્તાન, રશિયા અને વેનેઝુએલા અને ભારતનો સમાવેશ કરાયો છે. અમેરિકાના જસ્ટિસ ડીપાર્ટમેન્ટના કહેવા પ્રમાણે અમેરિકામાં અનેક દેશના લોકો ગેરકાયદે રહે છે. પરંતુ ગેરકાયદેસર નાગરિકોના ઈન્ટરવ્યુ લેવા, સમયસર મુસાફરી દસ્તાવેજો જારી કરવા અને કોમર્શિયલ અથવા ચાર્ટર ફ્લાઈટ્સ દ્વારા પોતાના નાગરિકોને વતન પાછા બોલાવવા સુધીની પ્રક્રિયામાં આ દેશોને રસ જ નથી.

અમેરિકાની સરકારે અત્યારે આ ૧૪.૪૫ લાખ વિદેશીઓનું શું કરવાનું છે તેનો ફોડ પાડયો નથી. પણ દેખીતી રીતે જ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ પ્રમુખ બને ત્યારે તેઓ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને પાછા મોકલી દેવાના એજન્ડાનો અમલ કરવા તૈયારી શરૃ કરી શકે છે. આમ પણ ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણી પ્રચાર દરમિયાન એલાન કર્યું હતુ કે, પોતે ફરી અમેરિકાના પ્રમુખ બનશે તો અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતાં લોકો સામે ''એલિયન એનિમીઝ એક્ટ લાગુ કરશે.'' એલિયન એનિમી એક્ટ હેઠળ કોઈ દેશ પોતાના નાગરિકોને ના સ્વીકારે તો તેમને જેલમાં ધકેલી દેવાની અમેરિકાના પ્રમુખને સત્તા છે.

અમેરિકામાં ઘણાં લોકોનું માનવું છે કે, તેમને ત્યાં ગેરકાયદેરહેતા વિદેશીઓએ અનેક સેકટરમાં કબજો કરી લીધો છે. જેને કારણે સ્થાનિક લોકોને નોકરી મળતી નથી. વેપાર ધંધામાં પણ ઝઝુમવુ પડે છે. એટલું જ નહીં પુરતી રોજગારી પણ મળતી નથી. એટલે હવે જો અમેરિકનો નહીં જાગે તો તેમને માટે આવનારા દિવસો કપરા બની શકે છે. ટ્રમ્પે અમેરિકનોની આ લાગણીનો પડઘો ચૂંટણી પ્રચારમાં સતત પાડ્યો હતો. અનેક અમેરિકનોએ ટ્રમ્પની આ બધી વાતોમાં આવીને તેમને ફરી પ્રમુખ બનાવી દીધા છે. તેથી ટ્રમ્પ હવે પોતે વચનબદ્ધ છે તેમ બતાવવા પણ ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓ પર જ ચાબૂક ચલાવી શકે છે. જસ્ટિસ ડીપાર્ટમેન્ટે યાદી બહાર પાડીને ટ્રમ્પનું કામ આસાન કરી દીધું છે. ટ્રમ્પ પહેલા જ દિવસે વિદેશીઓને તેમના દેશોમાં મોકલી શકે એ માટેનું ગ્રાઉન્ડ વર્ક તૈયાર છે. ટ્રમ્પે જે દેશો અમેરિકાને સહકાર નહીં આપે એ દેશોના માલસામાન પર આકરા કરવેરા લાદવાની ધમકી પણ આપી છે.

ટ્રમ્પના માસ ડીપોર્ટેશન પ્રોગ્રામથી ભારતમાં સનસનાટી છે. પણ વાસ્તવમાં ભારત માટે અમેરિકા સાથેના સંબંધો મજબૂત કરવાની મોટી તક અનાયાસે આવી ગઈ છે. ભારતે ટ્રમ્પના માસ ડીપોર્ટેશન કાર્યક્રમમાં સાથ આપીને અમેરિકા સાથેના સંબંધો સુધારવાની તક ઝડપી લેવી જોઈએ અમેરિકાએ આપેલી યાદીમાં જેટલા લોકોના ભારત સાથે કનેક્શનના પુરાવા હોય, તેમને ભારતે સ્વીકારી લેવા જોઈએ. અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયોએ ગુનો તો કર્યો જ છે. જેમની પાસે અમેરિકામાં રહેવા માટે કોઈ દસ્તાવેજ જ નથી, હવે આવા લોકોની તરફેણમાં આખા દેશનું હિત જોખમાતુ હોય તો તે યોગ્ય પણ નથી.

અમેરિકા ભારત ઉપર પ્રતિબંધો મૂકીને તેમને સ્વીકારવાની ફરજ પાડે તેના કરતાં ભારતે સામેથી તેમને સ્વીકારીને અમેરિકા સાથેના સબંધોને જાળવી રાખવા જોઈએ. ભારતમાં ભાજપ પ્રેમીઓ ભલે આર્થિક વિકાસની ડંફાશો મારતા હોય પણ ભારત હજુ પણ આર્થિક મોરચે અમેરિકા સહિતના દેશો પર નિર્ભર છે. સાયન્સ અને ટેકનોલોજીથી માંડીને વિદેશી રોકાણ સુધીની બાબતો માટે અમેરિકા પર અવલંબિત છીએ. આ સંજોગોમાં અમેરિકા સાથેના મજબૂત સંબંધો જરૂરી છે. ટ્રમ્પની અમેરિકામાં પ્રમુખપદે વાપસી થશે પછી અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ૭.૨૫ લાખ ભારતીયોનું શું થશે એ પણ સવાલ છે. અત્યારે અમેરિકાએ જે યાદી બહાર પાડી છે એ એવાં લોકોની છે કે જેમની પાસે તો કોઈ દસ્તાવેજો જ નથી. આવા ૧૮ હજાર લોકોમાં ગુજરાત, પંજાબ અને આંધ્ર પ્રદેશનાં લોકોની બહુમતી છે. આ લોકોને તો ટ્રમ્પ ભારત પાછા મોકલશે કે પછી જેલભેગા કરશે, એ નક્કી છે પણ બીજા ૭.૨૫ લાખ ભારતીયોનું ભાવિ પણ અધ્ધરતાલ છે. આ ભારતીયો એવા છે કે જે વર્ક વિઝા પર, ટ્રાવેલ વિઝા પર કે બીજી રીતે સત્તાવાર રીતે અમેરિકા ગયા હતા. પણ વિઝાની મુદત પૂરી થયા પછી પણ ભારત પાછા આવ્યા નથી. આ લોકો અમેરિકામાં જ રહે છે.

ટ્રમ્પ પ્રમુખ બનતાં જ આ ૭.૨૫ લાખ ભારતીયોમાં ફફડાટ વ્યાપેલો છે. રાજકીય વિશ્લેષકોના મતે, ટ્રમ્પની ગેરકાયદેસર રહેનારાં લોકોને કાઢી મૂકવાની વાતો ચુનાવી જુમલાથી વિશેષ કંઈ નથી. અમેરિકામાં ગેરકાયદે રીતે રહેનારા વિદેશીઓ અર્થતંત્રમાં બહુ મોટું યોગદાન આપે છે. ટ્રકો ચલાવવાથી માંડીને ગેસ સ્ટેશન પર નોકરી સુધીનાં કામો ઓછા દરમાં ગેરકાયદે રહેનારા લોકો જ કરે છે. અમેરિકનો તો આ બધાં કામ કરવા તૈયાર જ નથી. તેથી ગેરકાયદે રહેનારાંને તગેડી મૂકાય તો અર્થતંત્ર તૂટી પડે. આ સંજોગોમાં જેમની પાસે કોઈ ડોક્યુમેન્ટ નથી તેમણે પાછા આવવું પડશે. પણ બીજાંને રાહત મળી શકે છે.

manoj1968@yahoo. ca






# ફાઈનાન્સરની ઓફિસ ઉપર ફાયરિંગ કરાવનાર ગુરુમુખ ચીકલીગર અને મિત્ર યુપીથી ઝડપાયા

## નિવૃત્ત પોલીસકર્મીના ફાઈનાન્સર પુત્ર દિપક પવારે ઉધાર પૈસા આપવા ઈન્કાર કર્યો હતો

**સુરત**

સુરતના ઉધના વેલકમ પાનથી પિયુષ પોઈન્ટ તરફ જતા રોડ ઉપર આશીર્વાદ ટાઉનશીપ ગેટ નં.4 પાસે ઓફિસ ધરાવતા નિવૃત્ત પોલીસકર્મીના ફાઈનાન્સર પુત્ર દિપક સુરેશભાઈ પવાર ની ઓફિસ ઉપર ફાયરીંગ કરી બે અજાણ્યા ફરાર થઈ ગયા હતા.બનાવ અંગે ઉધના પોલીસે હત્યાનો પ્રયાસનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.દરમિયાન, તપાસમાં ખુલાસો થયો હતો કે ચાર વર્ષ અગાઉ ડીંડોલી પોલીસ મથકમાં હત્યાના ગુનામાં ઝડપાયેલો ગુરુમુખ ચીકલીગર દિપક પવાર પાસે વારંવાર ઉધાર પૈસા માંગતો હતો અને દિપક પવારે ઈન્કાર કરતા તેણે પોતાના પિતાને પૈસા લેવા મોકલ્યા હતા.દિપક પવારે તેમને અપમાનીત કરતા તેનો બદલો લેવા ગુરુમુખે તેના મિત્ર શુભમ ઉર્ફે માફીયા અને અન્યો પાસે ફાયરીંગ કરાવડાવ્યું હતું.

ઉધના પોલીસે ત્યાર બાદ અજય સંજય ગાયકવાડ, હિમાલય ઉર્ફે સની વિકાસ બોરસે, ગણેશ ઉર્ફે ગણીયો ઉર્ફે બટકો ચન્દ્રકાંત નીકમ અને અમૃતાંશ ઉર્ફે લુલીયા દિલીપસિંહ રાજપૂતની ધરપકડ કરી હતી.જયારે મુખ્ય સુત્રધારો ગુરુમુખ અને શુભમ ઉર્ફે માફીયા ફરાર હતા.દરમિયાન, ઉધના પોલીસની ટીમને ટેકનીકલ સર્વેલન્સમાં જાણવા મળ્યું હતું કે બંને ઉત્તરપ્રદેશના લાલગંજમાં છુપાયા છે.આથી ઉધના પોલીસની એક ટીમ ત્યાં પહોંચી હતી અને ગુરુમુખસીંગ ઉર્ફે ગુરુ ક્રિપાલસિંઘ ચીકલીગર અને શુભમ ઉર્ફે માફીયા ધીરેન્દ્રપ્રતાપસિંઘ રાજપૂને ઝડપી લીધા હતા. શુભમ ઉર્ફે માફીયા બે વર્ષ અગાઉ પાંડેસરા પોલીસ મથકમાં હત્યાના ગુનામાં ઝડપાયો છે.વધુ તપાસ પીઆઈ એસ.એન.દેસાઈ કરી રહ્યા છે.

# ભરૂચ હાઈવે પર ટોલટેક્સ વધારાના વિરોધમાં સ્થાનિક દ્વારા ચક્કાજામ

**ભરૂચ**

ભરૂચમાં નેશનલ હાઈવે નંબર 48 પર સ્થાનિક વાહન ચાલકો પાસેથી ટોલ વસુલવા આવતો હોવાની ફરિયાદ બાદ પણ કોઈપણ રકારની કાર્યવાહી કરવામાં ન આવતાં બુધવારે હાઈવે પર જામ કર્યો હતો. જેના લીધે વાહનોની લાંબી લાઈનો લાગી હતી.

ભરૂચ નર્મદા નદી પર જ્યારે ટોલ વસૂલવાની શરૂઆત કરવામાં આવી હતી, ત્યારે ભરૂચના સ્થાનિક વાહનોને ટોલમાંથી મુક્તિ આપવામાં આવી હતી. પરંતુ ફાસ્ટટેગ સિસ્ટમ લાગૂ થયા બાદ ભરૂચના સ્થાનિક વાહનોના ટોલ ઓટોમેટિક કપાઈ જતા હતા. જેથી ભરૂચના સ્થાનિક વાહનો માટ અલગથી લેન તૈયાર કરવામાં આવી હતી, પરંતુ સમય જતાં આ લેનમાં પણ ફાસ્ટટેગ સિસ્ટમ એક્ટિવ કરી દેવામાં આવતાં ફરીથી સ્થાનિક વાહનોનો ટોલ કપાવવા લાગ્યો હતો. જેથી સ્થાનિક વાહન ચાલકોએ હોબાળો મચાવતાં ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી હતી. પરંતુ હજુ સુધી ટોલ ટેક્સનો ઉકેલાયો ન હતો. ભરૂચ જિલ્લાની અલગ-અલગ કંપનીઓમાં કામ કરતા મજૂરો અને કામદારોના લઈ જવા લાવવા માટે ઉપયોગમાં લેવાતી લકઝરી બસો પાસેથી ટેક્સ વસૂલવામાં આવતો હોવાથી બુધવારે સ્થાનિક ટ્રાંસપોર્ટ સંચાલકો પોતાની લકઝરી મુલડ ટોલ પ્લાઝા પર ખડકી દીધી હતી.

# અબ્રામામાં વાસી સમોસા ખાતા 3ની તબિયત લથડી, મહિલાનું મોત થયું

**વલસાડ**

અબ્રામાના સાંઈલીલા મોલની પાછળ રહેતા મુન્નાભાઈની બિલ્ડિંગમાં ગુરદીપસિંગ હરદત્તસિંગ ભટ્ટી તેમના માતા પિતા, પત્ની સત્વિર કૌર અને તેમના સંતાનો હરમનસિંઘ, અસ્મીત કૌર અને રબજિતસિંઘ સાથે રહે છે. મંગળવારે બપોરે ગુરદીપસિંગની માતાએ તેને કોલ કરી પુત્રવધૂ સત્વિર કૌર, પૌત્રી અસ્મીતકૌર અને પૌત્ર રબજિતસિંગની તબિયત સારી નહિ હોવાનું જણાવી, પુત્રને ઘરે આવવા કહેતા ગુરદીપસિંગ વલસાડના કૈલશા રોડ ખાતે રહેતા તેમના મોટાભાઈ અમરિકસિંઘ સાથે ઘરે પહોંચ્યા હતા. આ સમયે પત્ની અને બે બાળકોની તબિયત અચાનક ખરાબ થઈ જતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સની વલસાડ સિવિલમાં લઈ જવાયા હતા. વધુમાં સારવાર દરમિયાન અસ્મિત કૌરનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ભટ્ટી પરિવારની મહિલાનું મોત ઝેરી પદાર્થ ખાવાથી થયું હોવાની અફવા ફેલાતા સિટી પોલીસ દોડતી થઈ હતી.

જે બાદ જાણવા મળ્યું કે, ગુરદીપસિંગના સંતાનોએ પરમ દિવસે સાંજે જે સમોસા લઈને આવ્યા હતા, તે મંગળવારે આરોગ્યા હતા.

# બ્રિટનમાં પ્રેમિકાની હત્યા કરનાર હવે સુરત લાજપોરની જેલમાં સજા કાપશે

**સુરત**

બ્રિટનમાં મંગેતરની હત્યા કરનારા આરોપી જીગુ કુમાર સોરઠીને બ્રિટિશ કોર્ટે દોષિત ઠેરવતા 28 વર્ષની જેલની સજા ફટકારી હતી.આ કેસમાં યુકે અને ભારત સરકાર વચ્ચે થયેલ સંધિ મુજબ આરોપીને સુરત જેલમાં ટ્રાન્સફર કરવામાં આવશે. જીગુ કુમાર સોરઠીએ 2020માં લંડનમાં ચપ્પુના ઘા મારી મંગેતર (ભાવિની)ની ઘાતકી રીતે હત્યા કરી હતી.

લંડનમાં રહેતા ભારતીય મૂળના 23 વર્ષીય યુવક જીગુ કુમાર સોરઠીને વાગદત્તાની હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. સુરતના રહેવાસી જીગુ સોરઠીને બ્રિટનની કોર્ટે 21 વર્ષીય ભાવિની પ્રવિણની ઘાતકી હત્યા માટે દોષી ઠેરવ્યા બાદ આ સજાનો નિર્ણય કર્યો હતો. કોર્ટની સજા બાદ જીગુને 28 વર્ષ સુધી જેલમાં રહેવું પડશે.

સુરતના રહેવાસી આરોપી જીગુને બ્રિટન કોર્ટ 28 વર્ષની સજા ફટકાર્યા બાદ અત્યાર સુધી તે લંડનની જેલમાં સજા ભોગવતો હતો. જોકે બંને દેશો વચ્ચે થયેલ કરાર બાદ આરોપી જીગુ હવે સુરતની જેલમાં સજા કાપશે. યુકેની કોર્ટમાં આરોપીના પરિવારે તેને ભારત જેલમાં ટ્રાન્સફર કરવાની મંજૂરી માંગી હતી. ચાર વર્ષ સુધી લંડનમાં સજા ભોગવ્યા બાદ સંધિ મુજબ ભારત આવેલ જીગુને સુરતની લાજપોર જેલમાં લઈ જવાયો હતો. ઉલ્લેખનીય છે જીગુ અને ભાવિનીએ 2017થી લંડનમાં સાથે રહેવાનું શરૂ કર્યું હતું. પહેલા બંનેનો વિચાર લગ્ન કરવાનો હતો, પરંતુ એક દિવસ બંને વચ્ચે થયેલા ઝઘડાના કારણે ભાવિનીએ લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આ વાતથી ગુસ્સે થઈને જીગુએ તેની બેરહેમીથી હત્યા કરી હતી અને બાદમાં પોલીસ સમક્ષ હાજર થઈ ગયો હતો.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો
-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી
-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# વડોદરાના વોર્ડ અને બુથ પ્રમુખોની ભાંજગડ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠન સામસામે

વડોદરા

સયાજીગંજ બેઠકમાં સંગઠન અને પૂર્વ, હાલના ચૂંટાયેલા પ્રતિનિધિઓ નામોના મુદ્દે આમને સામને આવી ગયા હતા અને ભાજપની ભાંજગડ નિરીક્ષકો સમક્ષ ખુલ્લી પડી હતી. સયાજીગંજ વિસ્તારમાં આગેવાને ભૂતકાળમાં જેની સામે પોલીસ કેસ થયા હોય કે પછી અન્ય કોઈ કૌભાંડમાં સંડોવાયેલા હોય તેવા નામો રજૂ કરતા વિવાદ થયો હતો.

રાવપુરા વિધાનસભા મતવિસ્તારમાં પૂર્વ મંત્રીની ફેન કલબના કેટલાક બુથ પ્રમુખોએ કેતન દરજી નામ રજૂ કરી નહી તો તમારી મરજી કહી નામ નક્કી કરવા રજૂઆત કરી હતી. ત્યારે વોર્ડ નંબર-14માં હાલના ધારાસભ્યના ટેકેદારનું નામ રજૂ કરી ફોર્મ પણ ભરાવવામાં આવ્યું પરંતુ પાછળથી અન્ય એક કાર્યકર્તાનું નામ નક્કી કરવાનું દબાણ આવતા તે કાર્યકર્તાનું ફોર્મ પરત ખેંચાવી લીધું હતું. ચાર દરવાજા વિસ્તારના પૂર્વ મંત્રીના અંગત ગણાતા અને તેને કારણે બદનામ થયેલા એવા એક કાર્યકર્તાએ ફોર્મ ભર્યું હતું તે રદ થયું હતું. માંજલપુર વિધાનસભામાં વોર્ડ નંબર-19માં ચૂંટાયેલા પ્રતિનિધિએ જે નામ મુક્યુ હતું તેની સામે સંગઠનમાંથી અન્ય કાર્યકર્તાનું નામ મુકવામાં આવતા વિવાદ સર્જાયો હતો. જેમાં ધારાસભ્યએ સ્પષ્ટ જણાવી દીધુ હતું કે, સંગઠન તરફથી જે નામ મુકાયુ છે તેણે કોઈ કામ કર્યું નથી જેથી તેનું નામ મુકશો નહીં. વોર્ડ નંબર-17-18માં પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ જે નામો મુક્યા હતા. તેમાં પણ વિવાદ સર્જાયા હતા. તેજ પ્રમાણે અકોટા વિધાનસભામાં વિસ્તારમાં વોર્ડ નંબર-10 માં પૂર્વ કોર્પોરેટરના પરિવારના સભ્ય હાલ હોદ્દો ધરાવે છે તેઓનું નામ રજુ કર્યુ તેની સામે સંગઠન તરફથી અન્ય કાર્યકર્તાનું નામ રજુ થતા વિવાદ સર્જાતા ત્રીજા કાર્યકર્તાનું નામ મુકવામાં આવ્યું હતું.

# USના વિઝા માટે બોગસ દસ્તાવેજો મામલે મહેસાણાના યુવાન સામે ગુનો

વડોદરા

અમેરિકાના વિઝા મેળવવા માટે બોગસ દસ્તાવેજો કથિત રીતે રજૂ કરવા બદલ પોલીસે મહેસાણાના યુવાન વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો

બલોલ ગામે રહેતો નિરંજનકુમાર દશરથભાઈ પટેલ (36) વિઝા માટે સોમવારે બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતેના યુએસ કોન્સ્યુલેટમાં આવ્યો હતો. કોન્સ્યુલેટના અધિકારીને પટેલના દસ્તાવેજોની ચકાસણી દરમિયાન અમુક વિસંગતિ જણાઈ હતી. તપાસ દરમિયાન અધિકારીને જાણવા મળ્યું હતું કે પટેલે અગાઉ કેનેડાના વિઝા માટે અરજી કરી હતી, પરંતુ તે સમયે યુએસના બનાવટી વિઝા રજૂ કરવાને કારણે તેની અરજી કાઢી નાખવામાં આવી હતી. જોકે યુએસના વિઝા મેળવવા માટે પટેલે ફરી બોગસ દસ્તાવેજો રજૂ કર્યા હોવાનું અધિકારીના ધ્યાનમાં આવ્યું હતું. આ બાબતે પટેલની પૂછપરછ કરવામાં આવતાં તેણે ત્રણ એજન્ટ સોનલ, ઉદય રાવલ અને પિયૂષ પટેલનાં નામ આપ્યાં હતાં. આ એજન્ટ્સે અમેરિકાના વિઝા મેળવવા માટે બોગસ દસ્તાવેજો તૈયાર કરવામાં મદદ કરી હોવાનો દાવો તેણે કર્યો હતો, એવું બીકેસી પોલીસે જણાવ્યું હતું. આ પ્રકરણે બીકેસી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# 6 લાખ સામે 15 લાખ વસુલી હેરાન કરતા વડોદરાના 5 શખ્સ ઝડપાયા

વડોદરા

ગોત્રી વિસ્તારમાં પંચમુખી હનુમાન મંદિર પાસે આર્યા ગોવર્ધન ખાતે રહેતા સૃષ્ટિરાજ પવારને વર્ષ 2017 માં કહેવાતા સામાજિક કાર્યકર ઘનશ્યામ ફુલ બાજે સાથે પરિચય થયો હતો. ઘનશ્યામે પોતે ફાઈનાન્સનો ધંધો કરતો હોવાનું જણાવી રૂપિયાની જરૂર હોય તો કહેવા માટે ઓફર કરી હતી. દુકાનદારે ધંધા માટે જુદા-જુદા સમયે ઘનશ્યામ પાસે કુલ રૂ.6 લાખ લીધા હતા અને તેની સામે 15 લાખથી વધુ રકમ ચૂકવી હતી. પરંતુ ત્યાર પછી પણ ઘનશ્યામ દ્વારા રૂપિયાની ઉઘરાણી કરવામાં આવતી હતી અને તેના માણસો પણ વેપારી પાસે રૂપિયા લેવા માટે જતા હતા. જેથી કંટાળેલા વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ ગુનામાં ગોત્રી પોલીસે ઘનશ્યામ પ્રભાકર ફૂલ બાજે (કલ્યાણ નગર,આજવા રોડ), ક્રિષ્ના ભીખાભાઈ કહાર (કહાર મહોલ્લો, ફતેપુરા), કિરણ રમેશભાઈ માછી (પટેલ ફળિયા, નાગરવાડા), સન્ની કમલેશભાઈ (ચિંતેખાનની ગલી, ગેડીગેટ દરવાજા) અને નરેન્દ્ર જગ મોહન પંડિત (આશીર્વાદ સોસાયટી, હરણી રોડ) ને ઝડપી પાડ્યા છે.

# વડોદરામાં ઘરમાં સુખ શાંતિ અને ગુપ્ત સોનાની લ્હાયમાં એક પરિવાર તાંત્રિકની જાળમાં ફસાયો

વડોદરા

ઘર કંકાસ દૂર કરવા અને સુખ શાંતિ અને સમૃદ્ધિ લાવવા માટે શોર્ટ કટ અપનાવવા જતા લે ભાગુ તાંત્રિક ટોળકીમાં ફસાયેલા એક શ્રમજીવીએ રૂ 18 લાખ ગુમાવ્યા હોવાનો કિસ્સો બન્યો છે.

વડોદરાના વાસણા ભાયલી રોડ ઉપર પંચમુખી વુડાનાં મકાનમાં રહેતા અને કલર કામ તેમજ પ્લમ્બિંગનું કામ કરતા આધેડ વયના અભેસિંગભાઈ ચૌહાણ પોલીસને કહ્યું હતું કે મારે સંતાનમાં એક યુવાન પુત્ર અને યુવાન પુત્રી છે. જેમાં પુત્રીના લગ્ન થઈ ગયા છે. વર્ષ 2017 માં મારુ ધંધો બરાબર ચાલતો ન હતો અને ઘરમાં પણ કંકાસ રહેતો હોવાથી એક જ્યોતિષ તાંત્રિક વિધિથી કોઈપણ નડતર, ઘર કંકાસ અને ગુપ્ત ધન કાઢી આપે છે તેવી જાહેરાત જોઈ તેને ફોન કર્યો હતો. અમદાવાદના તાંત્રિક દિનેશ જોષી એ શ્રમજીવીની કહાની સાંભળ્યા બાદ તેના ઘરનું સરનામું લીધું હતું અને વડોદરાના ગેંડા સર્કલ પાસે કુંજલ એપાર્ટમેન્ટમાં મારી ઓફિસ છે તેમ કહી શ્રમજીવીને વાતોમાં ફેરવ્યો હતો. 5 સપ્ટેમ્બર 2017ના રોજ દિનેશ જોશી શ્રમજીવી અભેસિંગભાઈ ને ઘેર આવ્યો હતો અને કામ ધંધો સારો ચાલે તે માટે પહેલી વાર 1100 રૂપિયામાં વિધિ કરી હતી. તેણે ભગવાનની મૂર્તિઓ તેમજ ખોપરીની માળાની પૂજા વિધિ કરી હતી. શ્રમ જેવી પરિવારને ફસાયેલો જોઈ તાંત્રિકે લાભ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, તમારા ઘરમાં ગુપ્ત ધન છે. જે નહીં નીકળે ત્યાં સુધી કંકાસ નહીં મળે અને ઘરમાંથી કોઈને જીવ ગુમાવવાનો પણ વારો આવશે. જેથી સમજી પરિવાર ગભરાઈ ગયો હતો. અને અભેસિંગભાઈએ તેના પુત્રને પુત્રીની રૂ 20,000 માં વિધિ કરાવી હતી.

# ઊંઝા APMCની ચૂંટણીમાં ભાજપનો મેન્ડેટ ધરાવતા આઠ મુરતિયા હાર્યા

## ચૂંટણીમાં ભાજપના જ જૂથ સામ સામે આવી ગયા



ઊંઝા

ચૂંટણી જાહેર થતાં જ કરોડો રૂપિયાનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા ઊંઝા એપીએમસીના વહિવટની ધૂરા સંભાળવા માટે ભાજપના ધારાસભ્ય કિરીટ પટેલ, પૂર્વ ચેરમેન દિનેશ પટેલ અને પૂર્વ મંત્રી નારાયણ પટેલના જૂથો આમને સામને આવી ગયા હતા.

ભાજપ સંગઠને ચૂંટણી સમરસ બનાવવા માટે કરેલ સમજાવટનો કોઈ પરિણામ મળ્યો ન હતો. ત્યારબાદ ખેડૂત વિભાગની 10 બેઠકો પર 20 અને વેપારી વિભાગની 4 બેઠકો ઉપર 16 મળી કુલ 36 ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં રહ્યા હતા.

ખરીદ વેચાણ વિભાગની એકમાત્ર બેઠક પરથી પૂર્વ ચેરમેન દિનેશ પટેલ બિન હરીફ થયા હતા. જોકે સમૃદ્ધ એપીએમસી પર કબજો મેળવવા ધારાસભ્યા કિરીટ પટેલ, પૂર્વ મંત્રી નારણ પટેલ, સંસદ સભ્ય સહિતના આગેવાનોએ પ્રદેશ કક્ષાએ મેન્ડેટ આપવા માટે પ્રેશર ટેકનિક અપનાવતા મોવડી મંડળ દ્વારા ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ બાદ એકાએક 14 ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યા હતા.

આજે પરિણામ જાહેર થતા ખેડૂત વિભાગમાં ધારાસભ્ય કિરીટ પટેલ જૂથના ભાજપના મેન્ડેટ ધરાવતા પાંચ જ્યારે ખેડૂત વિભાગમાં ભાજપનું મેન્ડેટ ધરાવતા પૂર્વ મંત્રી નારણ પટેલના જૂથમાં પૌત્ર સહિત બે ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો હતો.

### ઈફકોની ચૂંટણી વખતે પણ જયેશ રાદડીયાએ મેન્ડેટ માન્યો નહોતો

ઊંઝા યાર્ડની ચૂંટણીમાં ભાજપ સમર્થિત ઉમેદવારોનો પરાજયથી ફરે એકવાર ભાજપના સહકારી ક્ષેત્રે ધરાર અપાતા મેન્ડેટનો ફજેતો થયો છે. હજુ છ માસ પહેલા જ ઈફકોના ડાયરેક્ટરની ચૂંટણીમાં ભાજપના ધારાસભ્ય જયેશ રાદડીયા વિરુદ્ધ અમદાવાદના બીપીન પટેલ (ગોતા) તરફી ભાજપે મેન્ડેટ આપતા રાદડીયાએ ઈફકોમાં જ્વલંત વિજય મેળવીને ભાજપના મેન્ડેટનું સૂરસૂરિયુ કરી નાંખ્યું હતું અને આમ છતાં સહકારી ક્ષેત્રે પ્રદેશ ભાજપની દરમિયાનગીરી જારી રહી છે. ભાજપના મેન્ડેટવાળાની હાર થઈ હતી એટલે આના પછી તુરંત આવેલી નાફેડના ડાયરેક્ટરની ચૂંટણીમાં પ્રદેશ ભાજપે મેન્ડેટ આપવાનું ટાળીને બંધબારણે ગોઠવણી કરવી પડી હતી.

# વસો તાલુકામાં 65 વર્ષીય વૃદ્ધા સાથે દુષ્કર્મ આચરનાર શખ્સને આજીવન કેદની સજા

## દોઢ વર્ષ પહેલા વૃદ્ધાને ગળું દબાવી ઘરની પાછળ દુષ્કર્મ આચર્યું હતું

નડિયાદ

વસો તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં દોઢેક વર્ષ પહેલા એક શખ્સે ૬૫ વર્ષીય વૃદ્ધાની એકલતાનો લાભ લઈ ઢસડીને ઘર પાછળ લઈ જઈ, દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે માતર પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ કોર્ટમાં કેસ દાખલ થયો હતો. જેમાં ખેડા જિલ્લા સેશન્સ કોર્ટ, નડિયાદે શખ્સને આજીવન કેદની સજા ફટકારી છે. તેમજ પીડિતાને વળતર પેટે રૂ.૪ લાખ ચૂકવવા આદેશ કર્યો છે. વસો તાલુકાના એક ગામમાં રહેતાં ૬૫ વર્ષીય વૃદ્ધા દોઢેક વર્ષ પહેલા ઘરે એકલાં હતાં. તે સમયે તેમની એકલતાનો લાભ લઈ અરવિંદ ઉર્ફે કટિલો ચુનારા (ઉ.વ.૩૪)એ વૃદ્ધાનું ગળું પકડીને ઢસડીને ઘરની પાછળ લઈ ગયો હતો. તેમજ તેણીના ગાલ પર બચકાં ભરી, નીચે પાડી દઈ દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે માતર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તા.૧૮ જુલાઈ ૨૦૨૩ના રોજ શખ્સની અટકાયત કરી શખ્સને કોર્ટમાં રજૂ કર્યો હતો. આ અંગે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. તાજેતરમાં આ કેસ જિલ્લા સેશન્સ કોર્ટમાં ચાલી ગયો હતો. જજે વકીલની દલીલો અને મૌખિક-લેખિત પુરાવાઓને ધ્યાને લઈ અરવિંદ ઉર્ફે કટીલો ચુનારાને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા ફટકારી રૂ.૫૧ હજારનો દંડનો હુકમ કર્યો છે. તેમજ પીડિતાને વળતર પેટે રૂ.૪ લાખ ચૂકવવા આદેશ કર્યો છે.

શિવશ્રદ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-9924634078
www.shivshraddhaastrologer.com

# મંદિરના નામે જમીન ખરીદીવાને બહાને ત્રણ કરોડની છેતરપિંડી

## ખેડૂતને જમીન પર ગૌશાળા અને મંદિર બનાવવામાં આવશે તેમ કહી જસ્મીન માઢક પાસે રૂપિયા લઈ દસ્તાવેજ કરી લીધા

**રાજકોટ**

જમીન દલાલ સુરેશ ઘોરીએ ખેડૂતને તેની જમીન પર ગૌશાળા અને મંદિર બનાવવામાં આવશે તેમ કહી જસ્મીન માઢક પાસેથી રૂપિયા લઈ દસ્તાવેજ કરી લીધા. પરંતુ નક્કી કર્યા મુજબ જમીન વેચાણના ૩ કરોડ રૂપિયા ના આપતા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ દહેગામ પાસે રહેતા એક ખેડૂતે જમીન દલાલને મંદિર બનાવવા તેમની જમીન વેચી. દહેગામ નજીક લીંબા ગામની ૫૧૦ વીઘા જમીન ઉપર ગૌશાળા અને ભવ્ય મંદિર બનાવવામાં આવશે તેમ જમીન દલાલે સુરેશ ઘોરીએ કહ્યું અને આ સોદો ૩ કરોડ રૂપિયામાં નક્કી કર્યો હતો. ખેડૂતને પોતાની જમીન પર ગૌશાળા અને મંદિરના સારા ઉપયોગમાં આવતા વધુ કિમંત થતી હોવા છતાં ૩ કરોડમાં વેચાણ કરવા મંજૂરી આપી. ખેડૂત અને જમીન દલાલ વચ્ચે વેચાણનો સોદો નક્કી થયો. અને આ જમીન ખરીદીનો બાનાખત જસ્મીન માઢક સાથે કરવામાં આવ્યો હતો. જો કે જસ્મીન માઢકને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલુમ પડતા ફરિયાદ નોંધાવી હતી. તેમજ છેતરપિંડીની જાણ થતા જસ્મીન માઢકની સાથે ખેડૂતે પણ ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

મંદિરના નામે જમીન ખરીદીને લઈને રૂ. ૩ કરોડની છેતરપિંડી કરનાર જમીન દલાલ લાંબા સમયથી ફરાર હતો. જો કે ફરિયાદ બાદ પોલીસે કાર્યવાહી કરતાં હાલમાં સુરેશ ઘોરી પોલીસના સકંજામાં છે. પોલીસે છેતરપિંડીને લઈને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી સાથે આરોપીને કોર્ટમાં રજુ કર્યો. કોર્ટે આરોપીને ૧૦ દિવસના રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો. રાજકોટ, અમદાવાદ સહિતના શહેરોમાં અનેક લોકોએ સ્વામીઓ અને સ્વામીઓના સાગરિત વિરુદ્ધ સમાન પ્રકારની ફરિયાદ કરી છે.

# વાહન ચોરીનો આરોપી 21 વર્ષ બાદ સાધુના વેશમાં રાજસ્થાનથી પકડાયો

**સુરત**

રાજસ્થાન જિલ્લાના બાલોતરા તાલુકાના શિવાના નજીક આવેલા સિણેરી ગામનો રહેવાસી એવો સેલ્સીંગ રામસિંહ ગોવૈયા જે સુરતમાં મજૂરીકામ માટે આવીને વસ્યો હતો. ૨૦૦૩માં તેણે તેના ચાર મિત્રો સાથે સુરતના વરાછા વિસ્તારમાંથી એક ટુ-વ્હીલર ગાડીની ચોરી કરી હતી. જોકે આ ગુનામાં બે આરોપીઓ જે તે સમયે પોલીસે ઝડપી પાડયા હતા. ત્યારે અન્ય બે આરોપી પોલીસ પકડથી દૂર હતા.પોલીસને માહિતી મળી હતી કે આરોપી પોતાના વતન ખાતે જતા રહ્યા બાદ નજીકના એક ગામમાં મંદિર બનાવી આ મંદિરમાં સાધુ તરીકેનું જીવન જીવે છે. આ વાતને આધારે સુરત ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ રાજસ્થાન ખાતે પહોંચી હતી અને આરોપીને ગુના કર્યાને ૨૧ વર્ષ બાદ ઝડપી પાડી તેને સુરત ખાતે લઈ આવી હતી.આરોપીની પૂછપરછ કરતા તેણે કરેલા ગુનાની કબુલાત કરી હતી અને તે પોલીસથી બચવા માટે સાધુનો વેશ ધારણ કરીને પૂજારી રહેતો હોવાની કબુલાત કરી હતી.

# લાકોદરા ગામે પાસે અજાણ્યા વાહને 3 જૈન સાધ્વીને મારી ટક્કર મારતા ઈજા



**અમદાવાદ**

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. ત્યારે વડોદરામાં ફરી એક વખત અકસ્માતની ઘટના સામે આવી છે. વડોદરાના લાકોદરા ગામ પાસે અજાણ્યા વાહને ૩ જૈન સાધ્વીને ટક્કર મારી હોવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી અનુસાર ૫ જૈન સાધ્વી વિહાર કરી રહ્યાં હતા, ત્યારે પુરપાટ ઝડપે આવતા વાહને ૩ સાધ્વીને ટક્કર મારતા તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ત્રણેય જૈન સાધ્વીઓને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

બીજી તરફ આ અગાઉ ભાવનગરમાં ખાનગી બસ ડમ્પર પાછળ ઘુસી જતા ૬ લોકોના મોત થયા હતા. એપલ ટ્રાવેલ્સની બસ સુરતથી રાજુલા જઈ રહી હતી તે સમયે આ ઘટના બની હતી. જો સમગ્ર ઘટનાની વાત કરીએ તો વહેલી સવારે ત્રાપજ બાય પાસ પર બસ ડમ્પર પાછળ ઘુસી જતા ઘટના સ્થળે જ ૩ બાળકો અને ૧ મહિલા સહિત ૬ના મોત થયા હતા. જ્યારે ૧૯ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સર્જાતા સ્થાનિકો દ્વારા તાત્કાલિક ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ત્રાપજ પાસે ડમ્પર સાથે બસ અથડાતાં 6ના મોત, 16ને ઈજા

## સુરતથી રાજુલાના કાતર-કોટડી રૂટ પર પહેલી વખત સ્લીપર બસ લઈને આવેલાં ડ્રાઈવરને ઘુમ્મસના કારણે બંધ ટ્રક ન દેખાયો

**ભાવનગર/ તળાજા**



સુરતથી માદરે વતન પરત આવવાં નિકળેલાં ભાવનગર જિલ્લાના મહુવા, અમરેલીના રાજુલા તથા ગીરગઢડા પંથકના મુસાફરો માટે મંગળવારની પરોઢ અમંગળ સાબિત થઈ હતી. સોમવારે રાત્રે સુરતથી એપલ ટ્રાવેલ્સની લકઝરી સ્લીપર બસ નં.જીજે .૧૪.ઝેડ .૦૪૬૮ બસમાં મુસફારો ભરીને ચાલક વલ્લભભાઈ સોંડાભાઈ મકવાણા એ બસ ઉપડી હતી. જે આજે સવારે વાયા ભાવનગર થઈ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કાતર-કોટડી ગામે પહોંચવાની હતી.દરમિયાનમાં આજે વ્હેલી સવારના ૫:૪૫ કલાક આસપાસ ભાવનગર-સોમનાથ નેશનલ હાઈ-વે પર સ્લીપર બસ ત્રાપજ નજીક પહોંચી ત્યારે ત્રાપજ ગામ તરફ જવાના માર્ગ પર સતિઆઈ માતાના મંદિરના બોર્ડની સામે જ બંધ અવસ્થામાં પડેલાં રેતી ભરેલાં ડમ્પર નં.જીજે.૨૭. ટીડી.૭૯૨૧ની પાછળ ધડાકાભેર ઘુસી ગઈ હતી.આ અકસ્માત એટલો ગંભીર હતો કે, ધડાકાભેર સર્જાયેલાં અકસ્માતની ગુંજ નજીકના ત્રાપજ ગામ સુધી સંભળાઈ હતી. જયારે, બીજી તરફ બંધ ડમ્પરની પાછળ ઘુસી ગયેલી સ્લીપર બસની ડ્રાઈવર સાઈડની અર્ધી બસના કુરચા ઉડી ગયા હતા. કડકડતી ઠંડી વચ્ચે સર્જાયેલાં આ અકસ્માતના પગલે સ્લીપર બસમાં મીઠી નિંદર માણી રહેલાં મુસાફરો બસની અંદર અને બહાર ફેંકાયા હતા.જેના કારણે શાંત નેશનલ હાઈ-વે મુસાફરોની બૂમાબૂમ અને ચિચિંયારીઓથી ગુંજી ઉઠયો હતો. અકસ્માતના પગલે બસમાં સવાર ત્રણ બાળકો, બે મહિલા અને એક પુરૂષ મળી કુલ છ મુસાફરના ગંભીર ઈજાના કારણે મોત નિપજ્યા હતા. તમામ મૃતકો મહુવા, રાજુલા અને ગીર ગઢડાના હોવાનું જાણવા મળેલ છે. જયારે, બસના ડ્રાઈવર અને કન્ડકટર અને અન્ય ૧૪ મુસાફર સહિત ૧૬ લોકોને ઈજા થઈ હતી.

મૃતકોમાં ખુશીબેન કલ્પેશભાઈ બારૈયા, જયશ્રીબેન મહેશભાઈ નકુમ વાઘનગર, તમન્નાબેન ભરતભાઈ કવાડ, ગોવિંદભાઈ ભરત કવાડ, છગનભાઈ કાળાભાઈ બલદાણીયા અને ચતુરાબેન મધુભાઈ હડિયાનો સમાવેશ થાય છે.

# ભુજમાં ગુનો નોંધાયાના ત્રણ મહિના પછી ભાજપના નગરસેવકની ધરપકડ

**ભુજ**

હુમલો કરવાની સાથે જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનાહિત કિસ્સાના લગભગ સાડા ત્રણ મહિના બાદ એસસી/એસટી સેલને ભુજના ભાજપના નગરસેવકની ધરપકડ કરવાની ફરજ પડી હતી.

આ ગુનો નોંધાયા બાદ આરોપી ધર્મેશ ગોર ખુલ્લેઆમ ફરતો હોવાની અને ફરિયાદ પરત ખેંચાવવા માટે એડી ચોટીનું જોર લગાવતો હોવાની વારંવાર રજૂઆતો છતાં છેલ્લાં સાડા ત્રણ મહિનાથી સેલ તેને પકડતો નહોતો. આખરે ફરિયાદીએ આઈજી રેન્જની કચેરીમાં રજૂઆત કર્યા બાદ આરોપીની ધરપકડ કરી હતી.

ભુજના નગરસેવક ધર્મેશ સુભાષ રાજગોર (જોષી)એ ભુજના લાયન્સ નગરમાં રહેતા ૪૭ વર્ષિય રમેશભાઈ વણકર પર મુંદરા રોડ પર ચાની હોટેલ પર હુમલો કર્યો હતો. ફરિયાદી હોટેલ બહાર મિત્ર જોડે કારમાં બેઠાં બેઠાં ચા પીતાં હતા. એ વખતે બ્લેક સ્કોર્પિયો લઈને આવેલા ધર્મેશ ગોરે આગળ પડેલી ઈકો કારને સાઈડમાં હટાવવા માટે એકધારા હોર્ન માર્યા હતા. બાદમાં કારમાંથી પાઈપ લઈને બહાર નીકળીને ફરિયાદી પર હુમલો કર્યો હતો.

# લોધિકાના વડવાજડી ગામે પત્ની, સસરા અને બે સાળાના ત્રાસથી કંટાળી યુવાનનો આપઘાત

## બે પાનાંની સ્યુસાઇડ નોટ મળી આવી, મૃતકને તેની પુત્રી સાથે પણ મળવા દેતા નહીં

**રાજકોટ**

કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાછળ પરિવાર હાઉસિંગ સોસાયટીમાં રહેતા મહેશ કરશનભાઈ વિંઝુડાએ પત્ની હેતલ, સસરા કરશનભાઈ બાટા, સાળા કમલેશ અને વિમલના ત્રાસથી કંટાળી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનો બનાવ ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં જાહેર થયો છે.

મૃતકના ભાઈ પિયુષ ઉર્ફે પોલો (ઉ.વ.૨૪)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેના ભાઈ મહેશના લગ્ન બાદ તે તેની સાથે મેટોડામાં રહેતો હતો. તેનો ભાઈ અને તે કારખાનામાં કામ કરતા હતા. લગ્ન બાદ નાની-નાની બાબતમાં તેના ભાભી ભાઈ સાથે ઝઘડો કરી માવતરે જતા રહેતા હતા. છેલ્લા બે વર્ષથી પરિવાર સોસાયટીમાં રહેવા આવ્યા હતાં. દોઢેક વર્ષ પહેલા તેના ભાઈનો મોબાઈલ ખરાબ થતાં તેની ભાભી પાસે ફોન માંગ્યો હતો પરંતુ તેણે ફોન આપ્યો ન હતો. જેને કારણે ઘરમાં ઝઘડો થયો હતો અને તેની માતાને ઝાપટો મારી હતી. ત્યારથી તેની ભાભી રિસામણે છે. આ પછી તેના ભાભીએ તેના ભાઈ ઉપર ભરણપોષણનો કેસ કર્યો હતો. એટલું જ નહીં તેના ભાભી તેના ભાઈને પુત્રીને પણ મળવા દેતા નહીં. તેનો ભાઈ ભાભી અને દીકરીને લેવા વડવાજડી ગયો ત્યારે તેને તેના સાળા કમલેશ, વિમલ, સસરા કરશન અને તેના ભાભીએ મળી મારકૂટ કરી હતી.

# વિજરખી ગામે જૂની તકરારનું સમાધાન કરવા ભેગા થયેલાં બે જૂથ વચ્ચે મારામારી, 4 ઘાયલ

## બન્ને પક્ષના મળી 15 શખ્સો સામે ફરિયાદઃ એક જૂથનાં બે ટુ-વ્હીલરને આગ ચાંપી

**જામનગર**

જામનગર નજીક વિજરખી ગામમાં આવેલી એક પાનની દુકાને જુની તકરારનું સમાધાન કરવા માટે એકત્ર થયેલા વિજરખી અને આલિયાવાડા ગામના બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી, અને સામ સામે હુમલા થયા હતા. જે મામલે બંને પક્ષે સામ સામે હુમલાની ફરિયાદ નોંધાવાઈ છે, વિજરખી ગામમાં રહેતા અને પાનની દુકાન ચલાવતા ભરત કારાભાઈ સરસિયા નામના યુવાને પોતાની દુકાને જૂની અદાવતનું સમાધાન કરવા માટે આવેલા આલિયાબાડા ગામના અજય મકવાણા, કિશન મકવાણા, રાયધન મકવાણા અને તેના એક સાગરીતે તકરાર કર્યા પછી દુકાનદાર અને તેના એક મિત્રને માર મારી તોડફોડ કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે. જયારે સામા પક્ષે અલીયાબાડા ગામના નરેશ નાગજીભાઈ પરમારે પોતાના ઉપર તેમજ પોતાની સાથે ઉભેલા અન્ય એક વ્યક્તિ પર હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે તેમજ પોતાના એક્ટિવા અને રાયધનભાઈના યામાહા મોટર સાયકલ પર પેટ્રોલ છાંટી સળગાવી નાખવા અંગે વીજરખી ગામના ભરત કારાભાઈ સરસીયા, કારાભાઈ ખેંગારભાઈ સરસિયા, પરબતભાઈ સરસીયા, રમેશભાઈ હરિભાઈ, અશ્વિન ખેંગારભાઈ, બાબુભાઈ સરસિયા, મૈયાભાઈ સરસીયા, મનસુખભાઈ સરસીયા, સંજયભાઈ સરસિયા, કારાભાઈ સરસિયા વગેરે ૧૧ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં સ્પા મસાજની હાટડીઓ બંધ કરાવવા મહિલાઓ રણચંડી બની

**અમરેલી**

અમરેલી શહેરમાં કેટલાક રહેણાંક વિસ્તારો અને એપાર્ટમેન્ટમાં સ્પા મસાજનો ધંધો ચાલકો હોવાથી સ્થાનિક રહીશોએ વિરોધ નોંધાવ્યો હતો. મંગળવારે વિરોધ નોંધાવ્યા બાદ આજે ફરી અમરેલીમાં મહિલાઓએ સ્પા મસાજ સેન્ટરો બંધ કરાવવા માટે રણચંડી બની ઉગ્ર સ્વરૂપ બતાવ્યું હતું. મહિલાએ સ્પા મસાજના બોર્ડ અને પોસ્ટરો સળાવ્યા હતા અને સુત્રોચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસનો કાફલો દોડી આવ્યો હતો.

મહિલાઓએ આજે અમરેલીમાં સ્પા મસાજની હાટડીઓને ખુલવાની દીધી ન હતી. મામલો ઉગ્ર બનતાં અમરેલી એસપી સંજય ખરાતે ચેકિંગ અને રેડ પાડી હતી અને હાલ સ્પા મસાજ સેન્ટરો બંધ રાખવાની સૂચના આપી છે. આ ઉપરાંત આગામી દિવસોમાં કેટલાક નીતિ નિયનો સાથે નોટિફિકેશન અથવા જાહેરનામું બહાર પાડવા માટેની પ્રોસેસ શરૂ કરવામાં આવી છે.

સમગ્ર મામલે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે કહ્યું હતું કે રેસિડન્ટ વિસ્તારમાં સ્પા મસાજ સેન્ટર બંધ કરાવવા નગરપાલિકાને પણ સૂચના આપવામાં આવી છે.

# જામનગરમાં વધુ એક રોકાણ કરાવતી કંપનીએ લોકોને કરોડોનો ચૂનો ચોપડ્યો

## છ વર્ષે રૂપિયા બમણા આપવાની જાહેરાત હતી, એજન્ટોના ઓફિસમાં ધામા

**જામનગર**

જામનગરમાં યુનિક સ્વયમ મલ્ટીસ્ટેટ મલ્ટીપર્પઝ કો.ઓ.સોસાયટી લી.માં ઊંચા વળતર ની લાલચે રોકાણ કરવાની લોભામણી સ્કીમમાં જામનગર શહેર અને આસપાસના વિસ્તારના અનેક લોકોએ પોતાની કરોડોની રકમ ગુમાવી હોવાનો વારો આવ્યો છે. કંપનીના મુખ્ય હોદ્દેદારોએ નાણાં ચૂકવવામાં હાથ ખંખેરી લેતાં રોકાણકારો તેમજ 1500થી વધુ એજન્ટો ફસાયા છે, અને એજન્ટોની ટીમે અમદાવાદની ઓફિસમાં ધામા નાખ્યા છે. ઉપરાંત એજન્ટના ઘરે રોકાણકારો પહોંચીને મારામારી તેમજ જે હાથમાં આવ્યું તે ઝુંટવી લેવાના પણ કિસ્સા બન્યા હોવાનું સામે આવ્યું છે. રાજ્યમાં વધુ એક ખાનગી કંપનીમાં નાણા રોકાણનાની લાલચે ચીટીંગનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં સૌથી વધુ રોકાણકારો જામનગર પંથકના નાગરિકો હોવાનું જાણવા મળી રહ્યું છે, અને તેમાં કરોડો રૂપિયાની રકમ સલવાઈ ગઈ છે. જામનગરમાં આવેલી યુનિક મર્કન્ટાઈલ ઈન્ડિયા લિમિટેડ નામની ખાનગી કંપનીની બ્રાન્ચ કે જે પેઢીની મુખ્ય ઓફીસ અમદાવાદમાં આવેલી છે.

# સત્તાધાર ધામનો વિવાદ : રાજુલાના વાટલિયા પ્રજાપતિ સમાજે રેલી કાઢી

**જુનાગઢ**

જુનાગઢમાં આવેલ સતાધાર ધામને લઈ વિવાદ ઉઠ્યો છે. પણ, તેના પડઘા સમગ્ર રાજ્યમાં પડી રહ્યા છે. અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ અને અન્ય જ્ઞાતિઓ આજે એકઠી થઈ હતી. અને સતાધાર ધામને બદનામ કરનારા તત્વો સામે તેમનો વિરોધ નોંધાવ્યો હતો. રાજુલા માર્કેટિંગ યાર્ડથી પ્રાંત કચેરી સુધી બાઈક રેલી યોજવામાં આવી હતી. અને કલેક્ટરને આવેદન પત્ર આપીને સનાતન ધર્મનું અપમાન કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે સતાધારના હાલના મહંત વિજય બાપુ છે અને ખુદ તેમના જ સગા ભાઈ નીતિન ચાવડાએ મહંત પર વ્યભિચાર અને ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા છે. વિજય બાપુએ સતાધારમાં જ રહેતી મહિલા સાથે લગ્ન કરી લીધાનો અને સતાધારમાં નાણાકીય ગેરરિતી આચર્યાનો નીતિન ચાવડાનો આક્ષેપ છે અને આક્ષેપો સામે જ કાર્યવાહીની માંગ ઉઠી રહી છે.

જે ભૂમિ સાથે આપાગીગાનું સત જોડાયેલું છે. તેની સાથે કરોડો લોકોની આસ્થા જોડાયેલી છે. ત્યારે વિજય બાપુની સાથે સતાધારને પણ બદનામ કરાઈ રહ્યાના આક્ષેપો ઉઠી રહ્યા છે. અને જો આ અંગે કોઈ પગલા નહીં લેવાય તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.



## તાપસીએ એક્શન થ્રીલર ગાંધારીનું શૂટિંગ શરુ કર્યું

મુંબઇ : તાપસી પન્નુએ પોતાની આગામી એક્શન-થ્રિલર ફિલ્મ ‘ગાંધારી, લેટ ધી વોર બિગીન’નું શૂટિંગ શરૂ કરી દીધું છે. તાપસીની ભૂતકાળની ‘મનમર્જિયાં’ સહિતની ફિલ્મોની સર્જક કનિકા ધિલ્લોન જ આ ફિલ્મ બનાવી રહી છે. દેવાશિષ મખીજા તેનું દિગ્દર્શન કરી રહ્યો છે. તાપસીએ સેટ પરથી પ્રથમ દિવસનાં શૂટિંગની તસવીર શેર કરી હતી. જોકે, આ તસવીરમાં તાપસીનો ચહેરો છૂપાવાયો છે. ફિલ્મની વાર્તા કે અન્ય કલાકારો વિશે માહિતી અપાઈ નથી. પરંતુ તે ‘હસીન દિલરુબા’ જેવી જ એક્શન થ્રીલર હશે તેમ મનાય છે.

સ્વદેશ



## હું ભારતમાં કોન્સર્ટ નહીં કરું’ એવું કહીને દિલજીત દોસાંઝ ફસાયો



ગાયક-અભિનેતા દિલજીત દોસાંજે હાલમાં 14 ડિસેમ્બરના રોજ ચંડીગઢના શો દરમિયાન તેમના ચાહકોને એવું કહીને ચોંકાવી દીધા હતા કે, લાઈવ શો માટે નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે તેઓ ભારતમાં કોન્સર્ટ નહીં કરે અને અધિકારીઓને વધુ સારી સુવિધાઓ આપવાની વિનંતી કરી હતી. જોકે, દિલજીત હવે પોતાના નિવેદન પર ફેરવી તોળ્યું. ગાયકે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, મેં ક્યારેય એવું નથી કહ્યું, કે હું ભારતમાં પરફોર્મ નહીં કરું.

દિલજીત દોસાંજનું કહેવું છે કે, તેમની ટિપ્પણી ચંદીગઢના સ્થળ પરના મુદ્દાઓ વિશે હતી. દિલજીતે સ્પષ્ટતા આપતાં તેની નવી પોસ્ટમાં લખ્યું, ‘ના. મેં કહ્યું હતું કે, ચંદીગઢ (CHD)માં કાર્યક્રમના સ્થળને લઈને સમસ્યા છે. તેથી જ્યાં સુધી મને યોગ્ય સ્થળ ન મળે ત્યાં સુધી હું ચંદીગઢમાં આગામી શોનું આયોજન નહીં કરું. બસ એટલું જ.’

આ પહેલા કોન્સર્ટમાં દિલજીતે પંજાબીમાં કહ્યું, ‘અમારી પાસે અહીં લાઈવ શો માટે યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. તે આવકનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે, અને ઘણા લોકો કામ માટે તેના પર નિર્ભર છે. હું આગામી વખતે એ સુનિશ્ચિત કરવાની કોશિશ કરીશ કે, જ્યાં સુધી એવું ન થાય ત્યાં સુધી હું ભારતમાં શો નહીં કરુ, એ ચોક્કસ છે.’

# ‘મને આવા સવાલોથી ચીડ ચડે છે...’, શાંત સ્વભાવ માટે જાણીતી શ્રદ્ધા કપૂર અચાનક કેમ ભડકી?



બોલિવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર પોતાના સુંદર સ્વભાવ માટે જાણીતી છે. અભિનેત્રીનો ડાઉન ટુ અર્થ સ્વભાવ લાખો ચાહકોના દિલ જીતી લે છે. પરંતુ તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં જ્યારે એક મીડિયા કર્મીએ તેને તેની પર્સનલ લાઈફ અંગે સવાલ કર્યો ત્યારે તેની ધીરજ ખૂટી ગઈ. શ્રદ્ધા કપૂર પોતાની પર્સનલ લાઈફને જાહેર કરવા નથી માગતી તેને પોતાના પર્સનલ લાઈફના સવાલોથી ખૂબ જ ચીડ ચઢે છે. જ્યારે એક ઈવેન્ટમાં તેને તેના રિલેશન વિશે કન્ફર્મેશન માટે પૂછવામાં આવ્યું તો એક્ટ્રેસ ભડકી ગઈ હતી.

હવે એક્ટ્રેસનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. શ્રદ્ધા કપૂર સાથેની વાતચીતમાં તેને પૂછવામાં આવ્યું કે, અમે કાર્તિક આર્યનને પૂછ્યું હતું કે તે કઈ અભિનેત્રીને ડેટ કરવા માંગે છે અને ચાર વિકલ્પોમાં તમારું એક નામ હતું પરંતુ કાર્તિકે કહ્યું કે, ચારેય કોઈકને ને કોઈને ડેટ કરી રહી છે. તે કોઈ બીજાને થોડો સંકેત આપે છે? આ સવાલ સાંભળીને શ્રદ્ધા કપૂર ગુસ્સે થઈ ગઈ અને કહ્યું, ઠીક છે. તો તેણે જે કહેવું હતું તે કહ્યું, શું તમને અહીં મારા માટે કોઈ પ્રશ્ન છે?

શ્રદ્ધા કપૂર તેના સંબંધો વિશે ચર્ચામાં આવી હતી જ્યારે તેણે કોસ્મોપોલિટન સાથે વાત કરતા કહ્યું હતું કે, મને મારા પાર્ટનર સાથે સમય પસાર કરવો ગમે છે અને મૂવી જોવાનું, ડિનર માટે બહાર જવું અથવા તેની સાથે મુસાફરી કરવી ગમે છે. ગોસિપ સર્કલ્સની વાત કરીએ તો તાજેતરમાં જ શ્રદ્ધા કપૂર તેના રૂમર્ડ બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથે જોવા મળી હતી. કહેવાય છે કે બન્ને ડેટ પર ગયા હતા.

# દીપિકા અને રણવીર સિંહની દીકરી દુઆની પહેલી તસવીર વાયરલ

રણવીર સિંહ અને દીપિકા પાદુકોણે 8 સપ્ટેમ્બરે તેમના પ્રથમ બાળકનું સ્વાગત કર્યું હતું. એક્ટ્રેસે એક પુત્રીને જન્મ આપ્યો જેનું નામ તેણે દુઆ રાખ્યું છે. તાજેતરમાં દુઆ ત્રણ મહિનાની થઈ ગઈ છે.

પરિવારે હજુ સુધી દીકરીની પહેલી ઝલક બતાવી નથી. એક્ટર તેને મીડિયાના ધ્યાનથી દૂર રાખવા માંગે છે. પરંતુ ઘણા સમયથી આ કપલનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં તેઓ એક બાળક સાથે જોવા મળી રહ્યા છે. હવે દરેક વ્યક્તિ એ જાણવા માંગે છે કે શું તસવીરમાં દેખાતી છોકરી ખરેખર દુઆ છે?



કપલે ઓફિશિયલ રીતે કોઈ ફોટો શેર કર્યો નથી. મીડિયા રિપોર્ટ મુજબ આ તસવીરો AIની મદદથી બનાવવામાં આવી છે અને તે રિયલ તસવીરો નથી. આ તસવીર 12 ડિસેમ્બરે ‘deepikainfinity’ નામના હેન્ડલ પર પોસ્ટ કરવામાં આવી હતી, જે AIની મદદથી બનાવવામાં આવી છે. આ પછી સ્પષ્ટ થયું કે આ છોકરી દીપિકાની દીકરી દુઆ નથી.

જ્યારે દુઆ 3 મહિનાની થઈ, ત્યારે રણવીરની માતા અંજુ ભવનાનીએ અને દુઆની દાદીએ તેના કેટલાક વાળ દાનમાં આપ્યા. તેણીની પૌત્રી માટે એક ખાસ નોટ શેર કરતા લખ્યું છે કે “આ ખાસ દિવસને પ્રેમ અને આશા સાથે ચિહ્નિત કરું છું. દુઆના જેમ જેમ મોટા થવા પર આપણે સેલિબ્રેશન કરીએ છીએ, આપણે દેવતાની શક્તિને પણ યાદ રાખવી જોઈએ. આશા છે કે આ નાનું કાર્ય મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહેલા કોઈને આરામ અને આત્મવિશ્વાસ પ્રદાન કરી શકે છે.”

દીકરીને જન્મ આપ્યા બાદ દીપિકા પાદુકોણ પહેલીવાર દિલજીત સિંહના કોન્સર્ટમાં જોવા મળી હતી. એક્ટ્રેસે સ્ટેજ પર પહોંચીને ફેન્સને પણ ચોંકાવી દીધા હતા. દીપિકા ડિલીવરી લીવના 6 મહિના પછી માર્ચ 2025 થી કામ શરૂ કરી શકે છે. તે છેલ્લે કલ્કિ 2898 એડીમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં તેમની સાથે અમિતાભ બચ્ચન, પ્રભાસ અને કમલ હાસન જોવા મળ્યા હતા. વાયરલ થઈ રહેલી તસવીરો એડિટેડ છે. આ વાયરલ થઈ રહેલી તસવીરના આધારે આ સમાચાર લખવામાં આવ્યા છે, સંદેશ ન્યૂઝ પુષ્ટિ કરતું નથી.

# લાપત્તા લેડીઝ ઓસ્કરમાંથી આઉટ, યુકેની હિંદી ફિલ્મ સંતોષ શોર્ટલિસ્ટ થઇ

મુંબઈ : ઓસ્કર એવોર્ડમાં ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે મોકલાયેલી ‘લાપત્તા લેડીઝ’ શોર્ટ લિસ્ટ થઈ નથી. આ ફિલ્મ આમિર ખાને બનાવેલી છે અને તેનું દિગ્દર્શન તેની એક્સ વાઈફ કિરણ રાવે કર્યું છે. બીજી તરફ ભારતના જ કલાકારો સાથે હિંદીમાં બનેલી પરંતુ યુકેની પ્રોડક્શન કંપનીની ફિલ્મ ‘સંતોષ’ શોર્ટ લિસ્ટ થઈ ચૂકી છે. આ ઉપરાંત બે બે વખત એકેડમી એવોર્ડ જીતી ચૂકેલાં ફિલ્મ સર્જક ગુનિત મોંગાની શોર્ટ ફિલ્મ ‘અનુજા’ પણ આ વખતે શોર્ટ લિસ્ટ થઈ છે.

જોકે ,તે પહેલાં ડિસેમ્બરમાં શોર્ટ લિસ્ટનો રાઉન્ડ થતો હોય છે જેમાં દરેક કેટેગરીમાં ૧૫ ફિલ્મોનો સમાવેશ કરાતો હોય છે. આ શોર્ટ લિસ્ટેડ ફિલ્મોમાંથી જ અંતિમ વિજેતા જાહેર થાય છે.

શોર્ટ લિસ્ટ થયેલી હિંદી ફિલ્મ ‘સંતોષ’ બ્રિટિશ ઈન્ડિયન એક્ટર સંધ્યા સૂરીએ બનાવી છે. તેમાં ભારતની શહાના ગોસ્વામીની મુખ્ય ભૂમિકા છે. ગુનિત મોંગાની શોર્ટ ફિલ્મ ‘અનુજા’માં ગાર્મેન્ટ ઈન્ડસ્ટ્રીમાં બાળ મજૂરોનાં શોષણની વાત છે.



ભારત તરફથી સત્તાવાર એન્ટ્રી મોકલતાં ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ આમિર ખાનની કંપનીની ‘લાપત્તા લેડીઝ’ પસંદ કરી હતી. તે વખતે જ ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા અનેક આંતરરાષ્ટ્રીય એવોર્ડઝ જીતી ચૂકેલી પાયલ કાપડિયાની ‘ઓલ વી ઈમેજિન એઝ લાઈટ’ કેમ પસંદ ન કરાઈ તે મુદ્દે ભારે પસ્તાળ પડી હતી. આજે પણ અનેક નેટ યૂઝર્સ તથા કેટલાય ફિલ્મ સર્જકો દ્વારા ફિલ્મ ફેડરેશનની આકરી ઝાટકણી કાઢવામાં આવી હતી. ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં બ્રાઝિલની ‘આઈ એમ સ્ટીલ હિઅર’, કેનેડાની ‘યુનિવર્સલ લેંગ્વેજ’, ‘ઝેક રિપબ્લિકની ‘વેવ્ઝ’, ‘ડેન્માર્કની ‘ધી ગર્લ વીથ ધી નીડલ’, ‘ફ્રાન્સની ‘એમિલિયા પેરેઝ’, જર્મનીની ધી સીડ ઓફ ધી સેક્રેડ ફિગ’, આઈલેન્ડની ‘ટચ’ઈટલિની ‘વર્મિલિગો’, લેટિવિયાની ‘ફ્લો’, નોર્વેની ‘એરમાન્ડ’, પેલેસ્ટાઈનની ‘ગ્રાઉન્ડ ઝીરો’, સેનેગલની ‘ડેહોમી’ તથા થાઈલેન્ડની ‘બીફોર ગ્રાન્ડમા ડાઈઝ’નો સમાવેશ થાય છે.







Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### શતરંજની વિચક્ષણ માઇન્ડ ગેમમાં ભારતીય ખેલાડીનો ફરી ડંકો વાગ્યો

# ભારતનો ડી ગુકેશ : શતરંજની ગેમનો નવો કિંગ

ચીનના ડિંગ લિરેનને હરાવીને ભારતનો ગુકેશ વિશ્વની ચેસ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યો છે. ડિ ગુકેશની હાલ ઉંમર 18 વર્ષ અને 8 મહિના જ છે. તેથી સૌથી નાની વયે ચેસમાં ચેમ્પિયનશીપ જીતવાનો રેકોર્ડ પણ તેના નામે દર્જ થયો છે. આ અગાઉ રશિયાના ગેરી કાસ્પારોવે 22 વર્ષ અને 6 મહિનાની વયમાં આ સ્પર્ધામાં ચેમ્પિયનશીપ જીતી હતી. 1984માં ગેરી કાસ્પારાવે રશિયાના જ એનાટોલી કાપાર્વેને હરાવી વિશ્વ ચેમ્પિયનશીપ માટે યુવા સ્પર્ધક બન્યો હતો. જો કે, ગુકેશે તેને પણ પાછળ છોડ્યો છે. ભારતના વિશ્વ આનંદ પછી ચેસની સ્પર્ધામાં દુનિયામાં કાઠુ કાઢનાર આ બીજો ખેલાડી છે. ગુકેશ અત્યાર સુધીમાં પાંચ ગોલ્ડ એશિયન યુથ ચેમ્પિયનશીપ પણ જીતી ચૂક્યો છે. વિશ્વનાથ આનંદ 2000, 2002, 2007 અને 2013માં ચેસ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યો હતો. ચેસ રમતની સૌથી મોટી સ્પર્ધા વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ હાલ ભારતમાં ચાલી રહી હતી, જેમાં ભારતના 18 વર્ષીય ડોમ્મારાજુ ગુકેશ ચેસના વર્તમાન વિશ્વ ચેમ્પિયન ચીનના ડીંગ લિરેનના શાસનને આકરી પડકાર આપી રહ્યો હતો. ટુર્નામેન્ટ ખૂબ જ રસપ્રદ તબક્કામાં પહોંચી હતી. 14 મેચ સુધી ચાલેલી મેચમાં અંતે ગુકેશનો વિજય થયો હતો.

હાલ 12 મેચ પૂર્ણ થતાં સુધીમાં ચીનનો ડિંગ લિરેન ભારતીય ખેલાડી ગુકેશ સાથે 6-6ના સ્કોર સાથે બરાબરી પર હતો, બંને ખેલાડીઓએ 2-2 મેચ જીતી હતી અને 8 મેચ ડ્રો રહી હતી. 13મી ગેમ ડ્રોમાં સમાપ્ત થઈ હતી અને ગુકેશે 14મી અને નિર્ણાયક ગેમ જીતી લીધી હતી. આ રીતે ગુકેશે ચેસની દુનિયામાં તેનું અને ભારતનુ નામ રોશન કર્યું છે. બંને ખેલાડીઓએ પોતાની સંપૂર્ણ માનસિક ક્ષમતાનો ઉપયોગ જીતવા માટે કર્યો હતો. વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓ તેની દરેક ચાલ પર નજર રાખતા હતા. તેની દરેક ચાલનું લાઈવ એનલિસિસ પણ કરવામાં આવ્યું હતું. કોણ, ક્યાં વર્ચસ્વ ધરાવતું હતુ. કોણ નબળું પડયું હતું, તેમની દરેક ચાલ, તેમના ચહેરાના હાવભાવ પર દુનિયાની નજર રહેતી હતી. આખરે ગુકેશે બાજી મારી લીધી.

હવે ગુકેશની આ સફળતા પાછળ તેની ધીરજ, પુરુષાર્થ અને રમત પ્રત્યેનો તેનો જુસ્સો તથા પરિવારનો સહયોગ જેવા પરિબળો પણ



મહત્વના રહ્યા છે. ડિ ગુકેશ તરીકે ઓળખાતા ગુકેશનું નામ તો ડોમરાજુ ગુકેશ છે. ચેન્નાઈમાં રહેતા ગુકેશનો જન્મ 2006માં 7 મેના રોજ ચેન્નાઈમાં જ થયો હતો. તેના પિતા ડોકટર અને માતા માઈક્રોબાયોલોજિસ્ટ છે. ગુકેશે સાત વર્ષની ઉંમરે જ ચેસ રમવાની શરૂઆત કરી હતી. જ્યારે તેની રમતમાં રુચી જોઈને એક તબક્કે વિશ્વનાથ આનંદે પણ તેને તાલીમ આપી હતી. 2015માં તેણે અન્ડર 9 કેટેગરીમાં એશિયન સ્કુલ ચેસ ચેમ્પિયનશીપ અને 2018માં અન્ડર 12 કેટેગરીમાં વર્લ્ડ યુથ ચેસ ચેમ્પિયનશીપ જીતી હતી. 2019માં તે ચેસનો બીજો યુવા ગ્રાન્ડ માસ્ટર બન્યો હતો. જો કે, તે પછી ભારતીય અભિમન્યુ મિશ્રાએ તેનો રેકોર્ડ તોડી નાંખતા ગુકેશ ત્રીજા ક્રમે થઈ ગયો હતો. યુવા ગ્રાન્ડ માસ્ટર બન્યા બાદ ગુકેશે 2021માં 19માંથી 14 પોઈન્ટ મેળવીને ગેલફેન્ડ ચેલેન્જ, જુલિયસ બેર ચેલેન્જર્સ સ્પર્ધામાં ડંકો વગાડ્યો હતો. 2022ના ઓગષ્ટમાં તેણે 8-8ના સ્કોર સાથે 44મી ચેસ ઓલિમ્પિયાડની શરૂઆત કરી હતી. જે બાદ તેણે આઠમી મેચમાં જ અમેરિકાને પછડાટ ખવડાવી ભારતને નંબર વન પર લાવી દીધું હતુ. જ્યારે 2022માં ગુકેશ 2726ના રેટિંગ સાથે પ્રથમવખત 2700 રેટિંગ પોઈન્ટસ પાર કરનારો ત્રીજો સૌથી યુવા ખેલાડી બન્યો હતો. જ્યારે 2023માં તો તેણે વિશ્વનાથ આનંદને પણ પાછળ છોડી દીધો હતો.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ચેસની સ્પર્ધામાં કાબેલ બનવા અને જીત માટે ગુકેશે ટેકનિકલ સહાય કે કમ્પ્યુટરનો ઉપયોગ પણ તદન ઓછો કર્યો છે. અનેક સફળતાઓ મળતી રહી છતાં તે મનમાં કયારેય પણ અભિમાન લાવ્યો ન હતો. એટલુ જ નહીં, તે પ્રસિદ્ધિ પણ સતત દૂર રહ્યો હતો. અત્યાર સુધી દુનિયાએ જોયું છે કે, ક્રિકેટર કે ફુટબોલનો ખેલાડી કોઈક એકાદ વર્ષ સફળ રહે તો તે સતત પ્રસિદ્ધિ માટે દોડતો રહે છે. પૈસા રળવા માટે જાહેરાતોમાં પણ તે દેખાવા લાગે છે. તેને કારણે તેનું અધઃ પતન થાય છે. ભારતમાં એક સમયનો જોરદાર બેસ્ટમેન વિનોદ કાંબલી તેનુ ઉત્તમ ઉદાહરણ છે. આજે કાંબલીનો જ મિત્ર સચીન તેંડુલકર અનેક રેકોર્ડ બનાવીને માલેતુજાર બની ચૂક્યો છે. જ્યારે વિનોદ કાંબલી ઘણાં વર્ષો પહેલેથી જ ક્રિકેટની દુનિયામાંથી ફેંકાઈ જતાં આજે તેની શારીરિક, આર્થિક અને માનસિક હાલત અત્યંત દયામણી છે.

પરંતુ ગુકેશના કિસ્સામાં પ્રસિદ્ધિની કોઈ ખેવના દેખાઈ નહી અને એ જ તેનું જમણુ પાસુ રહ્યું. ગુકેશ પ્રસિદ્ધિથી દૂર રહીને પોતાના લક્ષ્યને પામવા માટે સતત પુરૂષાર્થ કરતો રહ્યો અને તેનું પરિણામ આજે દેખાય છે. એક ખેલાડી માટે ચેસ માત્ર મગજની રમત હોવા છતાં તેની શારીરિક તંદુરસ્તી અને માનસિક એકાગ્રતા પણ મહત્વની છે. આ માટે ગુકેશ સવારે ઉઠીને કસરતો પણ કરતો. તેનુ લક્ષ્ય પહેલાથી જ નક્કી હોવાથી તેણે બ્લિટ્ઝ જેવા ટ્વેન્ટી ટ્વેન્ટી જેવા ઝડપી ફોર્મેટને બાયપાસ કરી ક્લાસિકલ ચેસ પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેણે કમ્પ્યુટરનો ઉપયોગ પણ મર્યાદીત જ કર્યો હતો. તેથી તેના મગજનો વિકાસ થઈ શકે. આ બધું જ તેને વિશ્વ ચેમ્પિયન બનવા માટેનો જુસ્સો પુરો પાડતું હતું. ગુકેશની મહેનત સાથે પારિવારિક સહયોગ પણ તેની સફળતા માટે સિંહફાળો આપનારો રહ્યો છે. તેના માતા-પિતાએ પણ ગુકેશ આગળ વધે તે માટે કોઈ કસર છોડી ન હતી. પિતા રજનીકાંત ઈએનટી સર્જન હોવા છતાં તેમણે 2017-18માં મેડિકલ પ્રેક્ટિસ બંધ કરી અને ગુકેશ પાછળ સંપૂર્ણ ધ્યાન આપવાનું શરૂ કર્યું હતું. ગુકેશ જ્યારે જ્યારે સફળતા મેળવવા પ્રયાસો કરતો ત્યારે ત્યારે તેના માતા-પિતા સહયોગ આપતા. એક સમયે તો પરિવારને ચલાવવાની જવાબદારી પણ તેની માતા પદ્માબેને સંભાળી લીધી હતી. એટલે જ જ્યારે ગુકેશ 17 વર્ષની ઉંમરે વિશ્વ ખિતાબનો સૌથી યુવા દાવેદાર બન્યો ત્યારે તેના બાળપણના કોચ વિષ્ણુ પ્રસન્નાએ તેના માતા-પિતાએ આપેલા યોગદાનને યાદ કર્યું હતુ. કારણ કે ગુકેશ ચેસમાં તેનું નામ રોશન કરે તે માટે પિતાએ તેની કારકિર્દી લગભગ છોડી દીધી હતી. સૌથી રસપ્રદ વાત તો એ છે કે, આ છોકરા માટે એક તબક્કે તો આર્થિક મદદ કરનાર પણ કોઈ ન હતુ. આથી ઈનામી રકમ અને માતા-પિતા પાસેથી મળતી રકમને સહારે જ આગળ વધવુ પડતુ હતુ. આમ અનેક પડકારોને પહોંચી વળી ગુકેશ 2023માં ચેસમાં ભારતનો સૌથી યુવા વયનો ખેલાડી બની ગયો હતો. 2017થી તેને ઓળખતા તેના કોચ વિષ્ણુ પ્રસન્ના કહે છે કે, ચેસ માટે કુશળતા વિકસાવવી અનિવાર્ય હોય છે. જે માટે આ છોકરાએ કમ્પ્યુટરનો ઉપયોગ પણ કર્યો છે, કમ્પ્યુટર તમારી દરેક ચાલને મૂલવતું રહે છે. એટલે ગુકેશે કમ્પ્યુર થકી તેના સારી અને ખરાબ ચાલ વિશે પણ સતત સતર્કતા રાખી હતી. આ ઉપરાંત કોચ વિષ્ણુ પ્રસન્ના પણ ગુકેશની દરેક ચાલ વિશે માહિતગાર રહેતા. વિષ્ણુ પ્રસન્ના મતે ગુકેશનું લક્ષ્ય પહેલાથી નક્કી હતુ, અર્જુન જેમ તે પક્ષીની આંખ જ જોતો હતો. રમત પ્રત્યે તેનો જુસ્સો સતત યથાવત રહેતા તે કદાપી હતાશ થયો નહી. નંબર વન બનવાના ઝનૂન સાથે તે રમતમાં ઝંપલાવતો હતો. બસ આ જ કારણે તે વિશ્વ ચેમ્પિયન બનવા સુધી પહોંચ્યો છે.

**ડિંગ લિરેનને હરાવીને 18 વર્ષ અને 8 મહિનાના ડી ગુકેશે ચેસ ચેમ્પિયનશીપ જીતી છે. અગાઉ રશિયાના ગેરી કાસ્પારોવે 22 વર્ષ અને 6 મહિનાની વયમાં વિજય મેળવ્યો હતો. અત્યાર સુધીમાં ગુકેશે પાંચ ગોલ્ડ એશિયન યુથ ચેમ્પિયનશીપ પોતાને નામે કરી છે**

# પ્રેમ, ક્ષમા અને કરુણાની મૂર્તિ એટલે ઈસુ મસીહા

ભગવાન ઈસુનો જન્મ જેરુસલેમમાં થયો હતો. તેમના જન્મ સમયથી જ ઈસવીસનની ગણતરી કરવામાં આવે છે. બાઈબલનાં સૂત્રો પ્રમાણે મરિયમને સંદેશો મળ્યો હતો કે તેની કૂખેથી ઈશ્વરપુત્ર જન્મ લેશે. યહૂદી ધર્મના જ્ઞાતાઓએ સદીઓ પહેલાં એક ઉદ્ધારક, મુક્તિદાતા જન્મ લેશે તેવી ભવિષ્યવાણી કરી હતી. આશરે બે હજાર વર્ષ પહેલાંની આ વાત છે.

ફિલિસ્તાનમાં એ વખતે હિરોદનો રાજા રાજ કરતો હતો. તે સમયે મરિયમે જગતના ઉદ્ધારક ઈસુ મસીહાને જન્મ આપ્યો. ઈસુનો જન્મ ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિમાં થયો હતો. મરિયમને પ્રસૂતિ સમયે કોઈ ધર્મશાળા પણ મળી ન હતી અને ભગવાન જ્યારે ધરતી પર અવતર્યા ત્યારે પ્રથમ શ્વાસ તેમણે એક ગમાણમાં લીધો હતો અને જન્મ બાદ ઈસુને પશુના ચામડામાં વીંટાળવા પડ્યા હતા.



આઠમા દિવસે તેનું નામકરણ કરવામાં આવ્યું. તે સમયે એક એવી ધાર્મિક માન્યતા હતી કે જન્મેલા બાળકને ચર્ચમાં લાવીને પ્રભુનાં દર્શન કરાવવાં. ત્યારે મરિયમ પણ તેના પુત્રને લઈને જેરુસલેમના ચર્ચમાં આવતી. ઈસુનો તો જન્મ જ એક મહાન ઉદ્દેશ્ય માટે થયો હતો, તેથી તે આ ચર્ચ અને આધ્યાત્મિક વાતાવરણથી બહુ પ્રભાવિત થતા હતા. તે જ્યારે બાર વર્ષના થયા ત્યારે તે જેરુસલેમના ચર્ચના પાદરી સાથે પણ સત્યની શોધની માર્મિક ચર્ચા કરતા. સત્યની ખોજની વૃત્તિ તેમનામાં બાળપણથી જ હતી.

ઈસુ ત્રીસ વર્ષના થયા ત્યારે તેમણે સાંભળ્યું કે જોર્ડન નદીના કિનારે એક મહાત્મા રહે છે, જે એક દિવ્ય સંતપુરુષ છે. તેમનું નામ યૂહન્ના (જોન) છે. લોકો તેમનો ઉપદેશ સાંભળીને ધન્ય થઈ જાય છે, ત્યારે ઈસુને પણ તેમનો ઉપદેશ સાંભળવાની, તેમને મળવાની અને ધર્મનાં રહસ્યો જાણવાની જિજ્ઞાસા થઈ. તે પણ જોર્ડનના જંગલમાં તે મહાત્માની શોધમાં નીકળી પડ્યા. યૂહન્નાનો ઉપદેશ સાંભળીને ઈસુની જીવનદિશા જ બદલાઈ ગઈ.

તેમણે તેમની પાસેથી દીક્ષા લીધી અને પોતાનું જીવન પણ માનવકલ્યાણ માટે અને દેશ અને દુનિયાને સાચી દિશા બતાવવામાં સમર્પિત કરી દીધું. ઈસુ જ્યારે ત્રીસ વર્ષના હતા ત્યારે તેમણે ગૃહત્યાગ કર્યો અને જંગલમાં વસવાટ કરવા લાગ્યા. તેમના ગુરુ જોને દર્શાવેલા માર્ગે નીકળી પડ્યા. જે ઉદ્દેશ્ય માટે તેમનો જન્મ થયો હતો, તે માર્ગે એકલા જગતના ઉદ્ધારક બનીને ચાલી નીકળ્યા હતા.

# વિવિધ રીતે ટર્ટલનેકને સ્ટાઈલ કરીને લુકને બનાવો ગ્લેમરસ

અનેક ક્લોધિંગ ઓપ્શન્સન લઈને આવે છે, જેમાંથી અમુક ટ્રેન્ડી હોય છે. જ્યારે અમુક ક્લાસિક હોવાની સાથે સ્ટાઈલિશ હોય છે. એમાં ટર્ટલનેક સ્વેટરનો સમાવેશ થાય છે. આજકાલ વેસ્ટર્ન વૅરને ટ્રેડિશનલ આઉટફિટ સાથે સ્ટાઈલ કરવાનું ચલણ છે. એમાં ખાસ કરીને ટર્ટલનેક ટોપનો સૌથી વધારે ઉપયોગ પણ કરવામાં આવી રહ્યો છે. આ પ્રકારની સ્ટાઈલમાં તમે ટ્રેન્ડી દેખાશો. તમે ટર્ટલનેક ટોપને ટ્રેડિશનલ વૅર સાથે સ્ટાઈલ કરવા ઈચ્છો છો તો તેને અપનાવો.



## શરારાની સાથે કરો સ્ટાઈલ

યુનિક સ્ટાઈલ ટ્રાય કરવા ઈચ્છો છો તો શરારાની સાથે ટર્ટલનેક ટોપ કૅરી કરી શકો છો. ટર્ટલનેક ટોપની સાથે પ્લાઝો કે હેવી શરારા સ્ટાઈલ કરી શકાય છે. પ્લેન ટર્ટલનેકની સાથે પ્રિન્ટેડ કે મિરર વર્કવાળા શરારા પણ સ્ટાઈલ કરી શકો છો. આ પ્રકારનાં આઉટફિટ સાથે તમે હૂપ એરિંગ્સને ટ્રાય કરશો તો બોલ્ડ લુક મળશે. આ ઉપરાંત આની સાથે તમે સિલ્વર જ્વેલરીને સ્ટાઈલ કરો.

## લોન્ગ સ્કર્ટ સાથે

બ્લેક કલરના ટર્ટલનેક ટ્રેન્ડમાં છે. તેને હેવી લહેંગાની સાથે સ્ટાઈલ કરવાથી યુનિક લુક મળશે. કોઈ પાર્ટી કે ફંક્શન માટે સિલ્વર ફેબ્રિક લહેંગા સ્કર્ટ પણ બનાવડાવી શકો છો. આ પ્રકારના સ્કર્ટને સ્ટાઈલ કરવા તમે સ્ટડ્સ એરિંગ્સને પસંદ કરી શકો છો. સાથે લહેંગા સ્કર્ટને સ્ટાઈલિશ લુક આપવા સાઈડમાં દોરી લગાવીને હેવી લટકણને સ્ટાઈલ કરી શકો છો.

## સાડી સાથે કરો સ્ટાઈલ

સાડી સાથે ટર્ટલનેક ટોપને સ્ટાઈલ કરવાનું ચલણ હાલમાં વધ્યું છે. સાડી માટે તમે પ્રિન્ટેડ, સાટિન કે સિલ્ક ફેબ્રિકને પસંદ કરી શકો છો. આ પ્રકારની સાડી સાથે ક્લચ જરૂર સ્ટાઈલ કરો. સાથે પ્લેન અને સિમ્પલ સાડીને જ કૅરી કરો.

## મિક્સ એન્ડ મેચ લુક

ફિટેડ ટર્ટલનેક ટીશર્ટ કે સ્વેટરને પાર્ટી લુક આપવા માટે ડેનિમ પેન્ટ સાથે ટર્ટલનેક સ્વેટર અને ઉપરથી શિયર જેકેટ કે સ્કાર્ફ પેર કરીને તમારા લુકને પાર્ટી લુક ટચ આપી શકો છો. ટર્ટલનેક ટીશર્ટ સાથે સ્કિન ટાઈટ જિન્સ અથવા બોલ બેટમ પણ ટ્રાય કરી શકો. શિયર જેકેટને બદલે ડેનિમ જેક્ટ પણ કૅરી કરી શકો છો.

## ટ્રાવેલ લુક

વિન્ટર ટ્રાવેલિંગ હોય કે આસપાસનું આઉટફિટ, તમારા લૂઝ ટર્ટલનેક બેગી સ્વેટરને ફિટેડ જિન્સ કે ટ્રાઉઝર સાથે પેર કરો. સાથે સ્પોર્ટ શૂઝ સ્ટાઈલ કરો.

## પાર્ટી પેન્ટ્સ સાથે

ગર્લ ગેંગ સાથે વિન્ટર આઉટિંગ પર જવાનું હોય કે પાર્ટી એન્જોય કરવાની હોય, વ્હાઈટ ક્રોપ ટોપ ટર્ટલનેકને લેટેસ્ટ પેન્ટ કે સ્કર્ટ સાથે પેર કરો. સ્ટાઈલિશ લુક મેળવવા લેધર બૂટ્સ સ્ટાઈલ કરો.


CHRISTMAS SALE FROM THIS WEEKEND



FROM DECEMBER 20, FRIDAY TO DECEMBER 29 SUNDAY.

સેલનો સમયઃ સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૩૦

KINTWEAR UK FASHIONWEAR

U.K. SWEATER HOUSE

હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ




ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...

યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૨૦ ડિસેમ્બર થી ૨૯ ડિસેમ્બર સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.

જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે

- All new shipment of ladies cardigan in many colors and styles.
- Selected Cardigan Deals 4 for 100, 3 for 110
- Many other cardigan available in different prices.

Visit The Store This Weekend .

CARDIGAN PRICES STARTS FROM 20 DOLLARS AND UP

સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો

જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે

NO EXCHANGE
NO REFUND
FINAL SALE





Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18,
Brampton, Ontario (Torbram & Peter Robertson)
FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.
Tel: 905-789-8514

# ગુજરાતી સિનિયર્સ ક્લબનો ક્રિસમસનો કાર્યક્રમ, ગીતો ગૂંજ્યા

## સમૂહ પ્રાર્થના, ભજન બાદ શ્રી કૃષ્ણના જીવન ચરિત્રની ચર્ચા, સભ્યોના જન્મ દિવસ અને લગ્ન સંવત્સરીની ઉજવણી








**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર ક્લબ બ્રામ્પટનનો માસિક-ક્રિસમસ પ્રોગ્રામ ૮ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ યોજાયો હતો. સમૂહ પ્રાર્થના, ભજન અને ઈશ્વરભાઈ પટેલે રજૂ કરેલી મહાભારતના ટાઈટલ ગીત "અતશ્રી મહાભારત કથા"થી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. કુસુમબેન અને અરવિન્દભાઈ પટેલે સિનિયરની જીવનયાત્રા અને જીવનચર્યા પર માહિતીસભર પ્રવચન આપ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, ટેન્શન મૂક્ત રહેવું, બાળકોને સલાહ સૂચન ન કરવું, ગુસ્સો ન કરવો, વગર શરતોએ જીવવું, ગુમાવ્યાનો ગમ ન કરવો, પાપનું પ્રાયશ્ચિત કરવું, મૃત્યુથી ડરવું નહીં, આનંદ આશ્રમમા રહેવું, પાર્કમાં જવું, ભજન ગીત અને સંગીત સાંભળવું, આનંદમાં રહેવું. ક્રિસમસ નિમિતે વર્ષાબેન શાહે શાન્તાક્લોઝ બની સૌનું અભિવાદન જીલ્યુ હતું. અજયભાઈએ "દિલ ન કહ શકા" અને "કિસીકી આંખો કા નૂર હું" ગીતો ગાઈને બધાને પ્રફુલ્લિત કરી દીધા હતા. ડૉં. પ્રદ્યુમ્ન ભટ્ટે ભગવાન શ્રી કૃષ્ણે જન્મથી મૃત્યુ સુધી આદરેલા કર્મો તેમજ કૌરવો અને પાંડવો વચ્ચેના સંબંધો અને લાલચ-પ્રલોભનો તેમજ એમાં શ્રી કૃષ્ણને મળેલી નિષ્ફળતાની સભ્યોને સમજ આપી હતી. અંતે શ્રી કૃષ્ણનું જીવન ચરિત્ર સાંભળવામાં મગ્ન થયેલા કલબના સભ્યોને ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે જોક્સ રજૂ કરી હાસ્યનું મોજું રેલાવ્યું હતું. ઈશ્વરભાઈ પટેલના " મહેબૂબ મેરે તુ હે તો દુનિયા કિતની" ગીત, વર્ષાબેન શાહના "મેરા નામ રીથ ક્રિસ્ટીના" ગીત પરના ડાન્સ, અનિલભાઈના ભજન અને જયાબેનના ભજનની સૌએ મજા માણી હતી. સભ્યોના જન્મ દિવસ અને લગ્ન સંવત્સરી નિમિતે સૌનું અભિવાદન કર્યું હતું. ડોનેશન આપનારનો આભાર માની ભોજનની મજા માણી સૌ છુટ્ટા પડ્યા હતાં.

# ટોરોન્ટો શહેર પોતે જ બનશે ડેવલપર સસ્તા હાઉસિંગ પ્રોજેક્ટની શરૂઆત



### ચાર માળ ઊંચી ઇમારતનું કામ 2026ની શરૂઆતમાં પૂર્ણ થવાની ધારણા

**ટોરોન્ટો**

શહેરના અધિકારીઓએ સોમવારે એક એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટની શરૂઆત કરી હતી. જે નવા મોડલ હેઠળ સૌપ્રથમ વિતરિત થશે, જ્યાં શહેર ડેવલોપર છે. ક્વીન સ્ટ્રીટ વેસ્ટ અને ડફરિન સ્ટ્રીટ નજીક 11 બ્રોક એવ ખાતેના પ્રોજેક્ટમાં ઘરવિહોણા થવાના જોખમનો અનુભવ કરતા લોકો માટે આવક અને સહાયક એકમો માટે 42 ભાડું હશે. ચાર માળની ઈમારતનું કામ 2026ની શરૂઆતમાં પૂર્ણ થવાની ધારણા છે. ગયા વર્ષે શહેરને પ્રોજેક્ટ માટે ફેડરલ ફંડિંગમાં $ 21.6 મિલિયન મળ્યા હતા.

દરેક એપાર્ટમેન્ટમાં રસોડું અને બાથરૂમ, ઉપરાંત શેર કરેલ લોન્ડ્રી, કોમર્શિયલ રસોડું અને પ્રોગ્રામિંગ માટે એક સામાન્ય વિસ્તાર હશે. ભાડૂઆતો તેમની આવકના 30 ટકાથી વધુ અથવા ભાડા પરની તેમની સામાજિક સહાયના આશ્રય ભથ્થાની ચૂકવણી કરશે નહીં. તેઓને આરોગ્ય, સુખાકારી અને આવાસની સ્થિરતા જાળવવામાં મદદ કરવા માટે રેપ-અરાઉન્ડ સપોર્ટ સેવાઓની ઍક્સેસ પણ હશે. મેયર ઓલિવિયા ચાઉએ પત્રકારોને જણાવ્યું હતું કે, ટોરોન્ટોમાં પરવડે તેવા આવાસની તાતી જરૂરિયાત છે અને શહેર જાણે છે કે તેની પાસે આવાસની કટોકટી છે. 90,000 લોકો ભાડા-ગિયર-ટુ-ઈન્કમ હાઉસિંગ માટે વેઈટિંગ લિસ્ટમાં છે. વધુમાં ટોરોન્ટોમાં લગભગ 12,000 લોકો બેઘર આશ્રયસ્થાનોમાં રહે છે. ટોરોન્ટો શહેર હાઉસિંગ બનાવવાના વ્યવસાયમાં પાછું આવ્યું છે. કાઉન્ટ. પાર્કડેલ હાઈ-પાર્ક, વોર્ડ 4નું પ્રતિનિધિત્વ કરતા ગોર્ડ પર્ક્સે જણાવ્યું હતું કે ગ્રાઉન્ડ બ્રેકિંગ નોંધપાત્ર છે. કારણ કે તે શહેર, જાહેર બિલ્ડર અને સ્થાનિક સમુદાય વચ્ચેની ભાગીદારી તરફ ધ્યાન દોરે છે. આ સાઈટ એક મહત્વપૂર્ણ સ્થાન હશે, જે 42 વ્યક્તિઓને મદદ કરશે, જેમને ટોરોન્ટો શહેરમાં સફળતાપૂર્વક રહેવા માટે સમર્થ થવા માટે સમર્થનની જરૂર છે.

# માર્ચ 2020 પછી કેનેડિયન ડોલર US કરતા પ્રથમવાર 70 સેન્ટ નીચે ગયો

**ટોરોન્ટો**

બ્લૂમબર્ગ ડેટા અનુસાર માર્ચ 2020માં કોવિડ-19ની શરૂઆત પછી કેનેડિયન ડોલર મંગળવારે $ 0.70 યુએસની નીચે આવી ગયો હતો. ડૉલરની ચાલ એ અઠવાડિયાની અસ્તવ્યસ્ત શરૂઆતને અનુસરે છે, જેમાં નાણાંપ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની કેબિનેટમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. ફેડરલ સરકારે પાછળથી પતનના આર્થિક અપડેટનું મુલ્યાંકન કર્યું હતુ. જેમાં 2023-2024ના નાણાકીય વર્ષ માટે $ 61.9 બિલિયનની ખાધ દર્શાવવામાં આવી હતી, જેણે તેના ખાધના લક્ષ્યને $20 બિલિયનથી વધુ વધાર્યું હતું. વધુ વ્યાપક રીતે, યુ.એસ.ના ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આયાતી ચીજવસ્તુઓ ઉપર 25 ટકા ટેરિફના જોખમનો સામનો કરતી નબળી અર્થવ્યવસ્થાની પૃષ્ઠભૂમિ સામે લૂનીનો ઘટાડો નક્કી કરવામાં આવ્યો છે. તેમની નવેમ્બરની પુનઃ ચૂંટણીએ યુએસ ડોલરને વધુ મજબૂત બનાવ્યો હતો. ટોરોન્ટો સ્થિત કરન્સી એક્સચેન્જ કંપની નાઈટ્સબ્રિજ ફોરેન એક્સચેન્જના પ્રમુખ રહીમ માધવજીએ જણાવ્યું હતું કે, અમારા ફોન અત્યારે હૂક બંધ કરી રહ્યા છે. અમને ઘણા યુએસ ડૉલર વેચનાર મળી રહ્યા છે. જે લોકો કાં તો યુએસ ડોલરમાં ચૂકવણી કરે છે, યુએસ ડોલરમાં વારસો ધરાવે છે, યુએસ ડોલરમાં વેપાર કરે છે. તેઓ બધા કેનેડિયન ડોલરમાં રૂપાંતરિત કરી રહ્યા છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

# ગુજરાતના 6 શહેરને 'સ્માર્ટ' બનાવવા રૂ. 10824 કરોડ ખર્ચાયા

## સુરતમાં સૌથી વધુ પ્રોજેક્ટ : રૂપિયા 627 કરોડના 15 પ્રોજેક્ટમાં કામગીરી હજુ બાકી

અમદાવાદ

સ્માર્ટ સિટી અંતર્ગત ગુજરાતમાંથી અમદાવાદ સહિત 6 શહેરને પસંદ કરવામાં આવ્યા છે. ગુજરાતમાં સ્માર્ટ સિટીમાં 354 પ્રોજેક્ટ પાછળ અત્યાર સુધી રૂપિયા 10827. 14 કરોડ ખર્ચવામાં આવ્યા છે. હજુ 15 પ્રોજેક્ટમાં અંદાજે રૂપિયા 627.22 કરોડ ખર્ચાવાના બાકી છે.

શહેરી માળખાકીય સુવિધાઓ, જીવનની ગુણવત્તા અને ટકાઉ વિકાસને વધારવા માટે ભારત સરકારે 25 જૂન, 2015ના રોજ સ્માર્ટ સિટીઝ મિશનની શરૂઆત કરી હતી. આ મિશનનો હેતુ સામાજિક, નાણાકીય અને સંસ્થાકીય પાસાઓનો વિકાસ કરીને શહેરોને મોડલ શહેરી વિસ્તારોમાં પરાવર્તિત કરવાનો છે. આ મિશન હેઠળ, સમગ્ર ભારતમાંથી 100 શહેરો પસંદ કરવામાં



આવ્યા છે, જેમાં ગુજરાતમાંથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ, એમ છ શહેરોની પસંદગી કરવામાં આવી છે.

સ્માર્ટ સિટીઝમાં વધુ સારી હેલ્થકેર સિસ્ટમ, ગવર્નેન્સ, ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ, સિક્યોરિટી સર્વિલેન્સ,સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોજગારની તકો જેવી સુવિધાઓ સામેલ છે. શહેરોમાં વધી રહેલી ભીડ અને ટ્રાફિકને ઘટાડવાનું, નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું અને પ્રદૂષણ ઘટાડવાનું લક્ષ્ય સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સેવવામાં આવ્યું છે. એટલું જ નહીં રોડ એક્સિડન્ટ્સને રોકવા તેમજ સાઈકલ ચાલકો માટે અલગ માર્ગ બનાવવા જેવી સુવિધાઓ વિકસાવવામાં આવે છે. સ્માર્ટ સિટી હેઠળ સુરતમાં સૌથી વધુ 82, રાજકોટમાં 71, અમદાવાદમાં 70 પ્રોજેક્ટ છે. અમદાવાદમાં કુલ 70 પ્રોજેક્ટ પાછળ 11451 કરોડ રકમ છે. આ પૈકી હવે માત્ર 1 પ્રોજેક્ટ બાકી છે. આ પ્રોજેક્ટ અંદાજે રૂપિયા 2626 કરોડનો છે.

# હિટ એન્ડ રન કેસમાં બિલ્ડર પુત્રની 25 દિવસે ધરપકડ કરાઈ

### પીધેલા ભાઇને પકડાવવા ગયેલા યુવકને હરણી પોલીસે પરેશાન કરી મૂક્યો

વડોદરા

સમા-સાવલી રોડ કારેલીબાગની પુરુષોત્તમ સોસાયટીમાં રહેતા ૭૩ વર્ષીય કાન્તિલાલ ઠક્કર ગઇ તા.૧૬મીએ પરોઢિયે દુકાનનો કચરો નાંખવા માટે નજીકમાં આવેલી સમા-સાવલી રોડ પરની પાયલ પાર્ક સોસાયટીના નાકે ગયા હતા ત્યારે અજાણ્યા વાહને તેમને અડફેટમાં લેતાં મોત નીપજ્યું હતું.પોલીસે આ કેસમાં ૨૫ દિવસ પછી કાર ચાલક બિલ્ડર પુત્ર પિનાક મુકેશભાઈ સોરઠિયા(આસુતોષ સોસાયટી, કારેલીબાગ)ની ધરપકડ કરી ત્રણેક કલાકમાં જ છોડી દીધો હતો.વળી આ કેસમાં તેની બીએમડબલ્યુ કાર પણ કબજે લેવામાં આવી નહતી.

બીજીતરફ હરણી પોલીસે ગઇ મોડીરાતે દારૂ ઢીંચી ધાંધલ મચાવતા ભાઇને પકડાવવા માટે આવેલા યુવક સાથે આરોપી હોય તે રીતે વર્તણૂક કરી હોવાનો બનાવ ચર્ચાનો વિષય બન્યો છે.

# અમદાવાદમાં પત્ની બહેનપણી સાથે ભાગી ગઈ તો પતિએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

અમદાવાદ

ચાંદખેડા વિસ્તારમાં રહેતા એક પતિએ પોતાની પત્ની અને તેની બહેનપણી પર લેસ્બિયન અથવા હોમોસેક્સ્યુઅલના ગંભીર અને વિચિત્ર આક્ષેપો લગાવી હાઈકોર્ટ સમક્ષ હેબીયર્સ કોર્પસ અરજી દાખલ કરી જણાવ્યું હતું કે, અરજદારના લગ્ન તેની પત્ની સાથે તા. 9 ઓક્ટોબર 2022ના રોજ થયા હતા. તેઓ સુખેથી પોતાનું લગ્નજીવન જીવી રહ્યા હતા અને તેની પત્નીને સાત મહિનાની પ્રેગનન્સી પણ રહી છે. ફેબ્રુઆરી- 2025માં તેને ડિલીવરી થવાની શક્યતા છે. જો કે, તેની પત્નીની નાનપણની એક બહેનપણી કે જેની સાથે તેનો ગાઢ ઘરોબો હતો અને આ બહેનપણીને પણ અરજદારની પત્ની પ્રત્યે લેસ્બિયન કે હોમોસેક્સ્યુઅલ પ્રકારનું આકર્ષણ હતું.

દરમિયાન ગત તા. 29 ઓક્ટોબર 2024ના રોજ અચાનક જ તેની પત્ની ઘરમા કોઈને કીધા વગર જતી રહી હતી. બીજીબાજુ, તેની પત્નીની બહેનપણી કે જેને અરજદારની પત્ની પ્રત્યે લેસ્બિયન કે હોમોસેક્સ્યુઅલ પ્રકારનું આકર્ષણ હતું તે પણ ઘરેથી ગાયબ હતી. તેથી અરજદારે સમગ્ર મામલે ચાંદખેડા પોલીસમાં જાણવા જોગ પણ નોંધાવી હતી.

એક દિવસ ચાંદખેડા પોલીસના એક કર્મચારીએ તેમને ખાનગીમાં જણાવ્યું કે, અરજદારની પત્ની બેંગ્લોરમાં છે અને તે અરજદાર પાસે પાછી આવવા માંગતી નથી, ઈન્સ્ટાગ્રામ એપ મારફતે તેનું નિવેદન પણ પોલીસે નોંધ્યું છે. જે સાંભળી અરજદારને બહુ મોટો આઘાત અને આંચકો લાગ્યો હતો. તેમણે પોલીસને એ વીડિયો બતાવવા કહ્યું પણ પોલીસે ના પાડી દીધી હતી.

# ગુજરાતથી અયોધ્યા યાત્રા કરવા ભક્તને મળશે 5 હજાર રૂપિયાની સહાય

અયોધ્યા

અયોધ્યામાં રામ મંદિરના દર્શન કરવા માટે ગુજરાત સરકાર દ્વારા સહાય કરવામાં આવશે. જેમાં રામ જન્મભૂમિ- મા શબરી સ્મૃતિ યાત્રા યોજના હેઠળ અયોધ્યા દર્શન કરાવાશે. આ યોજનાનો લાભ લેવા માટે લોકોએ 31 ડિસેમ્બર સુધીમાં ઓનલાઈન માધ્યમથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેમાં https://yatradham.gujarat.gov.in/SRJApplicantRegistration વેબસાઈટ અને 9978412284 પર સંપર્ક કરીને વધુ જાણકારી મેળવી શકાશે. ચાલુ વર્ષમાં ગુજરાતમાં વસવાટ કરતાં કુલ 10 હજારથી વધુ યાત્રાળુઓ આ યોજનાનો લાભ લીધો છે.

# પાણીની શુદ્ધતા ચકાસવામાં ગુજરાત દેશમાં ટોચના 15 રાજ્યમાં પણ નહીં

અમદાવાદ

પાણીની શુદ્ધતા ચકાસવાને મામલે સરકારી તંત્ર જ પાણીમાં બેસી ગયું હોય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. એક વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા પાણીના માત્ર 1.52 લાખ સેમ્પલ લેવામાં આવ્યા છે. પાણીના સૌથી વધુ સેમ્પલ ચકાસતા રાજ્યોમાં ગુજરાત ટોપ-15માં પણ નથી.

પાણીજન્ય બીમારી સતત વધતી હોવા છતાં પાણીના સેમ્પલ લેવાને મામલે તંત્ર જ પાણીમાં વર્ષ 2023-24માં ગુજરાતમાં પાણીના 1,52,507 સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ પૈકી 14922 સેમ્પલ દૂષિત હોવાનું સામે આવ્યું છે. દૂષિત સેમ્પલમાંથી 13834 સામે નક્કર પગલાં લેવામાં આવ્યા હોવાનો દાવો કરાયો છે. ગુજરાતમાં પાણીજન્ય રોગનું પ્રમાણ સતત વધી રહ્યું છે ત્યારે પાણીના સેમ્પલ લેવાનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. પાણીના સેમ્પલ લેવામાં ટોચના 15 રાજ્યોમાં પણ સમાવેશ નહીં હોવો તેનું દ્રષ્ટાંત છે. એક વર્ષના આ સમયગાળામાં તામિલનાડુમાં સૌથી વધુ 8.46 લાખ, મહારાષ્ટ્રમાં 6.38 લાખ, કેરળમાં 6.27 લાખ, ઉત્તર પ્રદેશમાં 6.21 લાખ, મધ્ય પ્રદેશમાં 5.72 લાખ સાથે સૌથી વધુ સેમ્પલ લેવામાં આવ્યા છે. બિહાર, આસામ, બિહાર, ઝારખંડ, જમ્મુ કાશ્મીર જેવા રાજ્યોએ પણ ગુજરાત કરતાં વધુ પાણીના સેમ્પલ લીધા છે.

# RBIએ ત્રણ સહકારી બેન્કોને પેનલ્ટી ફટકારી

અમદાવાદ

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ગુજરાતની ત્રણ સહકારી બેન્કોને માર્ગદર્શિકાઓનું પાલન ન કરવા બદલ પેનલ્ટી ફટકારી છે. જેમાં આણંદની બે કો-ઓપરેટિવ બેન્કોને રૂ. 1-1 લાખ અને વલસાડની એક કો-ઓપરેટિવ બેન્કને રૂ. 15 લાખની પેનલ્ટી ફટકારી છે. આ પેનલ્ટી આરબીઆઈની માર્ગદર્શિકાઓનું પાલન ન કરવા બદલ થઈ હોવાથી ખાતેદારો પર તેની કોઈ ખાસ અસર થશે નહીં.

SBPP કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડને રૂ. 15 લાખની પેનલ્ટી થઈ છે. ભાદરણ પીપલ્સ કો-ઓપરેટિવ બેન્કને રૂ. 1 લાખની પેનલ્ટી કરવામાં આવી છે. તેમજ તારાપુર કો-ઓપરેટિવ અર્બન બેન્ક લિ.ને રૂ. 1 લાખની પેનલ્ટી ફટકારી છે.

# સરકાર સેવા-સુવિધાને અસરકારક બનાવવા માટે હવે AIની મદદ લેશે

અમદાવાદ

ગુજરાત સરકારે વિવિધ ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો શ્રેષ્ઠત્તમ ઉપયોગ કરવા AI ટાસ્કફોર્સની રચના કરી છે. 10 સભ્યોની આ ટાસ્કફોર્સમાં આઈસીટી, આઈઆઈટી, આઈઆઈઆઈટીના ડિરેક્ટર્સ સહિત પાંચ જેટલા વિવિધ તજજ્ઞોનો સમાવેશ કરાયો છે. નાગરિકોની યોજનાઓ, સેવા-સુવિધાનો અસરકારક રીતે અને ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ સાથે ઝડપથી મળી રહે તે માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હાલના સમયની જરૂરિયાત હોવાનો સરકાર દ્વારા દાવો કરાયો છે. આ પરિપ્રેક્ષ્યમાં ગિફ્ટ સિટી ખાતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે તાજેતરમાં જ માઈક્રોસોફ્ટ સાથે એમઓયુ કર્યા હતા. આ સેન્ટરમાં મશીન લર્નિંગ, કોગ્નિટિવ સર્વિસ, બોટ સર્વિસ જેવી મુખ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરાશે. સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના અગ્રસચિવ આ ટાસ્કફોર્સના અધ્યક્ષ તરીકે સેવા આપશે.

પ્રારંભિક તબક્કે એક વર્ષના સમયગાળામ માટે રચાયેલા આ ટાસ્કફોર્સની વાર્ષિક સમીક્ષા કરી તેના સ્કોપ ઓફ વર્ક અને કામગીરી વધુ સમય લંબાવવા યોગ્ય સુધારા કરાશે.

# અમદાવાદથી વિદેશ જવું મોંઘુ, મુંબઈ-દિલ્હી થઈને જશો તો 20થી 25 હજારનો થશે ફાયદો

અમદાવાદ

અમદાવાદથી ડાયરેક્ટ ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ થવાનું મુખ્ય કારણ ઊંચું ભાડું છે. વાત એમ છે કે, અમદાવાદથી સીધી ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં જતા મુસાફરોએ જે ભાડું ચૂકવવું પડે છે તેના કરતાં ઓછા ભાડામાં વાયા મુંબઈ કે દિલ્હીથી વિદેશ જઈ શકાય છે.

અંદાજે રૂપિયા 30 હજાર જેવી રકમ બચતી હોવાથી મોટાભાગના લોકો એ જ રસ્તો અપનાવે છે અને તેના કારણે અમદાવાદ એરપોર્ટથી ડાયરેક્ટ ઈન્ટરનેશનલ ફ્લાઈટના પૂરતા પ્રવાસીઓ મળતા નથી. એરલાઈન્સના વ્યવસાય સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદથી ડાયરેક્ટ ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં જવાને બદલે મુંબઈ-દિલ્હી થઈને જવામાં મુસાફરોને 30 થી 40 ટકાની બચત થાય છે.

દ્રષ્ટાંત તરીકે સમજીએ તો, અમદાવાદ એરપોર્ટથી ટોરન્ટો અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓએ એર ઈન્ડિયાનીફ્લાઈટ માટે રૂ. 71 હજાર બેઝ ફેર અને 18 ટકા ટેક્સ એમ મળીને રૂપિયા 83,780 ચૂકવવા પડે છે. બીજી તરફ મુંબઈથી કેનેડા રૂપિયા 38 હજારના બેઝ ફેર અને 18 ટકા ટેક્સ સાથે કુલ રૂપિયા 44,840 ચૂકવવાના થાય છે.

હવે આ ભાડામાં અમદાવાદ-મુંબઈનું એરફેર ઉમેરવામાં આવે તો વધુમાં વધુ રૂપિયા 50 હજાર ચૂકવવા પડે. મતલબ કે, વાયા મુંબઈ ઈન્ટરનેશનલ ફ્લાઈટના ભાડાથી 33 હજાર ઓછું ભાડું ચૂકવીને કેનેડા જઈ શકાય છે. આ જ રીતે દિલ્હીથી કેનેડા જવાના પર હજાર બેઝ ફેર અને 18 ટકા ટેક્સ મળીને કુલ રૂપિયા 61,390 ચૂકવવા પડે છે. તેમાં દિલ્હીની ફ્લાઈટનું રૂપિયા 6 હજાર ભાડું ઉમેરો તો રૂપિયા 67 હજાર ભાડું થાય. આમ, કુલ રૂપિયા 17 હજાર રૂપિયાનો ફાયદો સીધી ઈન્ટરનેશનલ ફ્લાઈટની સરખામણીએ થાય છે.

# તાંત્રિક નવલસિંહ, તેની પત્ની, ધમલપરના યુવાન સહિત ચાર સામે ગુનો દાખલ

## રાજકોટની યુવતી નગ્મા પ્રેમસંબંધમાં લગ્ન માટે દબાણ કરતી હોવાથી હત્યા કરાઈ અને મૃતદેહના કટકા કરી ધમલપર પાસે દાટી દેવાયા હતા

**મોરબી**

અમદાવાદ પોલીસે ઝડપી લીધેલ સીરીયલ કિલર તાંત્રિકે રાજકોટની યુવતીની હત્યા કરી મૃતદેહના કટકા કરી વાંકાનેર નજીક ધમલપર ગામ પાસે દાટી દીધાનો ખુલાસો કર્યા બાદ પોલીસે મૃતદેહના અવશેષો એકત્ર કર્યા હતા. અને હત્યાના પુરાવા પ્રાપ્ત થયા બાદ વાંકાનેર પાલીસે તાંત્રિક સહેત ચાર સામે હત્યાની ફરિયાદ નોંધી વધુ તપાસ ચલાવી છે.

વાંકાનેર સીટી પોલીસ પીએસઆઈ જીતેન્દ્રસિંહ લખુભા ઝાલાએ આરોપી મૃતક તાંત્રિક નવલસિંહ મુળજીભાઈ ચાવડા, તેની પત્ની સોનલબેન નવલસિંહ ચાવડા (રહે બંને રહે શિયાણી પોળ મોટા પીર વઢવાણ) તેમજ જીગર ભનુભાઈ ગોહિલ અને શક્તિરાજ ભરતભાઈ માનસિંગભાઈ ચાવડા (રહે.ધમલપર) વિરૂધ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે.જેમાં જણાવ્યું છે કે ગત તા.૧૧-૧૨ ના રોજ સરખેજ અમદાવાદ પોલીસ ટીમ વાંકાનેર સીટી પોલીસ મથક ખાતે આવી તપાસ ચલાવી હતી. જેમાં આરોપી મૃતક તાંત્રિક નવલસિંહ ચાવડાએ રાજકોટ રહેતા નગ્માબેન કાદરભાઈ અલીભાઈ મુકાસમાં સાથે પ્રેમસંબંધ હતો.અને નગ્માબેન આરોપી નવલસિંહને લગ્ન માટે દબાણ કરતા હતા.જેથી નવલસિંહે વઢવાણ બોલાવી સોડિયમ નાઈટ્રેટ કેમિકલ પીવડાવતા નગ્માંબેનનું મોત થયું



હતું.તેના મૃતદેહના કટકા કરી મૃતદેહ થેલામાં ભરી વાંકાનેર રહેતા તેના બહેન ચંદ્રિકાબેન ભરતભાઈ ચાવડાના પુત્ર શક્તિરાજ ચાવડાને વાંકાનેર રેલ્વે સ્ટેશન ફાટક સામે આવેલ મંદિર પાસે ખાડો ખોદાવી રાખવા જણાવ્યું હતું.

આરોપી નવલસિંહ તેની કારમાં મૃતદેહના કટકા લઈને વઢવાણ ખાતેથી નીકળી વાંકાનેર આવ્યો હતો.અને શક્તિરાજ ચાવડાએ ખાડો ખોદી રાખ્યો હતો જે ખાડામાં મૃતદેહ દાટયાની નવલસિંહે કબુલાત આપી હતી.તેમજ ચંદ્રિકાબેન ચાવડા, શક્તિરાજ ચાવડાની પૂછપરછ કરતા આરોપી નવલસિંહે જણાવેલ હકીકતને સમર્થન આપતી હકીકત જણાવી હતી.મૃતદેહ ધમલપર ફાટક, સરધારકા ગામ પાસે દાટી દીધો હતો. જેથી અમદાવાદ પોલીસને સાથે રાખી વાંકાનેર સીટી પોલીસે બનાવ વાળા સ્થળેથી મૃતદેહના અવશેષો કબજે લઈને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડયા હતા. આમ મૃતક નગ્માબેન કાદરભાઈ મુકાસમને મૃતક આરોપી નવલસિંહ ચાવડા સાથે પ્રેમસંબંધ હોય અને લગ્ન માટે દબાણ કરતા હતા. આરોપી નવલસિંહ પરિણીત હતો અને લગ્ન કરવા માંગતો ના હતો.જેથી દશેક માસ પૂર્વે ધુળેટીના દિવસે તા. ૨૬-૦૩-૨૦૨૪ ના રોજ વઢવાણ ખાતેના રહેણાંક મકાને બોલાવી સોડિયમ નાઈટ્રેટ પીવડાવી હત્યા કરી મૃતદેહના કટકા કરી પ્લાસ્ટિક થેલીમાં ભરીને ભાણેજ શક્તિરાજ ચાવડાને ફોન કરી ખાડો ખોદી રાખવા જણાવી આરોપી નવલસિંહ અને જીગર ગોહિલ બંને ગાડીઓ લઈને આવી મૃતદેહ આરોપી નવલસિંહ, તેની નાબાલિક દીકરી અને પત્ની સોનલબેને લાવી મૃતદેહ દાટી પુરાવાનો નાશ કર્યો હતો.

# યુવતીને ભગાડી જનાર યુવકના ઘરે તોફાન કરી બકરા ઉઠાવી જવાયા

દાહોદ : દાહોદના બોરખેડામાં આવેલ રાબડીયા ફળિયામાં ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. અહીંયા એક યુવક યુવતીને ભગાડી ગયો તો છોકરીના પરિવારે છોકરાના ઘરે જઈ તેના અને તેની આસપાસના ઘરોમાં તોડફોડ કરી હતી. સાથે સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે છોકરીના પરિવારજનો ઘરની બહારના બકરા પણ ચોરીને જતા રહ્યા તેવો ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. બોરખેડામાં આવેલ રાબડીયા ફળિયામાં. કે જ્યાં રહેતો એક યુવક યુવતીને ભગાડી ગયો હતો. જેને લઈને યુવતીના પરિવારે યુવકના ઘરે જઈ તેના અને તેની આસપાસના ઘરોમાં તોડફોડ કરી હતી. યુવતીના પરિવાર દ્વારા કુલ ૮ મકાનોમાં તોડફોડ કરી હોવાનું સામે આવ્યું છે. જેમાં મકાનના નળિયા તોડી કાઢ્યા સાથે જ ઘરમાં લાકડીઓ અને કુહાડીઓ સાથે ઘૂસીને ઘરમાં તિજોરીનો સરસામાન વેરવિખેર કર્યો અને ઘરમાં પણ અંદર તોડફોડ કરી હતી. સાથે જ ઘરની બહાર પડેલા ૭ જેટલા બાઈકોને પણ નુકસાન કર્યું હતું. સૌથી નવાઈની વાત તો એ છે કે ગ્રામજનોએ કરેલા આક્ષેપ મુજબ આરોપીઓ ઘરની બહારના બકરા પણ ચોરીને જતા રહ્યા હતા.

# ઓલપાડમાં પત્નીની હત્યા કર્યા બાદ પતિએ દવા પી ટાંકી ઉપરથી મોતની છલાંગ લગાવી

## નજીવી વાતે તકરાર બાદ પત્નીને કુહાડીના ઉપરાછાપરી ઘા ઝીંકી દેવાયા

સુરત : ઓલપાડ ટાઉનમાં પતિએ તેની પત્નીને માથામાં કુહાડીનો ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધી હતી. જે પછી પતિએ પોતે પણ ઝેરી દવા ગટગટાવીને પાણીની ટાંકી પરથી મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી હતી.

મોટા હળપતિવાસમાં શ્રામજીવી ધનસુખભાઈ કેશવભાઈ રાઠોડ (ઉ.વ. ૪૭) તેની પત્ની લક્ષ્મીબેન સાથે રહેતો હતો. પતિ-પત્ની કોઈ અણબનાવના પગલે સોમવારે વહેલી સવારે ૬.૩૦ કલાકે ધનસુખ રાઠોડે ખૂની ખેલ ખેલી તેની પત્ની લક્ષ્મીબેનને માથાના ભાગે ધારદાર કુહાડીથી ઉપરાઉપરી ઘા મારી દીધા હતા. આ સાથે જ લક્ષ્મીબેન લોહીલુહાણ થઈ ગયા હતા. જ્યારે આ મામલાની જાણ ઓલપાડ ટાઉનમાં રહેતી શ્રામિક દંપતીની પરિણીત પુત્રી તેજલબેન રવિભાઈ રાઠોડને થતાં તે પિયર આવી હતી. તે સમયે ધનસુખ રાઠોડ હાથમાં કુહાડો લઈને ઊભો હતો, પરંતુ દીકરીને જોઈ તે ઘરની બહાર ભાગી છૂટયો હતો. જ્યારે ઘરમાં લોહી-લુહાણ હાલતમાં પડેલી માતાને તેજલ રાઠોડ ઓલપાડ ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગઈ હતી. જ્યાં ફરજ પરના તબીબે લક્ષ્મીબેનને મૃત જાહેર કરી હતી. જ્યારે ધનસુખ રાઠોડને તેની પત્નીનું મોત થયું હોવાની જાણ થતાં જ તે આઘાતમાં ગરકાવ થઈ ગયો હતો. જે બાદ તેણે ઝેરી દવા ગટગટાવી લીધી હતી અને પછી ઘરની નજીક આવેલી પાણીની મોટી ટાંકી ઉપર ચઢી ગયો હતો. આખરે તેણે ટાંકી પરથી મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી હતી.

# ગગન ગિલ અને ગુજરાતી કવિ દિલીપ ઝવેરીને સાહિત્ય અકાદમી એવોર્ડ

**અમદાવાદ**

દેશના પ્રતિષ્ઠિત સાહિત્ય અકાદમી પુરસ્કાર-૨૦૨૪ની આજે જાહેરાત કરવામાં આવી છે. હિન્દીની પ્રતિષ્ઠિત કવયિત્રી ગગન ગિલ અને અંગ્રેજીમાં ઈસ્ટરિન કિરે સહિત ૨૧ ભાષાઓના સર્જકોને એવોર્ડ દ્વારા પુરસ્કૃત કરવાની જાહેરાત કરાઈ છે. ગુજરાતી કવિ દિલીપ ઝવેરીને 'ભગવાનની વાતો' (કવિતા) માટે સન્માનિત કરાશે. સંસ્કૃતમાં દીપક કુમાર શર્મા (કાવ્યસંગ્રહ), રાજસ્થાનીમાં મુકુટ મણિરાજ (કવિતાસંગ્રહ), પંજાબીમાં પોલ કૌર(કવિતા સંગ્રહ), કાશ્મીરીમાં સોહન કૌલ(નવલકથા) અને ગુજરાતીમાં દિલીપ ઝવેરી (કાવ્યસંગ્રહ)ને પુરસ્કૃત કરવામાં આવશે.

# વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ગુજરાતમાં NRI ડિપોઝીટ એક લાખ કરોડને પાર

**અમદાવાદ**

વિશ્વના અનેક ભાગોમાં યુદ્ધ કે ભૌગોલિક ટેન્શનના માહોલ વચ્ચે પણ ભારતીય શેરબજારમાં છેલ્લા મહિનાઓમા રેકોર્ડબ્રેક તેજી છવાયેલી રહી હતી અને ભારતીયોએ જંગી રોકાણ ઠાલવ્યુ હતું. ભારતીયો જ નહીં, બિનનિવાસી ભારતીયો પણ ભારત પ્રત્યે આકર્ષિત હોય તેમ ગુજરાતમાં એનઆરઆઈ ડિપોઝીટને આંકડો એક લાખ કરોડને પાર થઈ ગયો છે. સ્ટેટ લેવલ બેંકર્સ કમીટીના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં બિનનિવાસી ભારતીયોની થાપણ સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં જ એક લાખ કરોડને પાર થઈ ગઈ હતી. જે ગત વર્ષની સરખામણીએ 14 ટકાનો વધારો સૂચવે છે. ચાલુ વર્ષે એનઆરઆઈ ડિપોઝીટનો આંકડો 1.01 લાખ કરોડ થયો છે તે ગત વર્ષે 89057 કરોડ હતો.

કમીટીના સીનીયર અધિકારીએ કહ્યું કે, ગત સાલની સરખામણીએ ચાલુ વર્ષે બીનહિસાબી ભારતીયોએ વધુ નાણા મોકલ્યા છે તે પાછળ અનેકવિધ કારણો જવાબદાર છે. વિશ્વસ્તરે અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો હોવાને કારણે ભારતીયોએ સુરક્ષા માટે પણ ભારતમાં નાણાં રાખવાનો વ્યુહ અપનાવ્યો છે.

# અમદાવાદમાં ગુંડાઓનો આતંક, રખિયાલમાં કોમ્બિંગ

અમદાવાદ : ગુરુવારે પોલીસે રખિયાલ, ગરીબનગર સહિતના વિસ્તારોમાં નાઈટ કોમ્બિંગ કર્યું હતુ. આ દરમિયાન એસીપી, ડીસીપી અને પીઆઈ સહિતના અધિકારીઓ તેમાં જોડાયા હતા. રખિયાલમાં પોલીસની હાજરીમાં લુખ્ખા તત્ત્વોની દાદાગીરીનો વીડિયો વાઈરલ થયો હતો. વીડિયોમાં જોવા મળે છે કે, એક શખસ પોતાના હાથમાં તલવાર રાખીને રોડ પર ખૌફ દેખાડી રહ્યો હતો. જેની સાથે અન્ય એક શખસ પણ હથિયાર સાથે જોવા મળી રહ્યો હતો. અસામાજિક તત્ત્વો પોલીસને ધમકાવીને કહ્યું હતું કે, 'બહોત મારુંગા સાહેબ' તેમ છતાં પોલીસ ચૂપચાપ બધુ જોતી રહી હતી. આરોપીએ પોલીસને પોતાની જ વાનમાં બેસાડીને દરવાજો બંધ કરીને ઘટના સ્થળ છોડવા કહ્યું હતું. જો કે, તે પછી સમગ્ર મામલે પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી.

# વડોદરામાં એકસાથે ૬ ઠગ તાંત્રિકોની ધરપકડ : અનેક ગુનાના ભેદ ઉકેલાયા

વડોદરા : ભોળા લોકોને પોતાની વાતોમાં ફસાવી ખોટા નામ ધારણ કરી તાંત્રિક વિધિના નામે ઠગાઈ કરતી ટોળકીના ૬ ઠગ ભગતોને વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યાં છે. ખાસ કરીને મહિલાઓને ટાર્ગેટ કરી ૧૦ રૂપિયાની મોર છાપ વાળી નોટ, ત્રણ આઠડા વાળી નોટ તેમજ માતાજીના ચિત્ર વાળા સિક્કા પર તાંત્રિક વિધિ કરીને એકના ડબલ તેમજ દસ ગણા કરી આપવાની લાલચ આપતા અને બાદમાં અવાવરૂ જગ્યાએ લઈ જઈ તાંત્રિક વિધિનો ઢોંગ કરી નાગરીકો પાસે ડબ્બામાં રૂપિયા મુકાવી લોકોની નજર ચુકવી રૂપિયાવાળો ડબ્બો બદલી તેના બદલે નાળિયેર રાખેલા ડબ્બા નાગરીકોને આપી છેતરપીંડી કરી રૂપિયા પડાવી લેતા હતા. પોલીસે આ ટોળકી સાથે સંકળાયેલા છ આરોપી ધરપકડ કરી છે. આરોપીઓમાં ૧ પ્યારેસાબ ઉર્ફે રાજુ રાઠોડ, ૨ કાળુ ઉર્ફે અશોક સોલંકી, ૩ ઈરફાન ઉર્ફે મહેશ દિવાન, ૪ ફિરોઝ ઉર્ફે લાલો સોલંકી, ૫ મકબુલશા દિવાન, ૬ અનવર ગરાસિયાનો સમાવેશ થાય છે.

# અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ બન્યું ડ્રગ્સનું હબ, બે યાત્રી પાસેથી રૂા.15 કરોડનું ડ્રગ્સ જપ્ત

**અમદાવાદ**

ડ્રગ્સના હબ બનેલા અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વધુ 15 કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું છે. અમદાવાદ ડી આર આઈના અધિકારીઓએ બેંગકોકથી અમદાવાદ આવેલી ફ્લાઈટના બે પેસેન્જરો પાસેથી 9.5 કિલોગ્રામ અને 6 કિલોગ્રામ હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો છે. આ 15.5 કિલોગ્રામ હાઈબ્રિડ ગાંજાની ઈન્ટરનેશનલ માર્કેટ કિંમત 15 કરોડ રૂપિયા થવા જાય છે. ભારતીય નાગરિકે ગાંજો વેક્યુમ પેકિંગ કરીને છુપાવ્યો હતો પણ, વેક્યુમ પેકિંગ કરતાં પહેલા ખાસ પ્રકારનું કેમિકલ નાખીને ગાંજો પ્રોસેસ કરાયો હતો.

સળંગ બે દિવસમાં અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી મોટા પ્રમાણમાં ગાંજો ઝડપાયો છે. સોમવારે કસ્ટમ વિભાગે બેંગકોકથી આવેલા થાઈલૅન્ડના નાગરિક પાસેથી 6.5 કિલો હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો હતો તેની કિંમત પાંચ કરોડ થવા જાય છે. કસ્ટમની કાર્યવાહી બાદ ડી.આર. આઈને બાતમી મળી હતી કે આ જ ફ્લાઈટમાં અન્ય એક પેસેન્જર ઈન્ટરનેશનલ ડ્રગ માફિયાઓ માટે કામ કરી રહ્યો છે અને હાઈબ્રીડ ગાંજો બેગેજમાં લઈને આવી રહ્યો છે. આ બાતમીના આધારે ડીઆરઆઈના અધિકારીઓએ આ ભારતીય નાગરિકના બેગેજની તપાસ કરતાં પ્લાસ્ટિકની કોથળીઓમાં કપડાંની વચ્ચે ગાંજો છુપાવેલો મળી આવ્યો હતો. આ ભારતીય નાગરિકે પણ ગાંજો વેક્યુમ પેકિંગ કરીને છુપાવ્યો હતો પણ તેણે ચાલાકી એ કરી હતી કે, વેક્યુમ પેકિંગ કરતાં પહેલા ખાસ પ્રકારનું કેમિકલ નાખીને ગાંજો પ્રોસેસ કરાયો હતો.

# કેનેડાના શહેરોમાં શિયાળામાં ઠંડીના સમયગાળામાં ઘટાડો

## ગ્લોબલ વોર્મિંગની અસર : 2014 અને 2023ની વચ્ચે વિશ્વના અનેક ઠંડા પ્રદેશમાં તાપમાનનો પારો શૂન્યથી ઉપર રહ્યો

**ઓન્ટેરિયો**

છેલ્લા 10 વર્ષોમાં કેનેડા સહિત વિશ્વભરના શહેરોએ આબોહવા પરિવર્તનને કારણે દર વર્ષે શિયાળાની સ્કી, સ્કેટ અને બરફના દિવસો ગુમાવ્યા છે. ક્લાઈમેટ સેન્ટ્રલ, ક્લાઈમેટ રિસર્ચ અને કોમ્યુનિકેશન્સ નોન-પ્રોફિટ દ્વારા કરવામાં આવેલા નવા વિશ્લેષણ મુજબ તેઓને વરસાદ અને કાદવનો સામનો કરવો પડી રહ્યો છે.

કેનેડામાં વાનકુવર (19 દિવસ), બી.સી.નો ગ્રેટર નાનાઈમો પ્રદેશ (18 દિવસ) અને ઑન્ટારિયોનો નાયગ્રા પ્રદેશ (15 દિવસ) સહિત કેટલાક શહેરો અને પ્રદેશો કે જેમણે બે અઠવાડિયા કરતાં વધુ શિયાળાનું હવામાન ગુમાવ્યું છે. ટોરોન્ટોએ 13 દિવસ ગુમાવ્યા છે. મોન્ટ્રીયલ અને કેલગરી- ઠંડા હોવા માટે જાણીતાં છે, ત્યાં પણ દર વર્ષે અનુક્રમે છ અને પાંચ દિવસ શૂન્યથી નીચે ગયા છે.

ક્લાઈમેટ સેન્ટ્રલના સાયન્સના વાઈસ પ્રેસિડેન્ટ ક્રિસ્ટિના



ડાહલે જણાવ્યું હતું કે આ ફેરફારો ખૂબ જ નોંધનીય છે. કારણ કે, જ્યારે તાપમાન 0 સેલ્સિયસ પર થીજી જાય છે, ત્યારે બરફ વરસાદમાં ફેરવાય છે. ક્લાઈમેટ સેન્ટ્રલે 2014 અને 2023ની વચ્ચે વિશ્વના 901 શહેરો અને 123 દેશોમાં ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં દૈનિક લઘુત્તમ તાપમાન નોંધ્યું છે. તેમાં તે સમયગાળા દરમિયાન શૂન્યથી ઉપરના દિવસોની સંખ્યામાં ફેરફારની ગણતરી કરવામાં આવી હતી, જે મુખ્યત્વે પ્રાકૃતિક ઈંધણના બળવાને કારણે માનવીય આબોહવા પરિવર્તનનું પરિણામ છે. સૌથી સખત હિટ – ડેનમાર્ક, એસ્ટોનિયા, લાતવિયા અને લિથુઆનિયા – દરેકે શિયાળાના દિવસોમાં ઓછામાં ઓછા ત્રણ અઠવાડિયા (23 દિવસ સુધી) ગુમાવ્યા છે.

આ વર્ષે 14મી સીઝન માટે કેનેડામાં આઉટડોર સ્કેટિંગ રિંક્સને ટ્રેક કરી રહેલા રિંકવોચ પ્રોજેક્ટના ડિરેક્ટર રોબર્ટ મેકલેમેને જણાવ્યું હતું કે સૌથી મોટો ફેરફાર શિયાળાની શરૂઆતમાં થયો છે. તેમનું માનવું છે કે નવું ક્લાઈમેટ સેન્ટ્રલ વિશ્લેષણ એ "કેનેડિયનો માટે આપણું વાતાવરણ બદલાઈ રહ્યું છે તે ઓળખવાની શ્રેષ્ઠ રીત છે."

# ટેરિફના જોખમને રોકવા ઓટ્ટાવાએ યુએસ સરહદની 24/7 દેખરેખની દરખાસ્ત કરી

## ગેરકાયદે દવાઓ સુંઘતી કુતરાઓની ટીમ બનાવવા ભંડોળ આપવા સરકારની તૈયારી

**ઓટ્ટાવા**

ફેડરલ સરકાર ફેન્ટાનાઈલના પ્રવાહને વિક્ષેપિત કરવા અને કેનેડા-યુ.એસ. સરહદ પર 24/7 દેખરેખને મજબૂત બનાવવાના પગલાંનું વચન આપી રહી છે. જેમાં હેલિકોપ્ટર, ડ્રોન અને મોબાઈલ સર્વેલન્સ ટાવર સાથે આરસીએમપીને સજ્જ કરવા અને નવી સંયુક્ત "સ્ટ્રાઈક ફોર્સ" બનાવવાનો સમાવેશ થાય છે. સરહદને સુરક્ષિત કરવા ટ્રમ્પની અનિયમિત સ્થળાંતર અને દવાઓ વિશેની ચિંતાઓને દૂર કરવા માટે સરકાર કેવી રીતે $1.3 બિલિયન ખર્ચ કરવાની યોજના ધરાવે છે તે અંગે નાણાપ્રધાન ડોમિનિક લેબ્લેન્કે મંગળવારે વધુ વિગતો આપી હતી. તેણે જણાવ્યું હતુ કે, સરહદ સુરક્ષાને મજબૂત બનાવવાની ઝુંબેશ તમામ કેનેડિયન આયાત પર 25 ટકા ટેરિફ લાદવાની ટ્રમ્પની ધમકીને અનુસરે છે, જેનો તેમણે દાવો કર્યો હતો કે તે સરહદ સુરક્ષા, સ્થળાંતર અને ગેરકાયદેસર દવાઓ, ખાસ કરીને ફેન્ટાનાઈલ અંગેની ચિંતાઓના જવાબમાં છે. તે સ્તરે ટેરિફ કેનેડાના અર્થતંત્રને બરબાદ કરી શકે છે. સરકારની યોજના પાંચ સ્તંભો પર આધારિત છે. જેમાં ફેન્ટાનાઈલ વેપારને શોધી કાઢવો અને તેમાં વિક્ષેપ પાડવો, કાયદાના અમલીકરણ માટે નવા સાધનો રજૂ કરવા, ઓપરેશનલ સંકલન વધારવું, માહિતી-આદાન-પ્રદાન વધારવું અને આશ્રય પ્રણાલીને કડક બનાવવી વગેરે બાબતો છે.

સરકાર કેનેડા બોર્ડર સર્વિસ એજન્સી (CBSA)ને ગેરકાયદે દવાઓ સુંઘવા માટે નવી કૂતરાઓની ટીમોને તાલીમ આપવા માટે ભંડોળ આપી રહી છે અને પ્રવેશના ઉચ્ચ જોખમવાળા બંદરો પર તૈનાત કરવા માટે નવા રાસાયણિક શોધ સાધનો આપી રહી છે.

# નીચા મોરગેજ દર અને મકાન બજારમાં મંદી સાથે ફુગાવાનો દર ઘટીને 1.9%

## હવે 2025માં રેટ કટ માટે બેંક તબક્કાવાર નિર્ણય કરે તેવી સંભાવના

**ઓન્ટેરિયો**

કેનેડાનો વાર્ષિક ફુગાવાનો દર નવેમ્બરમાં ઘટીને 1.9 ટકા થયો હતો. ભાવ વૃદ્ધિમાં મંદી મોટે ભાગે નીચા મોરગેજ વ્યાજ ખર્ચ અને સસ્તી મુસાફરી દ્વારા પ્રેરિત છે, સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ મંગળવારે જણાવ્યું હતું કે, સમગ્ર બોર્ડમાં ફુગાવો મોટે ભાગે નીચે આવ્યો છે. એક વર્ષ અગાઉના સમાન સમયની સરખામણીમાં કરિયાણાની કિંમતમાં 2.6 ટકાનો ઘટાડો થયો છે. પરંતુ તે ખર્ચ હજુ પણ ઊંચા છે, નવેમ્બર 2021થી 19.6 ટકા વધ્યા છે. જ્યારે હેડલાઈન ફુગાવાનો દર સપ્ટેમ્બરમાં બેન્ક ઓફ કેનેડાના બે ટકાના લક્ષ્યાંકને સ્પર્શે છે, ત્યારે ફુગાવાના તેના પસંદગીના કોર માપદંડો હજુ પણ તે જાદુઈ આંકથી ઉપર ટ્રેન્ડ કરી રહ્યાં છે, જેમાં CPI-મીડિયન 2.6 ટકા અને CPI-ટ્રીમ નવેમ્બરમાં 2.7 ટકા હતો. BMOના ચીફ ઈકોનોમિસ્ટ ડગ્લાસ પોર્ટરે ક્લાયન્ટ્સ માટે એક નોંધમાં લખ્યું હતું કે, "આ અહેવાલ એ વાતને વધુ મજબૂત કરે છે કે, બેંક હવે 2025માં રેટ કટ માટે વધુ ક્રમિક માર્ગ તરફ વળશે. જ્યારે BMO સેન્ટ્રલ બેંકની 29 જાન્યુઆરીની મીટિંગમાં અન્ય કટની અપેક્ષા રાખે છે. હાઉસિંગ મોરચે, નવેમ્બરમાં આશ્રયની કિંમતો વર્ષ-દર-વર્ષ 4.6 ટકાની ધીમી ગતિએ વધી હતી. સળંગ 15મા મહિને મોરગેજ વ્યાજ ખર્ચ ધીમો પડ્યો હતો.

# સર્વોત્તમ સુરોત્તમ એટલે ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાય

**પુરુષોત્તમ ઉપાધ્યાય ગુજરાતી સુગમ સંગીત ઉપરાંત ગઝલ-ગાયનમાં પણ ખ્યાતિ ધરાવે છે. 'હે રંગલો...'થી લઈ 'દિવસો જુદાઈ'ના જેવા અનેક ગીતોને સ્વર આપ્યા છે. તેમણે 30 ફિલ્મો અને 30થી વધુ નાટકોમાં સંગીત આપ્યું છે. તેમણે કરેલાં ગુજરાતી ગીતોનાં સ્વરાંકન ભારતના સીમાડા વટાવી વિશ્વના ખૂણે-ખૂણે વસેલા ગુજરાતીઓના હૃદયમાં રણઝણે છે**

સંગીતકાર અને ગાયક તેમજ ગુજરાતના ગૌરવ સમાન પુરૂષોત્તમ ઉપાધ્યાયનું અવસાન થયું. તેઓએ 90 વર્ષની ઉંમરે મુંબઈમાં તેમના નિવાસ સ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. પુરૂષોત્તમ ઉપાધ્યાય ગુજરાતી કાવ્યના સ્વરકાર અને ગાયક હતા. તેઓને 2017માં પદ્મશ્રી' ઍવૉર્ડથી સન્માનિત કરાયા હતા. ગુજરાત સરકારે તેમને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

### પુરુષોતમ ઉપાધ્યાયના લોકપ્રિય ગીતો



૧. પત્થર નો ઘડી ને બેસાડ્યો.
૨. હું એક અટૂલું પંખી.
૩. એક વાર શ્યામ તમે રાધાને કહી દો.
૪. દિવસો જુદાઈ ના જાય છે.
૫. કહું છું જવાની ને પાછી વળી જા
૬. આ તો કૃષ્ણ સુદામા ની જોડી.
૭. મારી કોઈ ડાળખીમાં પાંદડા નથી.
૮. સાયબો મારો ગુલાબનો છોડ.
૯ શિવ સ્તુતિ મંત્ર.
૧૦. તારો છેડલો ઓ માથે રાખને જરા

**(૨) જીવન ઝરમર**

પુરુષોત્તમ ઉપાધ્યાયનો જન્મ 15 ઑગસ્ટ 1934ના રોજ ગુજરાતના ખેડા જિલ્લામાં ઉત્તરસંડા ગામ થયો હતો. ગુજરાતી સુગમ સંગીતના અગ્રણી ગાયક તથા સંગીત દિગ્દર્શકને નાનપણથી સંગીત સાંભળવાનો તો શોખ હતો. તેમાં ગાવાના શોખનો ઉમેરો થયો હતો.

"સાધુ! ચરણ કમલ ચિત છોડ." છ વર્ષની ઉમ્મરે ગાયેલું, એક કાર્યક્રમમાં છ વર્ષના આ બાળકે ગાયેલા ગીતને છ વખત વન્સમોર મળતુ. શાલેય શિક્ષણ દરમિયાન ઘણાં પારિતોષિકો મેળવ્યાં હતાં. ભણવા કરતાં સંગીતમાં એટલો બધો રસ જાગ્યો કે પરિવારમાં કોઈને કહ્યા વગર સંગીતમાં કારકિર્દી ઘડવા માટે વતન છોડીને મુંબઈ જતા રહ્યા. ત્રણ વર્ષની ઉમંરથી ગાવાનું શરૂ કર્યું. 1940માં 'નરસિંહ ભગત' ફિલ્મનું ઉપર લખેલ ગીત અમદાવાદમાં નાટક મંડળીમાં ગાયું અને 17 વખત વન્સ મોર થયું. 1944માં ઘેરથી ભાગીને ફિલ્મોમાં કામ કરવા મુંબઇ ગયા, પણ તરત પાછા ગયા. 1947માં કાયમ માટે મુંબઈ જીવણલાલ કવિના ઘેર ઘર ઘાટીઓ સાથે સૂઈ રહેતા ; પહેલી વાર મુંબાઈમાં દિલીપ ધોલકીયા સાથે રાસ ગીત ગાયું; જીવનમાં તીવ્ર સંઘર્ષ કર્યો. મહેનતાણાની રકમ લેવા ગીરગામથી અંધેરી, ફાટેલા ચંપલે ચાલતા ગયેલા છે. પરંતુ ત્યાં અપેક્ષા મુજબનું પ્રોત્સાહન ન મળતાં ફરી વતન તરફ મીટ માંડી. તેમણે નાટક-કંપનીઓમાં નાની-મોટી ભૂમિકાઓ ભજવવાની શરૂઆત કરી. જોગાનુજોગ ગુજરાતી રંગમંચના જાણીતા અભિનેતા અશરફખાનની હાજરીમાં નૂરજહાંએ ગાયેલું એક ગીત ગાવાની તક મળી અને આ મુલાકાતથી પુરુષોત્તમ ઉપાધ્યાયના જીવનમાં નવો વળાંક આવ્યો. થોડા સમય બાદ તેઓ ફરીથી મુંબઈ ગયા. ત્યાં નાનું મોટું કામ મળવા લાગ્યું. નસીબની બલિહારી કે તે જમાનાના વિખ્યાત કલાકારો અમીરબાઈ કર્ણાટકી, તબલાનવાજ ઉસ્તાદ અલ્લારખાંસાહેબ, વિખ્યાત ગુજરાતી ગાયક અને સ્વરકાર દિલીપ ધોળકિયા, અવિનાશ વ્યાસ જેવાના અંગત પરિચયમાં તેઓ આવ્યા. માસ્ટર અશરફખાનની ભલામણથી આકાશવાણી મુંબઈ કેન્દ્ર પર ગાવાનો કરાર કર્યો. આ ઉપરાંત, મુંબઈની જાણીતી શિક્ષણ-સંસ્થા ભારતીય વિદ્યાભવન ખાતે અવિનાશ વ્યાસની રાહબરી હેઠળ સંગીત-કાર્યક્રમોનું સંચાલન કરવાની તક મળી. સાથોસાથ પોતાની સંગીતકલાને વધુ ધારદાર અને શાસ્ત્રશુદ્ધ બનાવવાના હેતુથી ઉસ્તાદ નવરંગ નાગપુરકર પાસેથી શાસ્ત્રીય સંગીતના પાઠ લેવાની શરૂઆત કરી. અવિનાશ વ્યાસ જ્યારે જ્યારે પરદેશ જતા ત્યારે ત્યારે તેમના ભારતીય વિદ્યાભવનના સંગીતના વર્ગોનું સંચાલન કરવાની તક પુરુષોત્તમભાઈને મળતી હતી. તેઓ ગુજરાતી સુગમ સંગીત ઉપરાંત ગઝલ-ગાયનમાં પણ ખ્યાતિ ધરાવે છે. ચલ-ચિત્રજગતની સુવિખ્યાત સ્વરનિયોજક બેલડી કલ્યાણજી-આણંદજીની સંગતમાં પુરુષોત્તમ ઉપાધ્યાય પણ સ્વરનિયોજન કરવા લાગ્યા. તેમના સ્વરનિયોજન હેઠળ દેશના લતા મંગેશકર, મોહમ્મદ રફી, મુકેશ, આશા ભોસલે, મહેન્દ્ર કપૂર જેવાં આલા દરજ્જાનાં ગાયકો પાસે તેમણે પોતે સ્વરાંકન કરેલાં ગુજરાતી ગીતો ગવડાવ્યાં છે.

પુરુષોત્તમ ઉપાધ્યાયએ 'હે રંગલો...'થી લઈ 'દિવસો જુદાઈ'ના જેવા અનેક ગીતોને સ્વર આપ્યા છે. તેમણે 30 ફિલ્મો અને 30થી વધુ નાટકોમાં સંગીત આપ્યું છે. તેમણે કરેલાં ગુજરાતી ગીતોનાં સ્વરાંકન ભારતના સીમાડા વટાવી વિશ્વના ખૂણે-ખૂણે વસેલા ગુજરાતીઓના હૃદયમાં રણઝણે છે.

**- ડો. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક**

# મુંબઈમાં નેવીની બોટની ટક્કરે પેસેન્જર બોટ પલટી, 13ના મોત

## 101 લોકોને બચાવાયા, અકસ્માતની ઘટના બાદ PM મોદીએ દુઃખ વ્યક્ત કર્યુ, મૃત્યુ પામેલાના પરિવારજનોને આર્થિક સહાય કરાશેઃ દેવેન્દ્ર ફડણવીસ

**મુંબઈ**

મુંબઈના ગેટવે ઑફ ઈન્ડિયાથી એલિફન્ટા જઈ રહેલી બોટને અકસ્માત નડ્યો હતો. જેમાં ત્રણ નૌસૈનિકો સહિત 13 લોકોના મોત થયા હતા. બોટમાં 100થી વધુ મુસાફરો સવાર હતા. મળતી માહિતી મુજબ, નેવીની સ્પીડ બોટ એક પેસેન્જર બોટ સાથે અથડાઈ હતી. જેના કારણે પેસેન્જર બોટમાં પાણી ભરાવા લાગ્યું હતું અને તે ડૂબી ગઈ. જેના કારણે સમગ્ર દુર્ઘટના બની હતી.

મુંબઈ બોટ અકસ્માત અંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'નેવીની એક બોટ 'નીલકમલ' નામના પેસેન્જર જહાજ સાથે બપોરે 3.55 વાગ્યે અથડાઈ હતી. જે ઘટનામાં 101 લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને 13 લોકોના મોત થયા છે.'

ભારતીય નેવીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુંબઈના દરિયાકાંઠે ફેરી દુર્ઘટનામાં 10થી વધુ લોકોના મોતની આશંકા છે. આ ઘટના ત્યારે બની જ્યારે દરિયામાં ટ્રાયલ ચાલી રહેલ નેવીનું સ્પીડ-



ક્રાફ્ટ નિયંત્રણ બહાર ગયું અને ફેરી સાથે અથડાયું. નેવીની બોટનું એન્જિન તાજેતરમાં બદલવામાં આવ્યું હતું અને નવા એન્જિનનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું હતું. એન્જીન ફુલ થ્રોટલમાં ફસાઈ ગયું અને બોટ કાબૂ બહાર જઈને નીલકમલ ફેરી સાથે અથડાઈ. નેવીની બોટમાં 6 વ્યક્તિઓ સવાર હતા જેમાં 2 નેવીના કર્મચારીઓ અને એન્જિન સપ્લાય કરતી પેઢીના 4 સભ્યો હતા. ફેરીમાં પાંચ ક્રૂ સભ્યો સાથે 80 પુખ્ત મુસાફરો હતા. ફેરી પર હાજર બાળકોની સંખ્યા જાણવામાં આવી રહી છે કારણ કે તેમને ટિકિટ આપવામાં આવી ન હતી. સર્ચ ઓપરેશન ચાલુ છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે

કોસ્ટ ગાર્ડ અને મરીન પોલીસના સંકલનથી નૌકાદળ તરફથી બચાવ કામગીરી શરુ કરવામાં આવી હતી. 77 લોકોને બચાવી લેવાયા હતા. હજુ પણ બચાવ અને શોધખોળની કામગીરી ચાલી રહી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે બોટ દુર્ઘટના ખૂબ જ દુઃખદ છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના. હું પ્રાર્થના કરું છું કે ઘાયલો જલ્દી સ્વસ્થ થઈ જાય. આ સાથે જ તેમણે જાણકારી આપી હતી કે અસરગ્રસ્ત લોકોને સહાય આપવામાં આવશે.

સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે નૌકાદળ બોટ દુર્ઘટનાની તપાસ કરશે. આ ઘટના સાંજે 5.15 કલાકે બની હતી. સરકાર મૃતકોના પરિવારજનોને 5-5 લાખ રૂપિયાની આર્થિક મદદ કરશે.

# ઉગ્રવાદીઓના સ્થળે મસ્કની સ્ટારલિંકના ડિવાઇસ મળતા એજન્સીઓ એલર્ટ જાહેર

## આતંકીઓ મસ્કના ઇન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યાની શંકા

**ઇમ્ફાલ**

પૂર્વોત્તર ભારતમાં ભારતીય સૈન્ય અને આસામ રાઈફલ્સે ઘુસણખોરોના કેટલાક સ્થળે દરોડા પાડ્યા હતા, આ દરમિયાન જપ્ત કરાયેલા હથિયારોમાં ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સની સ્ટારલિંક ઈન્ટરનેટ ડિવાઈસ મળી છે. ખાસ કરીને હિંસાગ્રસ્ત મણિપુરમાંથી આ ડિવાઈસ મળી છે. જેને પગલે સુરક્ષા એજન્સીઓ અને સૈન્ય તેમજ પોલીસ દળ એલર્ટ થઇ ગયા છે.

સ્ટારલિંક ડિવાઈસિસને સૈન્ય અને આસામ રાઈફલ્સના જવાનોએ મણિપુરના હિંસાગ્રસ્ત ચૂડાચંદ્રપુર, ચંદેલ, ઇમ્ફાલ અને કાંગપોક્પી શહેરોથી જપ્ત કર્યા હતા. સામાન્ય રીતે જ્યારે પણ આવા દરોડા દરમિયાન જપ્તી થાય છે ત્યારે હથિયારો, ગ્રેનેડ વગેરે જેવા હુમલામાં ઉપયોગમાં લેવાતા સાધનો મળે છે પરંતુ પ્રથમ વખત વાતચીત માટે ઉપયોગમાં લેવાતુ ઈલોન મસ્કની કંપનીનું ઈન્ટરનેટ ડિવાઈસ મળી આવ્યું છે. એવામાં સવાલ ઉઠી રહ્યા છે કે ઘુસણખોરો કે ઉગ્રવાદીઓ અથવા આતંકવાદીઓ પાસે આ ડિવાઇસ પહોંચ્યું કઇ રીતે.

# મહારાષ્ટ્રમાં એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ ભાજપના પગલાંથી શિંદે થયા ભારે 'નારાજ'

## ભાજપના MLC રામ શિંદેએ વિધાન પરિષદના અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવી

**મુંબઈ**

બુધવારે ભાજપના MLC રામ શિંદેએ વિધાન પરિષદના અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવી ત્યારે તેમની સાથે માત્ર મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર જ દેખાયા હતા પરંતુ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે તેમની સાથે જોવા મળ્યા ન હતા. ત્યારબાદથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં એવી ચર્ચાએ જોર પકડ્યું છે એકનાથ શિંદે ફરી નારાજ



થઇ ગયા છે. રામ શિંદેની ઉમેદવારી શિવસેના માટે મોટો ઝટકો મનાય છે. કારણ કે શિવસેના પણ વિધાન પરિષદના અધ્યક્ષ પદ માટે પોતાનો દાવો ઠોકી રહી હતી. શિવસેનાના ઉપાધ્યક્ષ નીલમ ગોરને પણ આ ચૂંટણીમાં સંભવિત ઉમેદવાર માનવામાં આવી રહ્યા હતા.

રામ શિંદેએ કહ્યું, કોંગ્રેસે પણ કહ્યું છે કે તેમની તરફથી કોઈ ઉમેદવારી નહીં થાય. આવી સ્થિતિમાં આ ચૂંટણી બિનહરીફ થશે. આ એક સારો સંદેશ છે. હું મુખ્યમંત્રી ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રીઓનો આભાર માનું છું. ભાજપના વરિષ્ઠ નેતાઓ અને શિવસેના વચ્ચે આ મામલે ચર્ચા થઈ શકે છે.

# જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં મકાનમાં ભીષણ આગ : ગુંગળામણથી 6નાં મોત, 3 બેભાન

**કઠુઆ**

જમ્મુ કાશ્મીરના કઠુઆમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં શિવનગરમાં એક ઘરમાં આગ લાગવાથી 6 લોકોના શ્વાસ રૂંધાઈ જતાં મોત થયા છે. માહિતી મુજબ આ ઘરમાં લગભગ 9 લોકો સૂતા હતા, જેમાંથી 6 લોકોના મોત ગૂંગળામણને કારણે થયા હતા, જ્યારે 3 લોકો બેભાન થઈ ગયા છે.

માહિતી અનુસાર મદદ માટે આવેલા એક પાડોશી પણ દુર્ઘટના વખતે બેભાન થઈ ગયા હતા. બેભાન થઈ ગયેલા લોકોને કઠુઆની જીએમસી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. શોર્ટ સર્કિટના કારણે ઘરમાં આગ લાગી હોવાની માહિતી પ્રાથમિક તપાસમાં સામે આવી હતી. માહિતી અનુસાર જેમના ઘરમાં આગ લાગી તે નિવૃત્ત પોલીસ અધિકારીનું મકાન હતું. જેમાં નિવૃત્ત ડીએસપી પણ



મૃત્યુ પામી ગયા હતા.

મૃતકોમાં 1- ગંગા ભગત (ઉંમર 17 વર્ષ), 2- દાનિશ ભગત(ઉંમર 15 વર્ષ), 3- અવતાર કૃષ્ણ(ઉંમર 81 વર્ષ), 4- બરખા રૈના(ઉંમર 25 વર્ષ), 5- તાકશ રૈના(ઉંમર 3 વર્ષ), 6- અદ્વિક રૈના(ઉંમર 4 વર્ષ)નો સમાવેશ થાય છે.

# વન નેશન વન ઇલેક્શનની જેપીસીમાં પ્રિયંકા ગાંધી સહિત 31 સભ્યો સામેલ

## કુલ 31 સભ્યો પૈકી 21 લોકસભાના, 10 રાજ્યસભાના

**નવી દિલ્હી**

એક સાથે લોકસભા અને વિધાનસભા ચૂંટણી કરાવવા માટેના બે બિલની સમીક્ષા માટે રચનારી સંસદીય સમિતિમાં કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે પ્રિયંકા ગાંધી વાડ્રા અને મનિષ તિવારીની પસંદગી કરવામાં આવી છે.

તૃણમુલ કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે કલ્યાણ બેનર્જી અને ડીએમકેના પ્રતિનિધિ તરીકે ટી એમ સેલ્વાગણપતિને સામેલ કરવામાં આવ્યા છે. જેપીસીમાં સૌથી વધુ સભ્યો ભાજપના છે. ભાજપના પી પી ચૌધરી અને અનુરાગ ઠાકુરને આ સમિતિના સભ્યો બનાવવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ સમિતિમાં લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સાંસદોને સામેલ કરવામાં આવ્યા છે. શિવસેનાના શ્રીકાંત શિંદે અને સપાના ધર્મેન્દ્ર યાદવને પણ સ્થાન આપવામાં આવ્યું છે. કોંગ્રેસની પસંદગીના અન્ય નામોમાં સુખદેવ ભગતનો પણ સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપના પી પી ચૌધરને આ સમિતિની અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

# ભારતના વિકાસ માટે સમાજના તમામ વર્ગોને સશક્ત બનાવવા જરૂરી છે : મોહન ભાગવત

**નવી દિલ્હી**

આરએસએસના વડા મોહન ભાગવતે દરેક વ્યક્તિને અભિમાન અને અહંકારથી દૂર રહેવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે અભિમાન છોડો અન્યથા ઊંડા ખાડામાં પડી જશો. દરેક વ્યક્તિને જ્યારે આનંદ થાય અને સંતુષ્ટિ થાય ત્યારે તે જ સાચી સેવા કહેવાય છે. તેમણે ભારત વિકાસ પરિષદના વિકલાંગ કેન્દ્રના એક કાર્યક્રમમાં કહ્યું કે સમાજમાં અત્યારે બધું ખોટું થઈ રહ્યું છે તેવી એક સામાન્ય છાપ અને માન્યતા ઊભી થઈ રહી છે. ભાગવતે કહ્યું કે ભારતના વિકાસ માટે સમાજના તમામ વર્ગોને સશક્ત બનાવવાની જરૂર છે. દેશની પ્રગતિ ફક્ત સમાજની સેવા સુધી જ સીમિત નથી. સેવાનો હેતુ નાગરિકોને વિકાસમાં યોગદાન આપવા માટે સક્ષમ બનાવવાનો છે.

# આસામ-યુપીમાં પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના બે કાર્યકર્તાઓના મોત

**લખનૌ**

ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌમાં બુધવારે કોંગ્રેસ દ્વારા આયોજિત વિધાનસભા ઘેરાવ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના યુવા કાર્યકર પ્રભાત પાંડેનું મૃત્યુ થયું હતું. કોંગ્રેસનો દાવો છે કે, ગોરખપુરથી આવેલા પ્રભાત પાંડે વિરોધ દરમિયાન પોલીસના ધક્કામુક્કી અને બળપ્રયોગને કારણે ઘાયલ થયા હતો, જેના કારણે તેમનું મોત થયું છે. આસામના ગુવાહાટીમાં પણ કોંગ્રેસના પ્રદર્શન દરમિયાન એક કાર્યકરનું મોત થયું હતું. કોંગ્રેસે બન્ને ઘટનાઓને લઈને ભાજપ પર નિશાન સાધ્યું છે.

કોંગ્રેસે આ ઘટનાને *પોલીસ ક્રૂરતા* ગણાવી હતી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા હતા. પાર્ટીએ પ્રભાતના પરિવારને ૧ કરોડ રૂપિયાની આર્થિક સહાય અને એક સભ્યને સરકારી નોકરીની માંગ કરી છે.

આસામના ગુવાહાટીમાં પણ કોંગ્રેસના પ્રદર્શન દરમિયાન એક કાર્યકર મૃદુલ ઇસ્લામનું મોત થયું હતું. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, વિરોધ દરમિયાન પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસના શેલ છોડયા હતા, જેના કારણે મૃદુલનું મોત થયું છે.

# વીજળી ચોરી મામલે સંભલના સાંસદ જિયાઉર્રહમાન બર્કને 1.91 લાખનો દંડ ફટકાર્યો

**નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશમાં સંભલના સપા સાંસદ જિયાઉર્રહમાન બર્કની મુશ્કેલીઓ વધતી જોવા મળી રહી છે. વીજળી ચોરી મામલે વીજળી વિભાગે બર્ક પર હવે 1 કરોડ 91 લાખનો દંડ ફટકાર્યો છે. નોંધનીય છે કે, જૂનું મીટર બદલવા અને મીટર ટેમ્પરિંગની વાત સાર્વજનિક કર્યા બાદ હવે વીજળી વિભાગે બર્કના ઘરે ઉપયોગ થતા ઇલેક્ટ્રોનિક ઉપકરણોની લિસ્ટ રજૂ કરી છે. ચોંકાવનારી વાત છે કે, આ વીજળી વિભાગે સવારે જણાવ્યું હતું કે, બર્કના ઘરે છેલ્લાં એક વર્ષે મીટર રીડીંગ શૂન્ય મળી રહ્યું છે. વળી, હવે જે લિસ્ટ સામે આવ્યું છે, તેમાં બર્કના ઘરેથી 16.5 હજાર વૉટના ઉપકરણ મળી આવ્યા હોવાની વાત કરવામાં આવી છે.

# અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

## અશ્વિન ભારત માટે ૧૦૬ ટેસ્ટમાં ૫૩૭ વિકેટ ઝડપી ચૂક્યો છે અને તેના નામે ૩૫૦૩ રન નોંધાયેલા છે



બ્રિસબેન । ભારતના અનુભવી ઓફ સ્પિનર આર. અશ્વિને ઇન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કરી દીધી છે. તેણે બુધવારે ગાબા ખાતે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટ ડ્રો રહ્યા બાદ અચાનક આ જાહેરાત કરીને તમામને ચકિત કરી દીધા હતા. ૩૮ વર્ષીય ઓફ સ્પિનર હજુ કેટલાક રેડ બોલ ક્રિકેટમાં રમતો રહેશે તેવું તમામનું માનવું હતું. હવે તે આઇપીએલ અને ડોમેસ્ટિક ટૂર્નામેન્ટમાં રમતો નજરે પડશે. અશ્વિનના નામે ટેસ્ટમાં ૫૩૭ વિકેટ છે અને માનવામાં આવતું હતું કે તે નજીકના ભવિષ્યમાં અનિલ કુંબલેની ૬૧૯ ટેસ્ટ વિકેટનો રેકોર્ડ તોડી નાખશે. અશ્વિને ૧૫ વર્ષની કારકિર્દીમાં ઘણા રેકોર્ડ પોતાના નામે કર્યા હતા. વર્તમાન સમયમાં ઓસ્ટ્રેલિયાના નાથાન લાયનની સાથે તેને વિશ્વના બેસ્ટ સ્પિન બોલર તરીકે ગણવામાં આવે છે. બોર્ડર ગાવસ્કર ટ્રોફીની અધવચ્ચે નિવૃત્તિની જાહેરાત કર્યા બાદ અશ્વિન ગુરુવારે વતન પરત ફરશે. અશ્વિન ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક વિકેટ ઝડપવાના મામલે સાતમા ક્રમે છે. અશ્વિનના નામે ૧૦૬ ટેસ્ટમાં ૪૩૭ વિકેટ છે. ૫૯ રનમાં સાત વિકેટ તેનું બેસ્ટ પ્રદર્શન છે. આ દરમિયાન તેની સરેરાશ ૨૪.૦૦ની રહી છે અને સ્ટ્રાઇક રેટ ૫૦.૭૩નો રહ્યે છે. ટેસ્ટમાં અશ્વિન કુંબલે બાદ હાઇએસ્ટ વિકેટના મામલે બીજો ભારતીય છે.

**અશ્વિન ટેસ્ટ ફોર્મેટમાં સર્વાધિક વખત પ્લેયર ઓફ ધ સિરીઝ જીતનાર ખેલાડી છે. તેણે ટેસ્ટમાં ૧૧ વખત આ એવોર્ડ જીત્યા છે. આ મામલે તે શ્રીલંકાના મુરલીધરન સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને છે.**

### પ્રત્યેક ટીમ સામે ટેસ્ટમાં પ્રદર્શન

| ટીમ | મેચ | રન | વિકેટ |
|---|---|---|---|
| અફઘાનિસ્તાન | ૦૧ | ૫૯ | ૦૫ |
| ઓસ્ટ્રેલિયા | ૨૩ | ૩૨૮૭ | ૧૧૫ |
| બાંગ્લાદેશ | ૦૮ | ૮૨૮ | ૩૪ |
| ઈંગ્લેન્ડ | ૨૪ | ૩૧૬૧ | ૧૧૪ |
| ન્યૂઝીલેન્ડ | ૧૨ | ૧૩૯૦ | ૭૫ |
| સાઉથ આફ્રિકા | ૧૪ | ૧૨૭૦ | ૭૫ |
| શ્રીલંકા | ૧૧ | ૧૩૬૦ | ૬૨ |
| વેસ્ટ ઇન્ડિઝ | ૧૩ | ૧૫૩૬ | ૭૫ |

### વિવિધ કેપ્ટન હેઠળનું પ્રદર્શન

| સુકાની | મેચ | રન | વિકેટ |
|---|---|---|---|
| ધોની | ૨૨ | ૩૧૩૬ | ૧૦૯ |
| કોહલી | ૫૫ | ૬૪૮૭ | ૨૯૩ |
| રહાણે | ૦૫ | ૫૩૪ | ૨૨ |
| લોકેશ | ૦૩ | ૩૦૭ | ૦૮ |
| સેહવાગ | ૦૧ | ૨૬૭ | ૦૫ |
| રોહિત | ૨૦ | ૨૧૬૦ | ૧૦૦ |

### પ્રત્યેક ક્રમે કરેલી બોલિંગ

| ક્રમાંક | મેચ | રન | વિકેટ |
|---|---|---|---|
| પ્રથમ | ૨૦ | ૧૫૧૧ | ૬૫ |
| બીજો | ૨૮ | ૧૯૫૯ | ૧૧૫ |
| ત્રીજો | ૫૩ | ૪૫૦૭ | ૧૭૫ |
| ચોથો | ૪૭ | ૩૭૬૭ | ૧૪૩ |
| પાંચમો | ૨૧ | ૧૧૪૭ | ૩૯ |

### ૩૭ વખત ઇનિંગમાં પાંચ વિકેટની સિદ્ધિ

ટેસ્ટ ક્રિકેટમાં અશ્વિન ૩૭ વખત એક ઈનિંગમાં પાંચ કે તેથી વધુ વિકેટ ઝડપી ચૂક્યો છે. કુંબલે બીજા ક્રમે છે જેણે ૩૫ વખત ટેસ્ટમાં ફાઇવ વિકેટ હોલ હાંસલ કર્યું હતું. ઓવરઓલ સર્વાધિક વખત ઈનિંગમાં પાંચ વિકેટ ઝડપવાનો રેકોર્ડ શ્રીલંકાના મુરલીધરનના નામે છે જેણે ૬૭ વખત આ સિદ્ધિ મેળવી હતી. અશ્વિન ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ લેગ સ્પિનર શેન વોર્ન સાથે સંયુક્ત રીતે બીજા ક્રમે છે.

## વરસાદના વિઘ્ન વચ્ચે ભારત અને ઓસ્ટ્રેલિયાની ત્રીજી મેચ ડ્રો રહી



બ્રિસબેન । સતત વરસાદ અને ખરાબ હવામાનના કારણે વારંવાર વિઘ્નિત થયેલી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટ ડ્રો રહી હતી. પાંચ મેચની બોર્ડર ગાવસ્કર ટ્રોફી હાલમાં ૧-૧થી સરભર છે. ભારતનો પ્રથમ દાવ ૨૬૦ રનના સ્કોરે પૂરો થયો હતો. ઓસ્ટ્રેલિયાએ સાત વિકેટે ૮૯ રનના સ્કોરે સાહસિક રીતે બીજો દાવ ડિકલેર કરીને ભારતને ૨૭૫ રનના ટાર્ગેટ આપ્યો હતો. પરિણામ આવે તેવી કોઈ શક્યતા નહીં હોવાના કારણે મેચને આખરે ડ્રો જાહેર કરવામાં આવી હતી. આ સમયે ભારતે વિના વિકેટે આઠ રન બનાવ્યા હતા. પરિણામ લાવવા માટે ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોએ આક્રમક અભિગમ સાથે વિકેટ પડતી હોવા છતાં સ્કોરબોર્ડને સતત ફરતું રાખવાનો પ્રયાસ કર્યો હતો.

# ટેસ્ટ રેન્કિંગમાં જોઈ રુટે એક સપ્તાહમાં જ હેરી બ્રૂકનો નંબર-૧નો તાજ છીનવ્યો

દુબઇ । આઇસીસી ટેસ્ટ રેન્કિંગમાં ઈંગ્લેન્ડનો અનુભવી બેટ્સમેન જોઇ રુટ ફરીથી નંબર-૧ ટેસ્ટ બેટ્સમેન બની ગયો છે. તેણે એક સપ્તાહમાં જ હેરી બ્રૂકનો નંબર-૧નો સ્થાન છીનવી લીધું છે. રુટના ખાતામાં હાલ ૮૯૫ રેટિંગ પોઈન્ટ છે. તેણે ન્યૂઝીલેન્ડ સામે ૫૪ તથા ૩૨ રનની ઈનિંગ રમી હતી. બ્રૂક ૨૨ પોઈન્ટના નુકસાન સાથે બીજા ક્રમે પહોંચી ગયો છે. ટોપ-૧૦માં ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમ્સન ત્રીજા ક્રમે છે જેણે ઈંગ્લેન્ડ સામેની ત્રીજી



ટેસ્ટમાં ૧૫૬ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ટોપ-૧૦માં ભારતના બે બેટ્સમેન યશસ્વી જયસ્વાલ ચોથા અને વિકેટકીપર રિષભ પંત નવમા ક્રમે છે. ભારત સામે ગાબા ટેસ્ટમાં સદી નોંધાવનાર ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ પાંચમા ક્રમે છે. ભારતનો અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી ૨૦મા તથા સુકાની રોહિત શર્મા ૩૦મા ક્રમાંકે છે.

વેસ્ટ ઈન્ડિઝનો સ્પિનર અકીલ હુસૈન ટી૨૦ ફોર્મેટમાં નંબર-વન બોલર બની ગયો છે. તેના ૭૦૭ રેટિંગ પોઈન્ટ થયા છે. તે ઈંગ્લેન્ડના આદિલ રાશીદને પાછળ રાખીને ટોચના ક્રમે પહોંચ્યો છે. રાશિદના ૭૦૧ પોઈન્ટ છે. અકીલે બાંગ્લાદેશ સામેની પ્રથમ ટી૨૦માં ૧૩ રન આપીને બે વિકેટ ખેરવી હતી.

# ઝિમ્બાબ્વે ૫૪માં ઓલઆઉટ, રનના માર્જિનના આધારે અફઘાનિસ્તાનનો સૌથી મોટો વિજય થયો

હરારે : અફઘાનિસ્તાને ઝિમ્બાબ્વેને બીજી વન-ડેમાં ૨૩૨ રનના તોતિંગ માર્જિનથી હરાવીને રેકોર્ડ નોંધાવ્યો હતો. સેદીકુલ્લાહ અટલના ૧૦૪ રનની મદદથી અફઘાનિસ્તાને છ વિકેટે ૨૮૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો. તેના જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ ૧૭.૫ ઓવરમાં ૫૪ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી. અફઘાનિસ્તાન સામે ઝિમ્બાબ્વેનો આ લોએસ્ટ સ્કોર રહ્યો છે. રનના માર્જિનના આધારે અફઘાન ટીમે પોતાના વન-ડે ઈતિહાસનો હાઈએસ્ટ માર્જિનથી વિજય મેળવ્યો છે. ઝિમ્બાબ્વેએ ટોસ જીતીને પ્રથમ



ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. અફઘાનિસ્તાન માટે અટલ તથા અબ્દુલ મલિકે પ્રથમ વિકેટ માટે ૧૯૧ રનની ભાગીદારી નોંધાવી હતી. મલિકે ૧૦૧ બોલમાં ૮૪ રનનું યોગદાન આપ્યું હતું. ઓમરઝાઇ પાંચ અને રહમત શાહ એક રન બનાવીને આઉટ થયા હતા.

# વિનિસિયસ-બોનમાતીને એવોર્ડ

દોહા : રિયલ મેડ્રિડના સ્ટાર વિનિસિયસ જુનિયરને ફિફા ધ બેસ્ટ પુરસ્કારમાં વર્ષના બેસ્ટ મેન્સ ખેલાડી તરીકે પસંદ કરવામાં આવ્યો છે. બાર્સેલોનાની એતાના બોનમાતીએ વિમેન્સ કેટેગરીનો એવોર્ડ જીત્યો છે. ઓક્ટોબરમાં માન્ચેસ્ટર સિટીના રોડ્રીને ૨૪ વર્ષીય વિનિસિયસને પાછળ રાખીને બેલોન ડીઑર એવોર્ડ જીત્યો હતો.ય તેના વિરોધમાં વિનિસિયસ તથા મેડ્રિડ ટીમે પેરિસ ખાતેના એવોર્ડ સમારંભમાં ભાગ લીધો નહોતો. આ વખત રોડ્રી પાંચ પોઈન્ટથી વિનિસિયસની પાછળ રહ્યો હતો.

સ્પેનની મિડફિલ્ડર બોનમાતીએ સતત બે વર્ષ બેલોન ડીઑર એવોર્ડ



જીત્યા બાદ ફિફા ધ બેસ્ટનો એવોર્ડ જીત્યો છે. તેણે જણાવ્યું હતું કે આ એવોર્ડ ટીમના પ્રયાસોથી મળ્યો છે તેવું હું સતત કહેતી આવી છું. આ વર્ષ શાનદાર રહ્યું છે અને હું મારી ક્લબ, સાથી ખેલાડીઓ તથા તમામ સમર્થકોનો આભાર માનું છું.

# ચેમ્પિયન્સ ટ્રોફીનો વિવાદ ખતમ, હાઈબ્રિડ મોડેલ અંગે BCCI અને PCB વચ્ચે સમાધાન થયું

## આગામી વર્ષે ભારત-પાકિસ્તાનને સાંકળી લેતી ટી૨૦ ત્રિકોણીય શ્રેણી રમાય તેવા સંકેત

। દુબઇ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૦૨૪થી ૨૦૨૭ સુધી ચેમ્પિયન્સ ટ્રોફી અને આઈસીસી ઈવેન્ટ માટે હાઈબ્રિડ મોડેલ અંગે સમાધાન થયું છે. આઈસીસીએ જણાવ્યું હતું કે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ના વિવાદ ઉપર પૂર્ણવિરામ મુકાઇ ગયું છે. બીસીસીઆઈ અને પીસીબીએ હાઈબ્રિડ મોડેલ અંગે સહમતિ વ્યક્ત કરી છે. બંને બોર્ડ વચ્ચે થયેલા સમાધાન મુજબ આઠ ટીમોની ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની મેચો તટસ્થ વેન્યૂમાં રમાશે. ત્યારબાદ ભારતમાં યોજાનારી આઈસીસી સ્પર્ધાઓમાં ભારત સાથેની પાકિસ્તાનની મેચો તટસ્થ વેન્યૂમાં રમાડવામાં આવશે.

પાકિસ્તાનને થનારા નુકશાનની ભરપાઈના સંદર્ભમાં આઈસીસીએ જણાવ્યું હતું કે ભારત, પાકિસ્તાન અને કોઈ અન્ય એશિયન પૂર્ણ સભ્ય બોર્ડને સામેલ કરીને ત્રિકોણીય ટી૨૦ ટૂર્નામેન્ટના આયોજન અંકે વિશ્વની ક્રિકેટ સંચાલક સંસ્થાને કોઈ મુશ્કેલી નથી પરંતુ આ ટૂર્નામેન્ટ કોઈ તટસ્થ વેન્યૂમાં રમાય તે સુનિનૃતિ કરવું પડશે. આ પ્રકારની ત્રિકોણીય શ્રોણીનો વિચાર ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત સામેની મેચોની યજમાની ગુમાવવાના સંદર્ભમાં પાકિસ્તાનને ભરપાઈ કરવાના સંદર્ભમાં છે. બીસીસીઆઈ અને પીસીબી વચ્ચે થયેલા સમાધાન મુજબ ભારતમાં ૨૦૨૫ના અંત ભાગમાં રમાનારા વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ તથા ૨૦૨૬માં ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે રમાનારા મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ સુધી હાઈબ્રિડ મોડેલ લાગૂ કરવામાં આવશે.

# કુલગામમાં સુરક્ષાદળોનું મોટું ઓપરેશન 5 આતંકવાદી ઠાર, સર્ચ ઓપરેશન ચાલુ

**કુલગામ**

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ થઈ છે. કુલગામ જિલ્લાના બેહીબાગ પીએસના કદર ગામમાં એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. બંને તરફથી ભારે ગોળીબાર થઈ રહ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે સુરક્ષા દળોએ 5 આતંકીઓને ઠાર કર્યા છે. જો કે બે જવાનો પણ ઘાયલ થયા છે.

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં સુરક્ષા દળોએ આતંકીઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. કહેવામાં આવી રહ્યું છે કે સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચેની અથડામણમાં 5 આતંકીઓ માર્યા ગયા છે. જો કે આ અથડામણમાં બે જવાન પણ ઘાયલ થયા છે. એન્કાઉન્ટર બાદ સુરક્ષાદળોની ટીમ હવે વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે આ અથડામણ કુલગામ જિલ્લાના



બેહીબાગ પીએસના કદ્દેર ગામમાં થઈ હતી. બંને તરફથી ભારે ગોળીબાર થઈ રહ્યો છે. માહિતી આપતાં આર્મીના ચિનાર કોર્પ્સે કહ્યું કે આતંકવાદીઓની હાજરી વિશે વિશેષ ગુપ્ત માહિતીના આધારે ભારતીય સેનાએ કુલગામમાં સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું. સૈનિકોએ શંકાસ્પદ ગતિવિધિઓ જોઈ. આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો, જેના જવાબમાં સૈનિકોએ અસરકારક જવાબ આપ્યો.

# ખેડૂતો ફરી વિફર્યા, અનેક ટ્રેનો અટકાવી 30મી ડિસેમ્બરે પંજાબ બંધની જાહેરાત

**ચંડીગઢ**

ખેડૂતો પોતાની માગને લઈને છેલ્લા ઘણા સમયથી પ્રદર્શન કરી રહ્યાં છે. કેન્દ્ર પર દબાણ બનાવા માટે આજે બુધવારે ખેડૂતોએ ત્રણ કલાકના 'ટ્રેન રોકો' વિરોધ પ્રદર્શનમાં ફાટક પર ધરણાં કરીને અનેક ટ્રેનો અટકાવી. સંયુક્ત કિસાન મોરચા (SKM)અને કિસાન મજદૂર મોરચા દ્વારા ટ્રેન રોકોનું આહ્વાન કરવામાં આવ્યું હતું. કિસાન મજદૂર મોરચાના નેતા સરવન સિંહ પંધેરે કહ્યું કે, 'ખેડૂતોએ બપોરના 12 થી 3 વાગ્યામાં અનેક સ્થળોએ ફાટક પર બેસીને ધરણાં પ્રદર્શન કર્યુ અને ટ્રેનો અટકાવી. હવે કિસાન મજદૂર મોરચા અને SKMએ 30 ડિસેમ્બરે પંજાબ બંધનું એલાન કર્યું છે.'

આ સ્થળોએ ખેડૂતોના ધરણાં

મીડિયા અહેવાલ મુજબ, વિરોધ કરી રહેલાં ખેડૂતોએ ગુરદાસપુરમાં મોગા, ફરીદકોટ, કાદિયાન અને બટાલામ, જલંધરમાં ફિલ્લૌર, હોશિયારપુરમાં ટાંડા, દસુયા, માહિલપુર, ફિરોઝપુરમાં મક્ખુ, તલવંડી, લુધિયાણામાં સાહનેવાલ, પટિયાલામાં શંભુ, મોહાલી, સંગરુરના સુનમ અને લેહરા, બઠિંડામાં રામપુરા ફૂલ અને અમૃતસરના દેવીદાસપુરા સહિત અનેક સ્થળોએ રેલવેના માર્ગો બ્લોક કર્યા હતા.

# જમ્મુ-કાશ્મીરમાં રહસ્યમયી બીમારીએ મચાવેલો આતંક, અત્યાર સુધી 8 મોત

**જમ્મુ**

જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં એક અજાણી બીમારી સામે આવતા ગભરાટનો માહોલ છે. આ રોગ ખીણમાં ઘણા લોકોને અસર કરી ચૂક્યો છે. મળતી માહિતી મુજબ મૃતકોની સંખ્યા વધીને આઠ થઈ ગઈ છે. બુધવારે રાજૌરીની એક હોસ્પિટલમાં વધુ એક બાળકનું રહસ્યમય બીમારીથી મોત થયું હતું. મૃત્યુઆંક વધવાથી, સત્તાવાળાઓએ અસરગ્રસ્ત ગામમાં કેસ અને મૃત્યુની તપાસમાં મદદ કરવા માટે નિષ્ણાતોની કેન્દ્રીય ટીમની રચના કરી છે. તમામ મૃતકો રાજૌરીના કોત્રંકાના બદહાલ ગામના હતા. અધિકારીઓને કહ્યું કે આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. પરીક્ષણને ઝડપી બનાવવા અને રોગની ઓળખ કરવા માટે એક બાયોસેફ્ટી લેવલ ૩ મોબાઈલ લેબ રાજૌરી મોકલવામાં આવી છે. એક સત્તાવાર પ્રવક્તાએ કહ્યું, ઘટનાને ધ્યાનમાં રાખીને, એક બાયોસેફ્ટી લેવલ ૩ મોબાઈલ લેબોરેટરીને રાજૌરી મોકલવામાં આવી છે. આ ઉપરાંત, મૃત્યુની તપાસમાં વહીવટીતંત્રને મદદ કરવા માટે નિષ્ણાતોની એક કેન્દ્રીય ટીમ પણ બનાવવામાં આવી છે.

# માનવરહિત ગગનયાન મિશન : ઈસરોએ જમીન-હવાઈ પરીક્ષણ પૂર્ણ, અવકાશમાં મોકલવા તૈયારી



**હરિકોટા**

ઈસરો એ બુધવારે જાહેરાત કરી કે ગગનયાન 1 મિશન માટે હ્યુમન રેટેડ લોન્ચ વ્હીકલ માર્ક-3 (HLVM 3) ને અંતિમ સ્વરૂપ આપવાનું શરૂ કર્યું છે. માનવ યાત્રિયો માટે ડિઝાઈનથી તૈયાર કરવામાં આવેલા આ HLVMમાં હાલ તો કોઈ વ્યક્તિ જશે નહી. જ્યારે ઈસરો એ જમીન-હવાઈ પરીક્ષણ પૂર્ણ કર્યા બાદ હવે અવકાશમાં મોકલવાની તૈયારીમાં છે, ત્યારે આંધ્રપ્રદેશના શ્રીહરિકો સ્થિત સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર પરથી હ્યુમન રેટેડ લોન્ચ વ્હીકલ માર્ક-3 છોડવામાં આવશે. આ એસેમ્બલી 18 ડિસેમ્બર 2014ના રોજ, એલવીએમ વ્હીકલ માર્ક-3 ક્રુ મોડ્યુલ એટમોસફેરિક રીએન્ટ્રી એક્સિપરિમેન્ટ મિશનની 10મી વર્ષગાંઠ પર કરવામાં આવી રહી છે. ઈસરો પ્રમાણે, LVM-3ની હ્યુમન રેટેડ ડિઝાઈન, મૂલ્યાંકન અને સુનિશ્ચિત કરવાની પ્રક્રિયા સંપૂર્ણ સિસ્ટમ જરૂરી માનવ મિશનને સુરક્ષિત રીતે સંચાલન કરી શકે છે અને તમામ સિસ્ટમને સચોટ વિશ્વસનીયતા માટે ચકાસવામાં આવ્યું છે.

# સોશિયલ મીડિયાના ઘાતક પરિણામ : ૯ વર્ષના બાળકે 3 વર્ષની બાળકીનું યૌન શોષણ કર્યું

## હાલ પરિસ્થિતિ વધુ તંગ બનાવના કારણે અનેક સ્થળે પોલીસનો કાફલો ખડકી દેવાયો

**પુણે**

સોશિયલ મીડિયોનો વ્યાપ સતત વધી રહ્યો છે. જ્યા સુધી તેનો ઉપયોગ સારા કામ માટે થાય ત્યાં સુધી તો બરોબર છે, પરંતુ હવે તેનો દુરુપયોગ પણ વધી રહ્યો છે. આવો જ એક ચોકાવનારો કિસ્સો પુણેમાંથી સામે આવ્યો છે. ૯ વર્ષના બાળકે એક માસૂમ બાળકીનું કથિત રીતે યૌન શોષણ કર્યું હતું. જો કે પોલીસ હાલમાં આ મામલે તપાસ કરી રહી છે. આ સાથે જ POCSO એક્ટ હેઠળ યૌન હિંસાનો કેસ નોંધવામાં આવ્યો છે. પીડિત બાળકીની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી પ્રમાણે રવિવારે કોંધવામાં એક ૯ વર્ષના બાળકને 3 વર્ષની બાળકી સાથે યૌન હિંસાના આરોપમાં અટકાયત કરવામાં આવ્યો છે. એ પછી બાળકને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં તેને જામીન આપવામાં આવ્યા હતા અને તેના માતાપિતાને સોંપવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે, બાળકે સોશિયલ મીડિયાની અસરથી આવું પગલું ભર્યું હતું. પોલીસે જણાવ્યું છે કે, આ બાળકોનો પરિવાર પડોશમાં રહેતો હોવાથી એકબીજાને ઓળખે છે. આરોપી બાળક ધોરણ 3 ધોરણમાં અભ્યાસ કરે છે, અને બાળકી તેને દાદા કહીને બોલાવતી હતી. આ ઘટના બાળકીના ઘરે બની હતી. આ વાત ત્યારે સામે આવી જ્યારે પીડિતાએ તેની માતાને ઘટનાની જાણ કરી. ત્યાર બાદ માતાએ પોલીસને જાણ કરી હતી.

# કેદારનાથ ધામમાં યુવક દાનપેટી સાથે છેડછાડ કરતો જોવા મળ્યો

**કેદારનાથ**

બંધ કેદારનાથ ધામમાં ભુંકુંટ ભૈરવનાથ મંદિર પરિસરમાં મૂર્તિઓ સાથે છેડછાડ કરતો એક અજાણ્યો વ્યક્તિ નજર આવી રહ્યો છે. ભુંકુંટ ભૈરવનાથ મંદિરનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

એક અજાણ્યો વ્યક્તિ હાથમાં પકડેલા ડંડાથી મૂર્તિઓ સાથે છેડછેડા કરી રહ્યો હતો. આટલું જ નહીં તેણે દાનપેટી સાથે પણ છેડછાડ કરી હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે, આ અજાણ્યો વ્યક્તિ જૂતા પહેરીને મંદિર પરિસરમાં ફરી રહ્યો છે. જેના કારણે



ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચી છે. આ વીડિયો 17 ડિસેમ્બરનો હોવાની માહિતી મળી રહી છે. નાયબ પોલીસ અધિક્ષક પ્રબોધ કુમાર ઘિલ્ડિયાલે જણાવ્યું કે, પોલીસે સોનપ્રયાગ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. અજાણ્યાની ધરપકડ માટે ટીમ કેદારનાથ રવાના કરી આવી છે.

# વૃક્ષ માતા તરીકે જાણીતા પદ્મશ્રી સન્માનિત તુલસી ગૌડાનું નિધન

**નવી દિલ્હી**

વૃક્ષ માતા તરીકે જાણીતા અને ભારતના પ્રતિષ્ઠિત પદ્મશ્રી એવોર્ડ વિજેતા તુલસી ગૌડાનું નિધન થયું હતું. તેમણે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સહિત અનેક પ્રતિષ્ઠિત



વ્યક્તિઓની સામે આદિવાસી પોશાકમાં ઉઘાડાપગે જઈને જ પદ્મશ્રી એવોર્ડ મેળવ્યો હતો. તુલસી ગૌડા હલક્કી સમુદાયના હતા. તે 86 વર્ષના હતા તેમણે ઉત્તર કન્નડ જિલ્લાના અંકોલ તાલુકામાં તેમના વતન તરીકે જાણીતા ગામ હન્નાલી ખાતે અંતિમ શ્વાસ લીધા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તુલસી ગૌડાના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે તે પર્યાવરણ સંરક્ષણ માટે માર્ગદર્શક બની રહેશે.

# બિકાનેર ફિલ્ડ ફાઈરિંગ રેન્જમાં તોપના પરીક્ષણ વખતે બ્લાસ્ટ, 2 જવાન શહીદ

**બિકાનેર**

રાજસ્થાનના બિકાનેરમાં મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં તોપના પરીક્ષણ વખતે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ દરમિયાન બોમ્બ બ્લાસ્ટ થવાની માહિતી મળી રહી છે. આ દુર્ઘટનામાં બે સૈનિકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા અને એક જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો.

માહિતી અનુસાર મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જના નોર્થ કેમ્પમાં ચાર્લી સેન્ટરમાં તોપમાં દારૂગોળો ભરતી વખતે આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત જવાનને સુરતગઢની મિલિટરી હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

ઘટનાની જાણ થતાં જ ટોચના સૈન્ય અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હાલમાં આ પરીક્ષણ ક્ષેત્રને સંપૂર્ણપણે સીલ મારી દેવામાં આવ્યો છે જેથી તપાસ કરી શકાય. મહાજન ફિલ્ડ રેન્જમાં આ બીજી દુર્ઘટના હતી.

અગાઉ પણ આવી જ એક દુર્ઘટનામાં એક જવાન મૃત્યુ પામ્યો હતો. જેના લીધે આવી ઘટનાઓએ સુરક્ષા પ્રોટોકોલ અને ઉપકરણોની તપાસ પર સવાલો સર્જાયા છે.

# લદાખમાં 4.3ની તીવ્રતાનો ભૂકંપ લોકો ઘરની બહાર દોડી આવ્યા

**નવી દિલ્હી**

બુધવારે સાંજે લગભગ 4 વાગ્યાની આસપાસ લદાખમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેના કારણે આ વિસ્તારના લોકો ડરીને ઘરની બહાર દોડી ગયા હતા. જો કે ભૂકંપની તીવ્રતા ઓછી હોવાને કારણે કોઈ જાનહાની કે નુકસાન થયું નથી. લદાખ જેવા સંવેદનશીલ ભૌગોલિક વિસ્તારમાં ધરતીકંપ નવી વાત નથી. આ પ્રદેશ હિમાલયની ટેકટોનિક પ્લેટો પર આવેલો છે, જ્યાં હળવા અને મધ્યમ ધરતીકંપો વારંવાર નોંધાય છે.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ) એ જણાવ્યું કે, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 4.3 માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર લેહ-લદાખ ક્ષેત્રમાં પૃથ્વીથી 10 કિલોમીટર નીચે હોવાનું કહેવાય છે. ભૂકંપ સાંજે 4:23 કલાકે નોંધાયો હતો.

# સીરિયામાં એક લાખ લોકોનો નરસંહાર થયાની શંકા, અસદના શાસનના અંત બાદ કબરો મળી

**દમાસ્કસ**

મધ્યપૂર્વમાં સીરિયામાં બશર અલ અસદ કુટુંબના 50 વર્ષના શાસનનો અંત આવી ગયો છે. ફક્ત 11 દિવસના યુદ્ધમાં જ બળવાખોર જૂથ હયાત-તહરીર-અલ શામે જંગ જીતી લીધો. બશરે રશિયા ભાગી જવું પડ્યુ. જો કે તેણે હાર નહીં માનું તેવું નિવેદન જારી કર્યુ છે. આ દરમિયાન સીરિયામાં બશર કુટુંબના કુકર્મ સામે આવી રહ્યા છે. કુકર્મ એટલા માટે પિતાની જેમ બશર પર ક્રૂરતા માટે પ્રખ્યાત હતો.



બશરને મદદ કરનાર અને પ્રજાના ગુનેગાર સામે આકરી કાર્યવાહી કરવાની નવા વહીવટીતંત્રની જાહેરાત વિરોધીઓને મોતને ઘાટ ઉતારવા બશરની આદત બની ચૂકી હતી. સીરિયાની રાજધાની પાસે સામૂહિક કબર મળી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ અહીં એક લાખથી વધુ અવશેષો હોઈ શકે છે. આ લોકોને ક્યાં તો તલવારથી કાપવામાં આવ્યા, ફાંસી આપવામાં આવી અથવા તો ખૂબ જ પીડા આપીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા. સીરિયાની રાજધાની દમિશ્કથી 40 કિ.મી. દૂર ઉત્તરમાં આવેલા અલ-કુતૈફા સ્થાનમાં અલ અસદ કુટુંબ દ્વારા કરવામાં આવેલી હત્યાઓના પુરાવા મળ્યા છે. આ સ્થળ સીરિયાની કેટલીય સામૂહિક કબરોમાંનું એક છે. અધિકારીઓના જણાવ્યા મુજબ ડોક્ટરો અને ફોરેન્સિક ટીમો આ સ્થળનું બે દિવસથી નિરીક્ષણ કરી રહી છે.

# રશિયાએ કેન્સરની રસી વિકસાવી આગામી વર્ષથી દર્દીઓને ફ્રી આપશે

## રશિયાની કેન્સરની રસી હાલ પ્રિ-ક્લિનિકલ ટ્રાયલ સ્તરે

**મોસ્કો**

રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને આ વર્ષની શરૂઆતમાં ટીવી પર આપેલાં ભાષણમાં જાહેર કર્યા અનુસાર રશિયાએ કેન્સરની રસી વિકસાવી લીધી છે અને તેને આવતાં વર્ષથી દર્દીઓની સારવાર કરવા માટે મફત પુરી પાડવામાં આવશે તેમ રશિયાની સમાચાર સંસ્થા તાસે જણાવ્યું હતું. રશિયન આરોગ્ય મંત્રાલયના રેડિયોલોજી મેડિકલ રિસર્ચ સેન્ટરના જનરલ ડાયરેક્ટર એન્ડ્રી કાપ્રિને રેડિયો રશિયાને જણાવ્યું હતું કે રશિયાએ તેની પોતાની કેન્સરની એમઆરએનએ રસી વિકસાવી લીધી છે, જે દર્દીઓને મફત વિતરીત કરવામાં આવશે. રશિયાના પ્રમુખ પુતિને આ વર્ષના આરંભે ટીવી પર પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આપણે નવી પેઢીની ઈમ્યુનોલોમોડયુલેટરી ડ્રગ્સ એટલે કે કેન્સરની નવી રસી વિકસાવવાની નજીક પહોંચી ગયા છીએ. ગામાલેયા નેશનલ રિસર્ચ સેન્ટર ફોર એપિડેમિયોલોજી એન્ડ માઈક્રોબાયોલોજીના ડાયરેક્ટર એલેકઝાન્ડર જિન્ટસબર્ગે જણાવ્યું હતું કે આ રસી હાલ પ્રિ-ક્લિનિકલ ટ્રાયલના તબક્કે છે.

# મહિલાઓના વિરોધ સામે ઈરાન ઝૂક્યું નવા હિજાબ કાયદા ઉપર રોક લગાવી

**તેહરાન**

ઈરાનમાં હિજાબના કાયદાનો સતત વિરોધ થઈ રહ્યો છે. હિજાબને લઈને વધતા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વિરોધ વચ્ચે, ઈરાને તેના નવા હિજાબ કાયદાના અમલીકરણ પર પ્રતિબંધ મૂક્યો છે.

ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે ગયા શુક્રવારથી અમલમાં આવેલા વિવાદાસ્પદ હિજાબ અને પવિત્રતા કાયદાના અમલીકરણ પર હાલપુરતી રોક લગાવી દીધી છે.ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયાને હિજાબ કાયદા અંગે કહ્યું હતું કે આ કાયદો અસ્પષ્ટ છે અને તેમાં સુધારાની જરૂર છે. રાષ્ટ્રપતિએ સંકેત આપ્યો હતો કે આ નવા હિજાબ અને પવિત્રતા કાયદાની જોગવાઈઓ અમલમાં મૂકતા પહેલા તેના પર પુનર્વિચાર કરવામાં આવી શકે છે. તેમણે તેની કેટલીક જોગવાઈઓ પર પુનર્વિચાર કરવા કહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ઈરાનના નવા હિજાબ અને પવિત્રતા કાયદામાં એવી મહિલાઓ અને છોકરીઓ માટે કડક સજાની જોગવાઈ છે જેઓ તેમના વાળ, હાથ અને પગના નીચલા ભાગને સંપૂર્ણપણે ઢાંકતી નથી.

# કોન્ટ્રાક્ટના ચક્કરમાં ભારતીય અધિકારીઓને લાંચ આપનારી USની કંપનીઓને 1900 કરોડનો દંડ

**વોશિંગ્ટન**

ભારતીય અધિકારીઓને લાંચ આપવાનો આરોપ મૂકાયા પછી ત્રણ યુએસ કંપનીઓએ સજાથી બચવા માટે 22.50 કરોડ ડોલર (લગભગ રૂપિયા 1900 કરોડ રૂપિયા)નો ભારે દંડ ચૂકવ્યો હોવાના અહેવાલ છે. આ ત્રણ કંપનીઓ મૂગ ઈન્કોર્પોરેશન, ઓરેકલ અને એલ્બેમાર્લે કોર્પોરેશન પર વિવિધ ભારતીય વિભાગો અને રેલવે, હિન્દુસ્તાન એરોનોટિકલ લિમિટેડ અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન સહિતની સરકારી કંપનીઓના અધિકારીઓને લાંચ આપવાનો આરોપ હતો.

આ ત્રણ કંપનીઓએ યુએસ SECને કેસના સમાધાન માટે ત્રણ ગણો દંડ ચૂકવ્યો હતો. આ સંજોગોમાં તેમણે ભારતીય અધિકારીઓને લગભગ ૬૫૦ કરોડ રૂપિયાની રકમ લાંચ તરીકે ચૂકવી હતી.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DoJ) દ્વારા અપાયેલી વિગતો પ્રમાણે મૂગ કોર્પોરેશને કેસની પતાવટ માટે 16.8 લાખ ડોલર (લગભગ 14.28 કરોડ રૂપિયા) ચૂકવ્યા છે જ્યારે ઓરેકલે પતાવટ માટે 2.30 કરોડ ડોલરની ચૂકવણી કરી છે. ત્રીજી કંપની એલ્બેમાર્લે 19.8 કરોડ ડોલર ચૂકવ્યા છે. મૂગ ઈન્કોર્પોરેશન પર હિંદુસ્તાન એરોનોટિકિસ (HAL) અને ભારતીય રેલ્વેના અધિકારીઓને ૫ લાખ ડોલર (લગભગ રૂપિયા 4.20 કરોડ રૂપિયા)થી વધુ લાંચ આપવાનો આરોપ હતો. કંપની એરોસ્પેસ, સંરક્ષણ, ઔદ્યોગિક અને તબીબી એપ્લિકેશનો માટે અદ્યતન સ્પીડ કંટ્રોલ ઉત્પાદનોની ડિઝાઈન બનાવે છે અને ઉત્પાદનમાં કામ કરે છે.

# બાઈડેને એચ-વન બી વિઝાના નિયમોને હળવા કરતાં ભારતીય ટેકનોલોજી પ્રોફેશન્સને ફાયદો

## કંપનીઓ દર વર્ષે ભારત-ચીન જેવા દેશોમાંથી હજારો ટેકનોલોજી વર્કરોની ભરતી કરે છે

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ બાઈડેને વિદાય લેતા પહેલા એચ-વનબી વિઝાના નિયમો વધો હળવા કર્યા છે, તેના લીધે અમેરિકન કંપનીઓ માટે વિશિષ્ટ કૌશલ્ય ધરાવતા વિદેશી કામદારોની ભરતી કરવી સરળ બનશે અને તેની સાથે તેમણે એફ-વન સ્ટુડન્ટ વિઝાથી એચ-વનબી વિઝા તરફ ટ્રાન્સફર થવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવી છે. આ પગલાંના લીધે હજારો ભારતીય ટેકનોલોજી પ્રોફેશન્સને ફાયદો થશે.




અમેરિકાના એચ-વન બી વિઝાની ભારે માંગ છે, અમેરિકન કંપનીઓ ખાસ કૌશલ્ય ધરાવતા કે ટેકનિકલ નિપુણતા ધરાવતી જોબ્સ માટે એચ-વનબી વિઝા પર વિદેશી કામદારોને નોકરી પર રાખે છે. ટેકનોલોજી કંપનીઓ દર વર્ષે ભારત અને ચીન જેવા દેશોમાંથી હજારો ટેકનોલોજી વર્કરોની ભરતી કરે છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીઝ (ડીએચએસ)એ મંગળવારે આ નિયમની જાહેરાત કરી હતી. તેનું ધ્યેય ખાસ પ્રકારના હોદ્દાઓને માપદંડો અને વ્યાખ્યાઓનું આધુનિકીકરણ કરીને માલિકો અને કામદારોને લવચીકતા પૂરી પાડવાનું છે.

# જેઓ અમારા પર જેટલો ટેક્ષ નાખશે, તેઓ પર અમે પણ તેટલો જ ટેક્ષ નાખીશું : ટ્રમ્પ

**ફ્લોરિડા**

ફ્લોરિડાના રિસોર્ટમાં યોજાયેલી એક પત્રકાર પરિષદમાં અમેરિકાના નવ નિર્વાચિત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ રીતે કહ્યું હતું કેભારત અમારા માલની આયાત ઉપર જેટલો કર (ટેરીફ) લગાવે છે, અમે સામે તેટલો જ કર (રેસિપ્રોકલ ટેક્સ) અમે તે દેશોમાંથી થતી આયાતો ઉપર લાદીશું.

તે પણ સત્ય છે કે ભારત અમેરિકાથી કરાતી આયાતો ઉપર ૧૦૦ થી ૨૦૦ ટકા જેટલો આયાત કર લગાડે છે. તેમાંએ લકઝરી આયટેમ ઉપર તો ૨૦૦ ટકા જેટલો આયાત કર છે.

ટ્રમ્પે અહીં યોજાયેલી પત્રકાર પરિષદમાં સ્પષ્ટ અને સીધી વાત કરી દીધી હતી કે તેઓ આપણી ઉપર ટેક્ષ લગાડે છે. અમે તેટલી જ રકમનો ટેક્ષ તેઓની ઉપર લગાડીશું. આ નિયમ ભારતને પણ લાગુ પડશે ? તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું હતું, મિત્રતા એક વાત છે. વ્યાપાર-વ્યવહાર જુદી વાત છે. ભારત આપણી જેજે ચીજો ઉપર જેટલો આયાત કર લગાડે છે તેટલો જ તેમની ચીજો પર આયાત કર લગાડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ભારત અમેરિકાથી થતી આયતો ઉપર ૧૦૦ થી ૨૦૦ ટકા આયાત કર લે છે.

# જનરલની મોતનો પુતિને ઘાતક બદલો લીધો એકઝાટકે યુક્રેનના 550 સૈનિકોને મારી નાખ્યાં

**મોસ્કો**

પુતિનના વિશ્વસનીય જનરલોમાં એક ઈગોર કિરિલોવની હત્યાએ રશિયાને હચમચાવી નાખ્યું છે. કિરિલોવની હત્યાથી ભૂંરાટા થયેલા રશિયાએ એક જ દિવસમાં યુક્રેનના લગભગ 550 સૈનિકોનો કચ્ચરઘાણ કાઢ્યો છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ છેલ્લા 24 કલાકમાં રશિયાએ યુક્રેનના લગભગ 550 સૈનિકોને મારી નાખ્યા છે. કેટલીય અમેરિકન-પોલિશ બખ્તરબંધ ગાડીઓ નષ્ટ કરી છે.

રશિયાની જેપડ (પશ્ચિમ) અને ત્સેન્દ્ર (કેન્દ્ર) સેનાએ યુક્રેનના 11 જવાબી હુમલા નિષ્ફળ બનાવ્યા હતા. જેપડ ગ્રૂપ યુક્રેનના 440 સૈનિકોને ઠાર કર્યા હતા. જ્યારે યુગે (દક્ષિણ) ગ્રૂપે 350 સૈનિકોને માર્યા. આ ઉપરાંત ડોનેત્સ્ક ક્ષેત્રમાં ટ્રુડોવ અને સ્ટાર ટેની વિસ્તારોમાં રશિયાના લશ્કરનું નિયંત્રણ થઈ ગયું છે.

મંગળવારે મોસ્કોમાં કિરિલોવને એપાર્ટમેન્ટની બહાર ઉભા એક ઈલેક્ટ્રિક સ્કૂટરમાં છૂપાયેલા બોમ્બથી ઠાર કરાયા હતા. રશિયાની એજન્સીઓનું કહેવું છે કે આ હુમલો યુક્રેનની જાસૂસી સંસ્થાઓએ કરાવ્યો હતો. શંકાસ્પદ હુમલાખોર અને ઉઝબેકિસ્તાનના વતનીએ યુક્રેનની એજન્સીઓએ આ કામ માટે એક લાખ ડોલર અને યુરોપમાં સુરક્ષિત વસવાટનું વચન આપ્યું હતું. હુમલાખોરને મોસ્કોના એક ગામડામાંથી પકડવામાં આવ્યો હતો.

# દ.પેસિફિકમાં વનાઉઝ દ્વિપ સમુહમાં 7.2નો ભૂકંપ : 14ના મોત, મૃત્યુઆક વધવાની શંકા

**પોર્ટવિલા**

દક્ષિણ પેસિફિકનાં વનુઆઝ દ્વિપ સમુહમાં બુધવારે સવારે ૭.૩નો ભારે ભૂકંપ થયો હતો. પરંતુ તે ભૂકંપને પરિણામે સુનામી જાગ્યા ન હતા. જો કે પહેલા તે માટે ચેતવણી અપાઈ હતી, જે પછીથી પાછી ખેંચવામાં આવી હતી.

ભૂકંપને લીધે હજી સુધીમાં ૧૪ના મૃત્યુ નોંધાયા છે. પરંતુ મૃત્યુ આંક વધવાની આશંકા પૂરે પૂરી છે. તેટલું જ નહીં પરંતુ અસંખ્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે. તેમનો પણ આંક ઘણો ઊંચો જવાની ભીતિ રહેલી છે. મંગળવારે મોડી રાત્રે અને બુધવારે વહેલી સવારે લાગેલા આ પ્રબળ ભૂકંપને લીધે લોકો ગભરાઈ ગયા હતા. કેટલાયે લોકો મલબા નીચે દટાયેલા હતા. તેઓની બચાવો બચાવો ની ચીસો



હૃદય દ્રાવક બની રહી હતી. જો કે ભૂકંપ પછી બચાવ અને રાહતકાર્ય તુર્ત જ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ ધરતીકંપ છેક ૭૫ કિ.મી. ઉંડાઈએ શરૂ થયો છે. અને તે પાટનગર પોર્ટ વિલાથી ૩૦ કિ.મી. દૂર તેનું કેન્દ્ર બિંદુ હતું. આ ધરતીકંપ પછી આફટર શોક્સ પણ લાંબા સમય સુધી આવ્યા હતા તેથી લોકોમાં દહેશત વ્યાપી રહી હતી.

# પરસ્પર સ્નેહ અને પ્રેમ એ જ નાતાલનો સંદેશ




**આવી આનંદી નાતાલ, જન્મ્યો ખ્રિસ્ત પ્રભુ, ભુપાળ**

પ્રભુ ઈસુનો જન્મ દિવસ એટલે નાતાલ. જેને ક્રિસમસ કહેવામાં આવે છે. દર વર્ષે આ દિવસને સમસ્ત દુનિયામાં ઘણા જ આનંદથી ઉજવવામાં આવે છે.

પવિત્ર પુસ્તક BIBLE (બાઈબલ) માં જુના કરારમાં પ્રબોધક યશાયાહ કહે છે જે લગભગ 750 વર્ષ પહેલા કહ્યું હતું તેમ 'તે માટે પ્રભુ પોતે તમને ચિહ્ન આપશે. જુઓ કુમારી ગર્ભવતી થઈને પુત્રને જન્મ આપશે, અને તેનું નામ તે 'ઈમાનુએલ' પાડશે, એટલે "દેવ આપણી સાથે" આ આગાહી ખરેખર સાચી હતી ને સાચી પડી.

પ્રભુ ઈસુના જન્મની વધામણી નવા કરારમાં માથ્થીની અને લુકની લખેલી સુવાર્તામાં કહેવામાં આવી છે. તે વધામણા તો દુતો દ્વારા ત્રણ જ્ઞાની પુરુષોને અને ઘેટાપાળકોને આપવામાં આવ્યા. માથ્થીની સુવાર્તામાં દુતો દ્વારા જે કહેવામા આવ્યું કે 'અને તેને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે, કેમકે જે પોતાના લોકોને તેઓના પાપથી તારશે તે એ જ છે.' (માથ્થી 1:21)

કેટલો બધો આનંદનો એ દિવસ સમસ્ત દુનિયામાં જ્યાં જ્યાં ખ્રિસ્તી લોકો વસે છે તેઓ આ દિવસનો ઘણો પવિત્ર માને છે. ડિસેમ્બર મહિનાની શરૂઆતથી નાતાલનું ડેકોરેશન ઘરોમા જોવા મળે છે. ક્રિસમસ-TREE પણ શણગારવામાં આવે છે. બાળકોને આ દિવસ અને આખો મહિનો આંનદમય લાગે છે. કારણ કે, SANTA CLAUSE તેમના માટે ખાસ ભેટ લાવે છે.

આ નાતાલના દિવસને ખ્રિસ્તી લોકો પ્રાર્થના કરવા પ્રભુ મંદિરમાં જાય છે. એકબીજાને ભેટીને પ્રુભુ ઈસુને પ્રેમ પ્રગટ કરે છે. વિવિધ જાતની સ્વાદિષ્ટ મીઠાઈ અને અનેક વાનગીઓ આ દિવસે બનાવવામાં આવે છે.

પરંતુ ખરો આનંદ તો મહાન પિતાનો આભાર માનવાનો છે કે તેમણે સમસ્ત જગતને પ્રેમ કર્યો અને સ્વર્ગનો મહિમા ને ગૌરવ છોડીને આપણા માટે જન્મ્યા કે દરેક મનુષ્યને નવું જીવ મળે, અને આપણે દેવના છોકરા કહેવાઈએ. જો ઈશ્વરે આપણા પર એવો પ્રેમ રાખ્યો, તો આપણે પણ એકબીજા પર પ્રેમ રાખવો જોઈએ. એ જ નાતાલનો સંદેશો છે. પ્રભુ ઈસુનો પ્રેમ તો બિનશરતી અને નિસ્વાર્થ છે અને આ દિવસમાં પ્રાર્થના કરીએ કે સમસ્ત દુનિયામાં શાંતિ અને પ્રેમનું વાતાવરણ થાય. દરેક જરૂરિયાતમંદોને, ગરીબોને, અનાથ બાળકોને આપણે એક યા બીજી રીતે મદદરૂપ થઈએ તે જ નાતાલનો ખરો આનંદ છે.

ગુજરાતી ચર્ચ ઓફ કેનેડા

**પ્રભુ ઈસુનો પ્રેમ બિનશરતી અને નિશ્વાર્થ હતો નાતાલના પર્વે આપણે સમસ્ત દુનિયામાં પ્રેમનું વાતાવરણ સર્જાય તેવા પ્રયત્નો કરવા કટિબદ્ધ થઈએ.**

office.gujaratichurchofcanada@gmail.com

GUJARATI CHURCH OF CANADA

CHRISTMAS
WORSHIP SERVICE
YOU'RE INVITED



Dec 25

GUJARATI CHURCH OF CANADA
Christmas Celebration
11:00 AM Worship Service
Food, Celebration & Christmas Garba

Rev Mahendra Christi
363 Howden Blvd, Brampton, ON L6S 4L6
rev.mahendrachristi@gujaratichurch.org

Gujarati Church of Canada

In Him (Jesus), We have redemption through His Blood, the forgiveness of Sins - Ephesians: 1:7

All are welcome to attend the worship services prayerfully and be blessed



PLEASE CONTACT
Rev. Mahendra Christi-Pastor
416-948- 1757
Veena Navgiri - Secretary
Emmanuel Innocent-Treasurer
Email: mahendrachristi@hotmail.com
363 Howden Blvd., Brampton
ON, L6S 4L6.